વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન – વિશ્વ ઉમિયાધામ
₹ ૫૦-૦૦

# ઉમાસૃષ્ટિ

આસ્થા, એકતા અને શક્તિનું ધામ | ૦૧ માર્ચ,૨૦૨૩
એક વૈશ્વિક વિચારધારા

Vishv UMIYA Foundation

તંત્રી–ડૉ. પ્રભુદાસ પટેલ



## નવી દિશા... નવા વિચાર...













# સહકારથી સમગ્ર સમાજની સેવા

- નાગરીકો માટે જૂથ અકસ્માત વિમા યોજનાનો પુનઃ પ્રારંભ...
- પાક સહાય યોજનાનો અમલ...
- ટપક સિંચાઈ યોજનામાં આર્થિક યોગદાન...
- વાયર ફેન્સીંગ યોજનામાં ૪૦% સુધીની આર્થિક સહાય...
- ખેતીકામમાં ઉપયોગી તાલપત્રીઓનું રાહત દરે વિતરણ...
- જમીન ચકાસણી લેબ તથા સ્પાઈસીસ લેબની નજીવા દરે ટેસ્ટીંગની સુવિધા...
- એ.સી. ભોજનાલયમાં શુધ્ધ અને સાત્વિક ભોજનની ઉત્તમ વ્યવસ્થા...
- માત્ર રૂા. ૧૦/- માં સારી ક્વોલીટીના ચા-નાસ્તાની સુવિધા...
- માર્કેટયાર્ડમાં ગરમીની સિઝનમાં ફ્રી છાસનું વિતરણ...
- જાહેર સ્થળોએ ઠંડા મીનરલ પાણીની સુવિધા...
- એમ્બ્યુલન્સ તથા ફાયરફાઈટરની ૨૪ કલાક સુવિધા...
- બ્રાહ્મણવાડા મુકામે ૩૦ એકર જમીનમાં અદ્યતન સુવિધાઓવાળા માર્કેટયાર્ડનો શુભારંભ...
- ઊંઝા તાલુકા તથા બજાર વિસ્તારના કુપોષિત બાળકોને દત્તક લઈ માનવતાનું કાર્ય

## જય સહકાર... જય કિસાન...

| વિષ્ણુભાઈ પટેલ | અરવિંદભાઈ પટેલ | દિનેશભાઈ પટેલ |
|---|---|---|
| સેક્રેટરી | વા. ચેરમેન | ચેરમેન |

તથા ડીરેક્ટર ગણ

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ઊંઝા

APMC UNJHA Since 1954
AGRICULTURAL PRODUCE MARKET COMMITTEE



Mayflower
WOMEN'S HOSPITAL

# The Cradle **of Care**

ENDOMETRIOSIS CLINIC

INFERTILITY AND ART CLINIC

OBSTETRICS/GYNECOLOGY

FETAL MEDICINE

GI SURGERY

COSMETOLOGY AND GYNEC-COSMETOLOGY

ANESTHESIA

RADIOLOGY

PEDIATRICS & NEONATAL CARE



**DR. SANJAY PATEL**

M.D. Diploma Endoscopy (Germany)
Endometriosis &
Gynaec Onco surgeon
Director



**DR. SMEET PATEL**

MBBS, MS. OBGYN
Endometriosis &
Gynaec Onco surgeon
Director



**DR. JAYA PATEL**

MBBS, DGO
Consultant Obstetrician
& Gynaecologist



**DR. RAVINA PATEL**

MBBS, DGO
Consultant Obstetrician
& Gynaecologist

+91-9898036701 hello@mayflowerhospital.com +91-79-27495001/02/03

"Mayflower House", Opp. - Police Helmet, Near Manav Mandir Temple, Drive-In Road, Ring Road Junction, Memnagar, Ahmedabad - 380052, Gujarat, India

Special NRI Season Offer
1st Dec. 2022 to 15th Jan. 2023

CELEBRATING 40 YEARS | GAJANAND® RETAIL

# દેશની યાદગીરી,
# ગજાનંદ મસાલા વગર અધૂરી

ફ્રી Silver Coin

**₹2501/- ની ખરીદી ઉપર 10 ગ્રામ ચાંદીનો સિક્કો**

**₹4501/- ની ખરીદી ઉપર 20 ગ્રામ ચાંદીનો સિક્કો**




## 100+ પ્રોડક્ટ રેન્જ

- કુમઠીલાલ કાશ્મીરી મરચું
- રેશમલાલ મરચું (રેશમપટ્ટી + કાશ્મીરી)
- પ્રીમિયમ મરચું
- તેજાલાલ મરચું (એકસ્ટ્રા હોટ)
- કર્ક્યૂવેદા હળદર (સેલમ + વાયગૉંવ)
- પ્રીમિયમ હળદર પાવડર
- પ્રીમિયમ ધાણાજીરું પાવડર
- પ્રીમિયમ ધાણા પાવડર
- સોર્ટેક્સ કલીન આખા મસાલા
- તેજાના
- આચાર મસાલા
- કાબુલી સ્ટ્રોંગ હીંગ
- ગપાટા સપાટા (રેડી ટુ ફ્રાય રેન્જ)
- ઇન્સ્ટન્ટ મિકસ
- આસામની પ્રીમિયમ ચા
- ફરાળી પ્રોડક્ટ્સ
- મુખવાસ
- નેચરલ સીડ્સ
- પ્રીમિયમ બ્લેન્ડેડ મસાલા
- પ્રીમિયમ ડ્રાય ફ્રુટ્સ
- કેમિકલ વગરનો નેચરલ દેશી ગોળ અને બીજુ ઘણું...

**એક્સક્લુઝિવ બ્રાન્ડ સ્ટોર્સ**

રન્નાપાર્ક, ઘાટલોડીયા : 63525 48504
મણિનગર : 99780 01025
જોધપુર-સેટેલાઈટ : 93136 68230
ન્યુ રાણીપ : 99989 63657
ગોતા : 88493 59397
સાંતેજ : 99255 91111

**આ ઓફર ગજાનંદ "મસાલા એન્ડ મોર" બ્રાન્ડ સ્ટોર પર જ ઉપલબ્ધ**

# ઉમા સૃષ્ટિ

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - વિશ્વ ઉમિયાધામ

આસ્થા, એકતા અને શક્તિનું ધામ | એક વૈશ્વિક વિચારધારા

**માર્ચ ૧, ૨૦૨૩**
**વર્ષ:** ૦૧ **અંક:** ૦૩ સળંગ **અંક:** ૦૩
**માલિક:** વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન
**March 1, 2023**
**Year :** 1, **Ank :** 3, **Conti. Ank :** 3
**Owner :** Vishv Umiya Foundation





**પ્રમુખ :** આર. પી. પટેલ
**President :** R. P. Patel



**મેનેજિંગ એડિટર :** ડો. પ્રભુદાસ પટેલ
**Managing Editor:** Dr. Prabhudas I. Patel

**પરામર્શકશ્રી**
**Consultant**





પદ્મશ્રી-ડો. કુમારપાળ દેસાઈ પદ્મશ્રી-દેવેન્દ્ર પટેલ
Padmashri-Dr. Kumarpal Desai Padmashri-Devendra Patel

| **સંપાદક મંડળ:** | **Editor Board :** |
|---|---|
| ડો. હર્ષદ પટેલ | Dr. Harshad Patel |
| ડો. અશોક પટેલ | Dr. Utpal Patel |
| ડો. ઉત્પલ પટેલ | Dr. Ashok Patel |
| ડો. રૂપલ પટેલ | Dr. Rupal Patel |

**સહસંપાદક :** ધવલ માંકડિયા **Co-Editor :** Dhaval Makadiya

**કલાનિર્દેશક :** રેખા ચાવડા **Art Director :** Rekha Chavda

**ફોટોગ્રાફી :** હાર્દિક પંચોલી
**Photography :** Hardik Pancholi



**લવાજમ :**
દેશમાં : આજીવન (૧૦ વર્ષ) રૂ. ૩૫૦૦
પાંચ વર્ષ : રૂ. ૨૦૦૦
વિદેશમાં : આજીવન (૧૦ વર્ષ) ૫૦૦ ડોલર
પાંચ વર્ષ : ૩૦૦ ડોલર
**Subscription Amount :**
For India : Life Time ( 10 Year) Rs. 3,500
5 Year : Rs. 2,000
For USA : Life Time (10 Year) 500 $
5 Year : 300 $



**ઈ-મેઈલ/e-mail:** editorumasrushti@gmail.com

**રજિ. ઓફિસ :**
વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - વિશ્વ ઉમિયાધામ, વૈષ્ણોદેવી મંદિરની સામે, એસ.જી.હાઈવે, જાસપુર રોડ, તા. કલોલ, જી.ગાંધીનગર, ગુજરાત-૩૮૨૭૨૧
**Regd. Office :**
Vishv Umiya Foundation - Vishv Umiyadham,
Opp. Vaishnodevi Temple, S.G. Highway, Jaspur Road,
Ta. Kalol, Dist. Gandhinagar, Gujarat-382721
www.vishvumiyafoundation.org
E-mail: info@vishvumiyafoundation.org
www.facebook.com/VishvUmiyaFoundation
Phone: +91 72020 80333 / 222



**મુદ્રક અને પ્રકાશક :**
**મુદ્રક:** અનિલ ડી. ગોંડલિયા - કેવલ ઓફસેટ, બી/૮, જે. કે. એસ્ટેટ, દૂધેશ્વર, અમદાવાદ. **પ્રકાશક :** ડો. પ્રભુદાસ આઈ. પટેલે વિશ્વ ઉમિયાધામ - જાસપુર, કલોલ, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
**Printer & Publishers :**
**Printed by** Anil D. Gondaliya - Keval Offset,
B/8, J. K. Estate, Dhudeshwar, Ahmedabad &
**Published by** Dr. Prabhudas I. Patel at Vishv UmiyadhamJaspur, Kalol, Gandhinagar


# અનુક્રમ




## કવર સ્ટોરી-૨૬

## ભાગવતનો ઉદ્દેશ અને તેનું મહાત્મ્ય

જે જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને વિનાશનો હેતુ છે તે તથા ત્રણે પ્રકારોનાં તાપોનો નાશ કરાવવાળા છે એવા સચ્ચિદાનંદ સ્વરૂપ ભગવાન શ્રીકૃષ્ણને અમે વંદન કરીએ છીએ...


૧૧ માતૃવંદના
૧૨ વેદોનો દિવ્ય સંદેશ
૧૩ શ્રી રામચરિત માનસ કથાસાર
૧૪ અંધકાર હોવો એ કોઈ સમસ્યા નથી, સમસ્યા એ છે કે પ્રકાશનો અભાવ છે
૧૫ કપરા સંજોગો પણ અનુકૂળ બની જશે


૧૭ શિક્ષણનો ઉદ્દેશ: ભૌતિક પરિવર્તન
૧૮ શરીરરૂપી યંત્રની યોગ્ય જાળવણી
૧૯ અનુભવાત્મક શિક્ષણ માટે વર્ગખંડની બહાર નીકળો!
૨૦ વેન ઘેર ઇઝ એ વિલ, ઘેર ઇઝ એ વે






૨૧ લાંબા બ્રેક પછી રનિંગ શરૂ કરનારાઓ માટે ખાસ ટિપ્સ
૨૩ સાસુ-વહુના કેવા સંબંધો પ્રભુને ગમે?
૨૪ મહિલાઓમાં સામાન્ય દેખાતાં લક્ષણો ગંભીર બીમારીનો સંકેત હોઈ શકે
૨૫ હિન્દુ લગ્ન કાયદો: મહિલા અને રદબાતલ લગ્ન
૨૯ પરિપક્વ વૃક્ષમાં સુધારા માટે પ્રયાસ કરવાના બદલે બીજથી જ ફેરફાર થવો જોઈએ
૩૦ માઉન્ટ એવરેસ્ટ! તને પરાજિત કર્યા વિના જંપીશ નહીં !





૩૨ શું મોબાઇલને પણ થાક નહીં લાગતો હોય?
૩૩ જેના માથે દેવું નથી તે જ સાચો અમીર છે
૩૪ પોતાના વિચારોને સાચી દિશા બતાવો
૩૭ બાલ સૃષ્ટિ
૩૮ દાતાશ્રેષ્ઠી
૪૦ પ્રવૃત્તિઓ
૪૪ સમાચાર
૪૬ વીયુએફ
૪૮ બોર્ડની પરીક્ષા આપતા પહેલાં આટલું જરૂર વાંચો

# પ્રમુખશ્રીનું નિવેદન



મહાદેવ અને શક્તિ એટલે મા પાર્વતી - મા ઉમિયા અને એટલે જ તે જગતજનની છે અને જ્યારે જગતજનની મા ઉમિયાના વિશ્વના ઊંચામાં ઊંચા શક્તિ મંદિરનું નિર્માણ જે ''નવમી અજાયબી'' સમાન થઈ રહ્યું હોય ત્યારે આસ્થા બિંદુથી ધર્મસ્તંભના દાતા બનીને સમગ્ર વિશ્વ જોડાય તો જ તે આધ્યાત્મિક ચેતનાનું ઊર્જામય ચુંબકીય કેન્દ્ર બની શકે.

જગતજનની મા ઉમિયાના મંદિર નિર્માણમાં સર્વ સમાજના પરિવારો ધર્મસ્તંભના દાતા બનીને સહભાગી બની શકે તે માટેની જાગરૂકતા વૈશ્વિક સ્તર સુધી પહોંચે તે માટે સંસ્થાએ શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞનું આયોજન તા. ૨૧ થી ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૩ સુધી અમદાવાદના સાયન્સ સીટી વિસ્તારમાં કરીને ભવ્ય સફળતા મેળવી છે. **ફક્ત ૨૧ દિવસમાં સમગ્ર વિશ્વમાંથી વિદેશી નાગરિકો સહિત ૧૧૬૦ જેટલા ધર્મસ્તંભના દાતાઓ જગતજનની મા ઉમિયાના મંદિર નિર્માણમાં આસ્થા કેન્દ્રથી જોડાઇ ચૂક્યા છે જે જગતજનની મા ઉમિયાનો સાક્ષાત્કાર છે.**

આજે આપણે ગૌરાન્વિત છીએ કે વિશ્વ ઉમિયાધામમાં ધાર્મિક - સામાજિક ક્ષેત્રના અનેક ઉદ્યોગપતિઓ, સમાજ શ્રેષ્ઠીઓ અને સમયદાતાશ્રીઓ પોતાના યથાયોગ્ય દાનથી, ઓજસ્વી ધર્માનુચાર્યો, મંડલેશ્વરો અને મહામંડલેશ્વરો, આધ્યાત્મિક ચેતનાથી, તેજસ્વી યુવા-યુવતીઓ પોતાની સમર્થ શક્તિઓથી અને રાજસ્વીઓ પોતાના રાજધર્મથી જગતજનની મા ઉમિયાનું મંદિર વિશ્વનું ટુરિઝમ ટેમ્પલ બનશે તેવા પ્રચંડ વિશ્વાસ સાથે જોડાયા છે. આ બધી જ પ્રતિભાઓનું મેઘ ધનુષ્ય વિશ્વ ઉમિયાધામમાં રચાયું છે, ત્યારે વિશ્વ ઉમિયાધામ માત્ર મંદિર ન રહેતાં શિક્ષણ, આરોગ્ય, સ્પોર્ટ્સ, કલ્ચરલ અને યુવા સશક્તિકરણનું ધામ બની રહેશે.

હે ધર્મપ્રેમી ભક્તો! જગતજનની મા ઉમિયાનો ૫૦૪ ફૂટ ઊંચો ગગનવિહાર નિર્માણ થઈ રહ્યો છે, તેના પાયાના પિલર બનવાનું સદ્ભાગ્ય કોઈ સાધર્મિકના જ નસીબમાં હોય છે. પાયાના પિલર એટલે ધર્મસ્તંભ. સાક્ષાત્ મા ભગવતી ઉમિયાજી આ ધર્મસ્તંભો ઉપર નિર્માણ થનારા ગર્ભગૃહમાં બિરાજમાન થશે. વર્ષો નહીં, સદીઓ સુધી ધર્મસ્તંભના સહયોગી દાતાશ્રેષ્ઠીઓને તેમની અનેક પેઢીઓ યાદ કરી ગૌરવ કરશે. **તો મિત્રો !... કરો નિર્ણય ને પુણ્યશાળી - ભાગ્યશાળી ધર્મસ્તંભના સહયોગી બની મા ઉમિયાના કૃપાપાત્ર બનો.**

શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞમાં સહયોગી થનાર તમામ યજમાન **દાતાશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ, દાતાશ્રીઓ, સ્વયંસેવકશ્રીઓ અને કોઈપણ સ્વરૂપમાં મદદરૂપ થનાર સર્વ કોઇનો આભાર અને અભિનંદન.**

## ૧૧૬૦ જેટલા ધર્મસ્તંભના દાતાઓ જગતજનની મા ઉમિયાના મંદિર નિર્માણમાં આસ્થા કેન્દ્રથી જોડાઇ ચૂક્યા છે

આધ્યાત્મિક ચેતના એ વિશ્વ શાંતિ અને વિકાસનો આધાર છે, તેના થકી વિશ્વભરમાં શાંતિ સ્થાપી શકાશે તેવા વિશ્વાસ સાથે સતત પ્રયત્નશીલ રહેતા આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પને સાકાર કરવાના અભિયાન અંતર્ગત ધાર્મિક તેમજ સામાજિક ક્ષેત્રે કાર્યરત એવી વૈશ્વિક સંસ્થા - વિશ્વ ઉમિયાધામ પણ કાર્યરત છે, ત્યારે...

**જગતજનની મા ઉમિયાના મંદિર નિર્માણમાં મારો પરિવાર પણ પાયાનો પિલ્લર બને** એવો ભાવ અને આસ્થા સમગ્ર વિશ્વના તમામ સમાજના પરિવારોમાં ઉજાગર થાય તે અંતર્ગત સર્વ સમાજને મંદિરના પાયાના પિલ્લર તરીકે જોડવા સંસ્થાએ શરૂ કરેલ અભિયાનમાં **૫૦ થી વધારે વિદેશી નાગરિકો સહિત વિશ્વભરના પરિવારો જોડાઈ રહ્યા છે.** જે ગૌરવ સમાન છે.

બ્રહ્માંડનું સર્જન શિવ અને શક્તિથી થયેલ છે. શિવ એટલે

**આર. પી. પટેલ**
**પ્રણેતા એવં પ્રમુખ**
**વિશ્વ ઉમિયાધામ - જાસપુર, અમદાવાદ**

# વિશ્વ ઉમિયાધામ સામાજિક સશક્તિકરણ કેન્દ્ર

## ૧૦૦ વીઘા જમીન એક હજાર કરોડનો સામાજિક પ્રોજેક્ટ

## "આસ્થા - એકતા અને ઊર્જાનું ધામ"



- સ્કીલ યુનિવર્સિટી
- છાત્રાલય
- સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ
- અદ્યતન હોસ્પિટલ
- ઉમાસૃષ્ટિ
- મેટ્રીમોનિયલ સર્વિસીસ
- ઉમાછત્ર
- સમાધાન પંચ
- કાનૂની માર્ગદર્શન
- ઉમા લગ્ન સંસ્કાર
- મેડિકલ સહાય
- નિઃશુલ્ક શિક્ષણ સહાય
- ગુજરાતી વિદ્યાર્થીઓને કેનેડામાં મદદ

## વિશ્વ ઉમિયાધામ - અમદાવાદમાં નિર્માણ થનાર - મંદિરની વિશેષતા - સુવિધાઓ

★ જગતજનની શ્રી ઉમિયા માતાજીનું વિશ્વનું સૌથી મોટું અને ૫૦૪ ફૂટ ઊંચુ મંદિર

★ જગત જનની મા ઉમિયાનું આસન જમીનથી ૫૧ ફૂટ ઊંચુ રહેશે.

★ દેવોના દેવ મહાદેવનું પારાનું વિશાળ શિવલિંગ, ગણપતિ દાદા તથા કાળભૈરવ મંદિરનું નિર્માણ.

★ અત્યાધુનિક ટેક્નિકલ પદ્ધતિથી મંદિરનું બાંધકામ તથા ધજા બદલવા માટે હાઈડ્રો મિકેનીકલ સિસ્ટમ.

★ ૩૦૦ ફૂટની ઊંચાઈ પર વ્યૂ ગેલેરી કે જ્યાંથી આજુબાજુના સમગ્ર વિસ્તારને નિહાળી શકાશે.

★ જગતજનની મા ઉમિયાના દર્શન માટે એસ્કેલેટર તથા વ્યૂ ગેલેરી સુધી લીફ્ટની વ્યવસ્થા.

★ મંદિરના મુખ્ય ખંડમાં એક સાથે પાંચ હજાર ભક્તો મા ઉમિયાના દર્શન કરી શકે તેવી સુવિધા.

★ મંદિરના ગ્રાઉન્ડ ફ્લોર ઉપર બે કરતાં વધુ વાતાનુકૂલીન સત્સંગ હોલનું નિર્માણ.

★ વિકલાંગ અને વૃદ્ધોને મા ઉમિયાના મંદિર ગર્ભગૃહ સુધી જવા માટે ટ્રાવેલેટર / એસ્કેલેટરની સુવિધા.

★ યાત્રીઓ તથા દર્શનાર્થીઓ માટે રહેવા - જમવાની ઉત્તમ વ્યવસ્થા તેમજ શોપિંગ માટે હાઈપર માર્કેટની વ્યવસ્થા.

★ વિશ્વમાં પ્રથમ વાર સ્પેશિયલ લાઈટિંગ ઈફેક્ટ દ્વારા આઠમ, પૂનમ, અગિયારસ અને રાષ્ટ્રીય તહેવારોના દિવસે અલગ-અલગ પ્રકારની રોશનીથી મંદિર ઝળહળતું થશે જેથી અમદાવાદના રહીશોને જે તે તિથિની જાણકારી મળશે.

★ સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર અને હિન્દુધર્મ મુજબ ગર્ભગૃહનું બાંધકામ.

★ સોનાના કળશથી મંદિરની ભવ્યતાનું નિર્માણ.

★ અદ્યતન ભોજનાલય તથા પ્લાસ્ટિક ઝોન ફ્રી પરિસર.

★ પાટીદાર ઇતિહાસનું ભવ્ય મ્યૂઝિયમ.

★ મંદિર પરિસરમાં વિશાળ બેઝમેન્ટ પાર્કિંગ.

★ મંદિર પરિસરની આજુબાજુ જળાશયનું આયોજન.

★ સંપૂર્ણ ગ્રીન અને એનર્જી એફિસિયન્ટ મંદિર પરિસર.

★ બાળકો માટે ચિલ્ડ્રન પાર્કની વ્યવસ્થા.

## તંત્રીલેખ



- ડો. પ્રભુદાસ પટેલ




**मातश्री उमियेतिनामललितं सिद्धिप्रदं कामदम्**
**उमियाफाउन्डेशनस्थितिकरं विश्वेप्रतिष्ठाप्रदम्**
**पटेलकुलभूषणं सुखकरं सहस्त्रसूर्येक्षणम्**
**शिलान्यासे विधौनिधि च कलश भूयात्सदा मंगलम्**

મા ઉમિયાનું નામ સુંદર, આનંદદાયક અને દરેક કાર્યમાં સિદ્ધિ અને વરદાન આપનારું છે, ઉમિયા ફાઉન્ડેશનને દીર્ઘકાલ ટકાવનાર અને વિશ્વમાં પ્રતિષ્ઠા આપનારું છે, પટેલોના કુળને સુખ આપનારું આભૂષણ છે, હજારો સૂર્ય સમાન કાંતિવાળું છે, શિલાન્યાસ અને નિધિકલશની વિધિમાં હંમેશાં મંગલ કરનારું થાઓ...

**- ડો. અજિત યાજ્ઞિક**

# શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય

સ્વર્ગાશ્રમ - ઋષિકેશ : તા. ૧૮-૨-૨૦૨૩, મહાશિવરાત્રી

આ લખાય છે ત્યારે હું હરિદ્વારથી ૪૦ કિ.મી. ઉત્તરમાં ઋષિ-મુનિઓની યોગનગરી ઋષિકેશના સામેના કિનારે સ્વર્ગાશ્રમમાં બાબા કાલી કામલીવાલા વાનપ્રસ્થ આશ્રમમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ (૧૪થી ૨૧ ફેબ્રુઆરી-૨૦૨૩)માં **આયોજક મિત્રોના આગ્રહથી કથાજ્ઞાનનો લાભ લેવા ઉપસ્થિત રહ્યો છું.**

આજે મહાશિવરાત્રીનો પાવન દિવસ છે. ભગવાન શિવનો મહામંત્ર ''ૐ નમઃ શિવાય''ની ધૂન ચારે બાજુ સંભળાઈ રહી છે. ચારે બાજુ ઊંચાં વૃક્ષોની હરિયાળી, હિલી એરિયા, **ભગીરથી મા ગંગાનો રમણીય કિનારો અને મનને હરી લે તેવું આહ્‌લાદક વાતાવરણ છે.**

જોગાનુજોગ અહીંની કથા જે દિવસે પૂર્ણ થાય છે તે જ દિવસે (૨૧ ફેબ્રુઆરી-૨૦૨૩) વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા શુકન મોલ પાસે, સાયન્સ સિટી વિસ્તાર - અમદાવાદમાં પણ વિશ્વમાં સૌથી ઊંચા (૫૦૪ ફૂટ) મા ઉમિયાના શક્તિમંદિર નિર્માણના સહયોગમાં પૂ. જિગ્નેશ દાદાના શ્રીમુખે ભાગવત સપ્તાહ પારાયણ શરૂ થઈ રહ્યું છે. **આ સંજોગોમાં ભાગવત કથા મહાત્મ્ય અહીં રજૂ કરવાનો મનોરથ સેવ્યો છે.**

મિત્રો! ભાગવત કથા એ જ્ઞાનનું અમૃત છે. પિતૃઓના મોક્ષ અને સદ્‌ગતિની કથા છે ● માનવ જીવનના ઉધ્ધારની કથા છે ● ભગવાનના અવતારો અને તેમની લીલાઓની કથા છે ● શાપ-અભિશાપ અને તેના નિવારણની કથા છે ● મૃત્યુ અને મોક્ષની સમજણની કથા છે ● ભૂલેલા અને ભટકી ગયેલાને પાછા વાળવાની કથા છે ● જ્ઞાન અને ભક્તિની કથા છે ● બુદ્ધિ-તર્ક અને શ્રદ્ધાની કથા છે ● સંપૂર્ણ શરણાગતિની કથા છે ● સંસારીઓએ સંસારમાં કેમ રહેવું એની કથા છે ● જીવનને દિશા અને પ્રગતિ આપવાની કથા છે.

ટૂંકમાં, **પુત્રેષણા, વિત્તેષણા અને લોકેષણા - આ ત્રણેય એષણામાંથી મુક્ત થઈ સંપૂર્ણ શરણાગતિનો માર્ગ જ માનવ જીવનને સાર્થક કરે છે. મૃત્યુ તો છે જ, તેને સુધારવાનું શીખવે છે. ભાગવત કથા શ્રવણ આ લોક અને પરલોક બંનેને સુધારે છે.**

પાંડવોના વંશજ રાજા પરીક્ષિતને મળેલા શાપ (સાત દિવસમાં તક્ષક નાગના ડંશથી મૃત્યુ)માંથી મુક્તિ-મોક્ષ માટે શુકદેવજી ઋષિએ વર્ણવેલી કથા એ શ્રીમદ્ ભાગવત કથા છે. દરેક હિન્દુ માત્રએ વેદ-ઉપનિષદ-પુરાણ ન વાંચે તો કંઈ નહીં, પણ **ભાગવત કથા શ્રવણ-મનન-મંથન અવશ્ય કરવું જોઈએ. તેનાથી તેના જીવનના બધા જ પ્રશ્નોનું નિરાકરણ મળી જશે.**

મૃત્યુ આ જીવનનું અનિવાર્ય સત્ય છે. તેને અપનાવવું જ રહ્યું. **'जातस्य हि ध्रुवो मृत्यु'** જે જન્મે છે તે તમામ મૃત્યુ પામે છે. આ મૃત્યુને મોક્ષમાં કેવી રીતે ફેરવવું તે ભાગવત આપણને શીખવે છે. જીવનના છેલ્લા શ્વાસ સુધી સંસારમાં લોભ- મોહ- માયા- અભિમાન- એષણાઓ- ઈચ્છાઓ- જીજીવિષા રહી જાય તો તે મૃત્યુ છે... **અને જીવનના છેલ્લા શ્વાસ પહેલાં ઉપરની બધી જ બાબતો છૂટી જાય તો તે મોક્ષ છે. એવું સંતોના સમર્થન સાથે આ લખનાર માને છે.**

બાકી તો ભજ ગોવિંદમ્‌માં આદિ શંકરાચાર્ય કહે છે:

अंगम गलितं, पलितं मुण्डम्
दशन विहिनं जातं तुण्डम्
वृद्धौ याति गृहित्वा दण्डम्
तदपि न मुच्यति आशा पिण्डम्

અર્થાત્ અંગો ગળી ગયાં છે, માથા ઉપર સફેદ પરિયાં આવ્યાં છે, મોંમાં દાંત રહ્યા નથી, વૃદ્ધ માણસ લાકડીના ટેકા સિવાય ચાલી શકતો નથી (તો પણ) **ધન-સુખ મેળવવાની આસામાંથી (માનવી) મુક્ત થઈ શકતો નથી.**

માટે હે પરમ ભક્તજનો!

આપણી લૌકિક યાત્રા પૂરી થાય અને આપણો તરાપો દુનિયાથી છૂટો પડી જાય તે પહેલાં ભાગવતને શરણે જોઈએ.

**श्रीकृष्ण शरणंमम्... श्रीकृष्ण शरणंमम्... श्रीकृष्ण शरणंमम्...**
**श्री उमिया शरणंमम्... श्री उमिया शरणंमम्... श्री उमिया शरणंमम्...**

**माणिक्यम्**

ઈંટ ભાગે ને રોડું થાય, વાસણ ગોબો પડે ને ભંગાર થાય, વસ્ત્ર ફાટે-તૂટે તો મસોતું થાય, છાપું વાસી થાય તો પસ્તી થાય, ઇમારત ભાંગી પડે તો ખંડિયેર થાય, પણ માણસ ભાંગી પડે ત્યારે શું થાય??

**ઉપાય છે ભગવાનની સંપૂર્ણ શરણાગતિ.**

**- ગુણવંત શાહ**

તંત્રી




Ankur Oil Industries, 'Corporate Office' Ratnaakar Nine Square, Block-B, Shop no. 1-6, Opp. ITC Narmada, Vastrapur road, Ahmedabad-380015

Business Inquiry No.: **+91 82382 38250**

Follow us on:

marshmallow

उन्नति
सबमर्सिबल पम्प

Unnati
Since 1969
SUBMERSIBLE PUMP

*"Together we can do it
Together we have always done it"*



ENERGY IS LIFE
BEE
CONSERVE IT

ISO 9001
BUREAU VERITAS
Certification

IS : 8034

## Unnati Pumps Private Limited

81, Amarnath Industrial Estate, Opp. Shayona Estate, Naroda Road, Ahmedabad - 380025. Gujarat, INDIA. Phone : 079-22203434 / 0128

Email : sales@unnatipumps.com Website: www.unnatipumps.com



**રામચંદ્ર પટેલ,**
લેખક જાણીતા કવિ, નવલકથાકાર, વાર્તાકાર, અને નિબંધકાર છે.

# માતૃવંદના



આ વિશ્વ - અંબર પરે કરું ઊર્ધ્વ દૃષ્ટિ તો
કંઠે દીપે કનક હાંસડી, મેઘ કુંડલા
ને અભ્ર વસ્રમહીં તારક લાખ મૌક્તિકો!
દેદિપ્ય દેહઃ પગ બે મરુ-અબ્ધિના સજ્યા.
છાતી અરણ્ય ઘનઘોર, ઊગે દગોમાં
આદિત્ય - સોમઃ ઝબક મુખ નિહારિકા.

હિંચોળું રોજ સીમ-ખેતર, પાટ હિંચકે
આરાધું મા, કનસરી જંગ પ્રાણપૂર્ણા !
દીવો કરું કરમહીં ધરું, ધાન્ય ડોડાં,
ને રોપું દાતરડું... પંખપશુ ઝળાંહળાં.
વ્યાપી જતું પરથમી ઋત, માટીમુદ્દા -
રેલાય જીવ... ક્ષણ સાંભળું પિંડભાષા.

ગૂંજી રહે ગગન... આદિમ રાશિકંગના,
પ્રાર્થું હું સ્વાતિ તપ, આદરું, માતૃવંદના. ■

# સંગઠનનાં મૂળ છ સૂત્રો

- **સમાજ માટે લડાઈ લડો...**
- **લડી ના શકો તો લખો...**
- **લખી ના શકો તો બોલો...**
- **બોલી ના શકો તો સાથ આપો...**
- **જો સાથ પણ ના આપી શકો તો -**
  **જે લડે છે... લખે છે... બોલે છે... એમને સહયોગ આપો.**
- **જો એ પણ તમારાથી ના થાય તો કોઈનું મનોબળ ના તોડો. કેમ કે ક્યાંક ને ક્યાંક કોઈ તમારા ભાગની લડાઈ લડી રહ્યા છે.**



**પ્રહ્લાદભાઈ કામેશ્વર**
લેખક ધાર્મિક સાહિત્ય સંપાદક,
શિક્ષણકાર અને ઊંચા ગજાના દાતા છે

# વેદોનો દિવ્ય સંદેશ

**न ता नशन्ति न दभाति तस्करो**
**नासामामित्रो व्यथिरा दधर्षति ।**
**देवांश्च याभिर्यजते ददाति च**
**ज्योगिताभिः सचते गोपतिः सह ॥**

**(ઋગ્વેદ ૬/૨૮/૩, અથર્વવેદ ૪/૨૧/૩)**



**ભાવાર્થઃ** જ્ઞાનદાન સંસ્કારનું સર્વશ્રેષ્ઠ દાન છે, કારણ કે ચોર તેને ચોરી શકતો નથી, કોઈ તેનો નાશ કરી શકતું નથી. તે સતત વધતું રહે છે અને લાખો લોકોને સ્થાયી સુખ આપે છે.

**સંદેશઃ** માનવી જેટલો સમજદાર છે તેનાથી વધુ તે અણસમજુ છે. પરમાત્માએ માનવીને એવું સુંદર મગજ આપ્યું છે, સમજવાની-વિચારવાની અને ચિંતન-મનન કરવાની એવી શક્તિ આપી છે કે આજે તે જાદુઈ પટારા જેવું કમ્પ્યૂટર બનાવી શક્યો છે. અનેક પ્રકારની શોધખોળોથી સુખ-સાધનોનો ઢગ ખડકી દીધો છે અને ક્યાંય અટકવાનું નામ લેતો નથી, પરંતુ જ્ઞાનનો સદુપયોગ કરવાની વિવેકબુદ્ધિ બહુ થોડા લોકોમાં હોય છે. મોટા ભાગના લોકો અણસમજુ છે અને **જે થોડા ઘણા સમજદાર છે તેમાંથી પણ મોટા ભાગના ચિંતન, ચારિત્ર્યની ભ્રષ્ટતા, આળસ અને પ્રમાદ તથા કુવિચારોના દુરાગ્રહમાં બૂરી રીતે ફસાયેલા છે.**

> **માતાઓ પોતાની જવાબદારીને સારી રીતે નિભાવે તો તે બાળકોના મનમાં સારા વિચારો જગાડવાની સાથે સાથે સામાજિક કુરિવાજો પ્રત્યે વિદ્રોહનાં બીજ રોપી શકે છે**

વિદ્વાનોનું એ કર્તવ્ય છે કે અજ્ઞાનરૂપી અંધકારમાં ભટકતા સમાજને જ્ઞાનના પ્રકાશથી સાચો માર્ગ બતાવે. કોઈને રૂપિયા, પૈસા, કપડાંલત્તા કે ખાવા-પીવાનું આપવું એ બરાબર છે, પણ તેનો પ્રભાવ ક્ષણિક હોય છે. જ્ઞાનનું દાન સર્વશ્રેષ્ઠ દાન છે. તેનાથી માનવીને સાચો માર્ગ મળે છે. આ એક સ્થાયી સંપત્તિ છે. **મનુષ્ય તેનો લાભ જીવનપર્યંત મેળવે છે અને સાથે સાથે સંપત્તિમાં પણ વૃદ્ધિ થતી જાય છે.**

સૌથી પહેલું જ્ઞાન માતાના ખોળામાંથી મળે છે. માતાના સ્નેહ, મમતા અને વાત્સલ્યથી લદાયેલ બાળક તેના આદેશને તરત જ માને છે. જો માતાઓ પોતાની જવાબદારીને સારી રીતે નિભાવે તો તે બાળકોના મનમાં સારા વિચારો જગાડવાની સાથે સાથે સામાજિક કુરિવાજો પ્રત્યે વિદ્રોહનાં બીજ રોપી શકે છે અને દેશને સ્વસ્થ, વિચારશીલ અને વિદ્વાન નાગરિક આપી શકે છે. **મહર્ષિ અરવિંદે શિક્ષણની પૂર્ણતા માટે પાંચ પાસાંઓ ઉપર ભાર મૂક્યો હતો.** તેનો સંબંધ માનવીની પાંચ મુખ્ય ક્રિયાઓ સાથે છે - ભૌતિક, પ્રાણિક, માનસિક, આત્મિક અને આધ્યાત્મિક. શિક્ષણનાં આ પાંચેય પાસાં પરસ્પર એકબીજાનાં પૂરક છે અને જીવનના અંતકાળ સુધીના માનવીના વ્યક્તિત્વને પૂર્ણતા આપે છે. આ પ્રકારના જ્ઞાનથી સદ્ગુણોમાં વધારો થાય છે અને **આચારવિચારના નિયંત્રણની સ્થાયી વ્યવસ્થા બને છે તેમજ મહામાનવ બનવાનો માર્ગ મોકળો થાય છે.**

જ્ઞાનથી માનવીની સમજદારી વધે છે. જો સમજદારી વધશે તો તેની અંદર ઈમાનદારી વધશે, ઈમાનદારી વધશે તો માનવીમાં જવાબદારી આવશે અને જવાબદારી વધશે તો બહાદુરી આવશે. ચારેય વસ્તુઓ એકબીજા સાથે જોડાયેલી છે. તેમના દ્વારા માનવીમાં એવી શક્તિ ઉત્પન્ન થશે કે તે અનીતિ સામે બાથ ભીડે, દુષ્પ્રવૃત્તિઓ, કુરિવાજો, કુસંસ્કારો અને કુવિચારોનો સમૂળગો નાશ કરવા માટે જીવન ન્યોચ્છાવર કરવા તૈયાર થઈ જાય અને **એક સ્વસ્થ તથા ઉન્નત સમાજના નિર્માણમાં આગળ પડતી ભૂમિકા ભજવે.**

જે બીજાઓને વિદ્વાન, સુશીલ અને સદાચારી બનાવવા માટે જ્ઞાનદાન કરે તે જ સાચો સાચો બ્રાહ્મણ છે. ■



સંપાદક : ડો. પ્રભુદાસ પટેલ

# શ્રી રામચરિતમાનસ કથાસાર

**રામજન્મ ભૂમિ અયોધ્યામાં ભગવાન રામચંદ્રજીનું મંદિર નિર્માણ થઈ રહ્યું છે ત્યારે ગોસ્વામી તુલસીકૃત 'રામચરિત માનસ' આધારિત કથાસાર અને ભગવાન રામચંદ્રની લીલાઓ તંત્રીશ્રીની કલમે.**



**પૂર્વકથાઃ** શ્રી રામચંદ્રજી જનકપુરીમાં નગરવાસીઓને દર્શન આપવા અનુજ લક્ષ્મણજી સાથે નીકળ્યા છે. નગરજનો શ્રી રામચંદ્રજીને જોતાં ધરાતા જ નથી. **સ્ત્રીઓ ઝરુખામાં ઊભી રહીને પ્રેમસહિત શ્રી રામચંદ્રજીના રૂપને જોઈ રહી છે.**

**હવે આગળઃ**

पुर पुरब दिसि गे होउ भाई
जहँ धनुमरव हित भूमि बनाई

સુંદર મુખ અને સુંદર નેત્રોવાળી સ્ત્રીઓનાં ટોળેટોળાં હૃદયમાં હર્ષિત થઈને ફૂલ વરસાવી રહ્યાં છે. જ્યાં જ્યાં બંને ભાઈ જાય છે, ત્યાં પરમ આનંદ છવાઈ જાય છે. બંને ભાઈ નગરની પૂર્વ દિશામાં ગયા, જ્યાં ધનુષયજ્ઞ માટે રંગભૂમિ બનાવવામાં આવી છે. **ચારેય બાજુ સોનાના મંચ બનાવેલા છે, જેના પર રાજાઓ બેસશે.**

शिशु सब राम प्रेमबस जाने
प्रीति समेत निकेत बरवाने

બધાં બાળકો આ બહાને પ્રેમને વશ થઈ શ્રી રામચંદ્રજીનાં મનોહર અંગોને અડીને પુલકિત થઈ રહ્યાં છે. શ્રી રામચંદ્રજીએ પણ બધાં બાળકોને પ્રેમ વશ યજ્ઞભૂમિની પ્રેમપૂર્વક પ્રશંસા કરી. **કોમળ, મધુર અને મનોહર વચન કહીને શ્રી રામચંદ્રજી પોતાના નાના ભાઈ લક્ષ્મણને યજ્ઞભૂમિની રચના બતાવે છે.**

निसि प्रबेस मुनि आयसु दिन्हा
सबहीं संध्याबंदनु किन्हा

ત્યાર પછી પરત આવી, રાત્રીનો પ્રવેશ થતાં મુનિએ આજ્ઞા આપી ત્યારે સૌએ સંધ્યાવંદન કર્યું. પછી શ્રેષ્ઠ મુનિએ જઈને શયન કર્યું. બંને ભાઈઓ ચરણ દબાવવા લાગ્યા. બંને ભાઈ જાણે પ્રેમથી જિતાયા હોય તેમ પ્રેમપૂર્વક **મુનિએ આજ્ઞા આપી ત્યારે શ્રી રઘુનાથજીએ જઈને શયન કર્યું.**

सकल सौच करि जाई नहाए
नित्य निषाहि मुनिहि सिर नाए

સવારે શૌચક્રિયા કરીને નાહ્યા પછી નિત્ય કર્મ સમાપ્ત કરીને બંને ભાઈઓએ મુનિને મસ્તક નમાવ્યાં અને પછી ગુરુની આજ્ઞા પામી બંને ભાઈઓ ફૂલ લેવા ચાલ્યા. તેમણે રાજાનો સુંદર બાગ જોયો. ત્યાં રંગબેરંગી ઉત્તમ લત્તાઓના મંડપ છવાયેલા છે. બાગની વચ્ચે રમણીય સરોવર સુશોભિત છે. **બાગ અને સરોવર જોઈ પ્રભુશ્રી રામચંદ્રજી ભાઈ લક્ષ્મણ સહિત હર્ષિત થયા.**

चहु दिसि चितई पूंछि मालीगन
लगे लेन दल फूल मुदित मन

ચારેય તરફ દૃષ્ટિ ફેરવીને અને માળીને પૂછીને તેઓ પ્રસન્ન મને પત્ર-પુષ્પ લેવા મંડ્યા. તે જ સમયે સીતાજી ત્યાં આવ્યાં. માતાએ એમને પાર્વતીજીની પૂજા કરવા માટે મોકલ્યાંહતાં. તેમની સાથે સર્વસુંદરી અને સમજુ સખીઓ છે. **સખીઓ સહિત સરોવરમાં સ્નાન કરી સીતાજી પ્રસન્ન મનથી પાર્વતી મંદિરમાં ગયાં.**

देखन बागु कुअंर दुई आए
बय किसोर सब भांति सुहाए

એક સખીએ બંને ભાઈઓને ફૂલ વીણતા જોઈ. તેણીએ આવીને કહ્યું - બે રાજકુમારો બાગ જોવા આવ્યા છે. તેમના સૌંદર્યને હું વર્ણવી શકતી નથી. **"વાણી નેત્ર વિનાની છે અને નેત્રોને વાણી નથી."** આ સાંભળી સીતાજીના હૃદયમાં મોટી ઉત્કંઠા જાગી. સખીનાં વચન સીતાજીને અત્યંત પ્રિય લાગ્યાં અને દર્શન માટે એમનાં નેત્ર અકળાઈ ઊઠ્યાં.

देखि सीय शोभा सुखु पावा
हृदयं सराहत बचनु न आवा

સીતાજીની શોભા જોઈને શ્રી રામચંદ્રજીએ ઘણું સુખ મેળવ્યું. હૃદયમાં તે શોભાની પ્રશંસા કરે છે, પરંતુ મુખથી વચન નીકળતાં નથી. જાણે બ્રહ્માએ પોતાની સર્વ નિપુણતાને મૂર્તિમાન કરીને સંસારને પ્રગટ કરીને દેખાડી દીધી હોય.

**વધુ આવતા અંકે...**

**(બાગમાં સીતાજીનું મિલન)**



**પૂજ્ય રમેશભાઈ ઓઝા**
લેખક સાંદીપનિ ગુરૂકુલના સ્થાપક,
મોટા ગજાના કથાકાર અને વિદ્વાન ભૂદેવ છે.

# અંધકાર હોવો એ કોઈ સમસ્યા નથી, સમસ્યા એ છે કે પ્રકાશનો અભાવ છે



વેદો... જે આપણા ભવિષ્યવેત્તાઓ છે અને ભારતના જે આર્ષદૃષ્ટા, જે મનીષીઓ છે, તેમણે પણ જે ભવિષ્યવાણી ભાખી છે તે અનુસાર હજુ આગામી સમય સંઘર્ષનો છે. સવારના પહોરથી માંડીને મોડી રાત સુધી હું અને તમે દોડાદોડી કરીએ છીએ. શા માટે? સુખ માટે... મારા જીવનમાંથી દુઃખ દૂર થાય અને **મને કેવળ સુખ મળે અને સુખ નિત્ય રહે, જતું ન રહે - એવી આપણી સૌની ઈચ્છા છે, આવી આપણા સૌની માગ છે તેથી દોડીએ છીએ.**

ઘણાએ સુખ પ્રાપ્ત કરી લીધું છે છતાં પણ એ લોકોના જીવનમાં એક ખાડો દેખાય છે. સંપત્તિ જોઈતી હતી, મેળવી... સંતતિ જોઈતી હતી, મેળવી... સત્તા હાંસલ કરી, છતાં પણ સંઘર્ષ થતો રહ્યો. હજુ જીવન સંઘર્ષ પૂરો તો ન જ થયો. આ સંઘર્ષમય જીવનમાંથી શાંતિનાં એંધાણ આપણને ક્યાં દેખાય છે? સંપત્તિ છે, સંતતિ છે, સત્તા છે છતાં શાંતિ નથી. એનું કારણ એ છે કે આપણા સૌનું જીવન સ્વાર્થ પરાયણ બની ગયું છે. એ **સ્વાર્થ પરાયણ જીવનને પરામર્શ તરફ દોરી જાય અને પરમાર્થના રસ્તે ચાલનારને પ્રભુ સુધી પહોંચાડે એવું સાધન તે શ્રીમદ્ ભાગવત.**

**એક જ ચિનગારીથી દીપ પ્રજ્વલ્લિત થઈ જાય છે, આપણે દીપનું પ્રાગટ્ય કરવાનું છે, જેવો દીપ પ્રગટે તેવું તેને વંદન કરો, કેમ કે દીપ પ્રાગટ્ય થતાં જ અંધકારની સમસ્યા આપમેળે જ સમાપ્ત થઈ જશે.**

સ્વાર્થ પરાયણ જીવનને પ્રભુ પરાયણ બનાવે, ભાગવત પરાયણ બનાવે, નારાયણ પરાયણ બનાવે એવું સાધન છે ૧૮ પુરાણોમાંનો એક શ્રીમદ્ ભાગવત. શાંતિની અનુભૂતિ માટે, શાંતિની પ્રાપ્તિ માટે આ નકારાત્મક માર્ગ છે એવું ન વિચારશો. ભગવાનને છોડીને અન્યત્ર ભટકશો તો તમને સાધનો મળશે અને આ સાધનો તમને સુખ જરૂર આપશે, પણ **શાંતિ આપવામાં સાધનો અસમર્થ નીવડ્યાં છે. સાધનો સુખ ભલે આપે, પણ સાધના વિના શાંતિ નહીં સાંપડે.**

કોઈ એમ કહેતું હોય કે 'આ શાગમૃગી વૃત્તિ છે'. આ સમસ્યાઓથી ભાગીને પ્રભુશરણે જવાની વાત છે, એ યોગ્ય નથી. સમસ્યાનાં સાચાં સમાધાન માટે પ્રભુને શરણે જવાની વાત છે. ભગવદ્ શરણે, ભગવદ્ ચરણે ગયા વિના સમસ્યાનું કાયમી અને સાચું સમાધાન સાંપડશે જ નહીં. **જ્યાં સુધી સ્વાર્થ પરાયણ જીવન, પરમાર્થ પરાયણ નહીં બને, પ્રભુ પરાયણ નહીં બને ત્યાં સુધી સમસ્યાઓનું સાચું સમાધાન સાંપડશે જ નહીં.**

જે લોકો બુદ્ધિશાળી છે, બુદ્ધિજીવીઓ છે, ભણેલા-ગણેલા છે તે એવી ટીકા કરતા રહ્યા છે કે રાષ્ટ્રની અંદર અત્યારે આટલી બધી સમસ્યાઓ છે, સમાજ આટલી સમસ્યાઓથી ઘેરાયેલો છે, એ સમયે બધાએ શાગમૃગી વૃત્તિ અપનાવી અને સમસ્યાઓથી મુખ ફેરવીને પણ હાથમાં મંજીરા લઈને કૂદવા માંડવાનું લોકોને શીખવાડી રહ્યા છે. આ નકારાત્મક માર્ગ છે. આવું કહેતા પહેલાં વિચાર કરજો. અંધકારને દૂર કરવાની મહેનત કરવી અમારી દૃષ્ટિએ નકારાત્મક માર્ગ છે. મારી દૃષ્ટિએ અંધકારની સમસ્યાને દૂર કરવા માટે દીપ પ્રજ્વલ્લિત કરવો એ સાચો અને હકારાત્મક માર્ગ છે. જો સમસ્યા જ નથી તો પછી માત્ર તે દેખાય છે તો પછી જે નથી તેનાથી ડરવાનું શા માટે? અંધકાર કોઈ સમસ્યા નથી, સમસ્યા એ છે કે પ્રકાશનો અભાવ છે. **અંધકારનું કોઈ સ્વતંત્ર અસ્તિત્વ જ નથી, પરંતુ તે પ્રકાશના અભાવને અંધકારનું આપણે નામ આપ્યું છે.**

તમે ઊંડાણપૂર્વક વિચારો કે પ્રકાશ વગર ત્યાં બીજું કંઈ જ નથી. પ્રકાશના અભાવનું નામ જ અંધકાર છે. એ જ રીતે અંધકારને મોટી સમસ્યા ગણીને **વિશ્વના કહેવાતા નેતાઓ આ અંધકારને ધક્કો મારીને દૂર કરવાની મહેનત કરે છે અને થાકી જાય છે અને તેઓ પોતાના પ્રયાસોમાં નિષ્ફળ નીવડે છે.**

એક જ ચિનગારીથી દીપ પ્રજ્વલ્લિત થઈ જાય છે. આપણે દીપનું પ્રાગટ્ય કરવાનું છે. જેવો દીપ પ્રગટે તેવું તેને વંદન કરો, કેમ કે **દીપ પ્રાગટ્ય થતાં જ અંધકારની સમસ્યા આપમેળે જ સમાપ્ત થઈ જશે.** ■



**બી. કે. શિવાની**
લેખિકા બ્રહ્માકુમારીઝ સંસ્થાના આધ્યાત્મિક વક્તા છે

# કપરા સંજોગો પણ અનુકૂળ બની જશે

**સવાર-સવારમાં આપણું મગજ એકદમ સ્વચ્છ હોય છે અને એ સમયે તમે તેમાં જે ભરશો તેનો પ્રભાવ તમારા આખા દિવસ પર થશે, કેમ કે એ માહિતી આત્માનું ભોજન છે અને પછી એ ગુણવત્તાના વિચારો આખો દિવસ ચાલે છે**

ગુસ્સો આપણો સ્વભાવ નથી. ગુસ્સો કરીને આપણને ક્યારેય સારું લાગતું નથી, પરંતુ આપણે વિચાર્યું કે ગુસ્સો કરીને કામ થઈ જશે તો ખુશી મળશે? આપણે વિચાર્યું હતું કે ખુશી બહારથી મળવાની છે. કંઈક કરીશું ત્યારે ખુશી મળશે અને ખુશ રહીને કામ કરીએ. એવું નહીં કે આમ કરશો તો શાંતિ મળશે, આ કરશો તો ખુશી મળે અને આમ કરવા માટે ગુસ્સો કરો. **આપણે જેટલો ગુસ્સો કરતા જઈએ છીએ, ખુશી એટલી ઓછી થતી જતી હોય છે.**

મનમાં કલ્પના કરો કે ભરેલો ગ્લાસ છે, હવે આખો દિવસ તેને લઈને ચાલવાનું છે. માત્ર ધ્યાન એટલું રાખવાનું છે કે ગ્લાસમાંથી થોડું-ઘણું પાણી પણ બહાર છલકાવું ન જોઈએ. એ જેવો સવારે ભરેલો હતો, એવો જ રાત્રે પણ ભરેલો હોવો જોઈએ. હવે જરા વિચારો કે આપણે સવારે જાગીએ છીએ તો મગજ એકદમ તાજું હોય છે, પરંતુ જેવો ગુસ્સો કરવાનું શરૂ કરીએ છીએ, દુઃખી થવાનું શરૂ થયું તો આ ભરેલો ગ્લાસ ધીમે ધીમે ખાલી થવાનું શરૂ થઈ જાય છે. આપણે વિચાર્યું હતું કે કંઈક કરીશું તો ગ્લાસ ભરાશે. સિક્રેટ એ હતું કે ગ્લાસ પહેલાથી જ ભરેલો હતો. **ધ્યાન માત્ર એટલું રાખવાનું છે કે ભરેલા ગ્લાસમાંથી કંઈ બહાર ન નીકળે. એટલે કે આપણે કામ કરવું અને કરાવવાનું છે.**



કોઈએ કહ્યું કે આપણે કેમ માફ કરીએ? તમારા મનમાં કોઈનું નામ છે, જેને તમે હજુ સુધી માફ કર્યો ન હોય... કોઈએ આપણને દગો આપ્યો છે, કોઈએ દુઃખી કર્યા હોય, આપણે એ વાત મનમાં રાખી છે. હવે જેટલા સમય સુધી એ વાતને મનમાં રાખશો તો તેની તકલીફ સામેવાળાને થશે કે આપણને? તમે મને કંઈક કહો અને હું એ વાતને પકડીને રાખું તો તેનાથી તકલીફ તમને થશે કે જેણે પકડી રાખ્યું છે તેને? વાતને છોડવામાં કેટલો સમય લાગે છે, છોડી કેમ નથી દેતા? કેમ કે આપણે કહ્યું કે તેની ભૂલ એટલી મોટી હતી કે માફ કરવા જ ન જોઈએ, કેમ કે આપણે વિચાર્યું હતું કે તેમને માફ કરવાના છે, માફ તેમને નથી કરવાના, આઘાત તો તમને લાગ્યો છે. તેમને માફ કરવા મુશ્કેલ છે, પરંતુ ખુદને માફ કરવા સરળ છે. માત્ર એક થૉટ તેમણે જે કર્યું તે કર્યું, તેમની પાસે તેનાં કેટલાંક કારણ હતાં. **હવે હું એ વાતને મારા મનમાં રિપિટ નહીં કરું. એ તમારા પર આધાર રાખે છે કે તમે તેને માફ કરો છો કે નહીં.**

પરમાત્માનું જ્ઞાન જ્યારે દરરોજ મળે છે તો વિચારવાની રીત બદલાઈ જાય છે. હું તમને એક વાત જણાવું છું. તમે સવાર-સવારમાં ટીવી પર ન્યૂઝ જોવાનું બંધ કરી દો. એ તમારી સાથે સૌથી મોટું ઈમોશનલ ટૉર્ચર છે. સવાર-સવારમાં આપણું મગજ એકદમ સ્વચ્છ હોય છે અને એ સમયે તમે તેમાં જે ભરશો તેનો પ્રભાવ તમારા આખા દિવસ પર થશે, કેમ કે એ માહિતી આત્માનું ભોજન છે અને પછી એ ગુણવત્તાના વિચારો આખો દિવસ ચાલે છે. **જો સારું વિચારવા માગો છો તો મગજમાં સારું ભરવું પડશે. પંદર મિનિટ સવાર-સવારમાં કંઈક સારું, શુદ્ધ, પાવરફુલ ભરો. આ છે પરમાત્માનું જ્ઞાન.** ■

# ધી મહેસાણા અર્બન કો-ઓપ. બેન્ક લિ. મહેસાણા

હેડ ઓફિસ : કોર્પોરેટ બિલ્ડીંગ, હાઇવે, મહેસાણા-૨. ફોન : ૦૨૭૬૨- ૨૫૭૨૩૩,૨૫૭૨૩૪ (મલ્ટીસ્ટેટ શિડ્યુલ્ડ બેન્ક)
Website : www.mucbank.com, Email : info@mucbank.com

## સને ૨૦૨૧-૨૨ ના આકર્ષક પરિણામો

**બેન્કના માનવંતા સભાસદો, ગ્રાહકો, ડીપોઝીટર્સના અતુટ વિશ્વાસ અને સહકારથી આપણી બેન્કની પ્રગતિમાં આગેકુચ બદલ... અભિનંદન**

**જ્વલંત સિધ્ધિ ચોખ્ખો નફો રૂા.૧૧૦/- કરોડને પાર...**

રકમ રૂા. કરોડમાં

| વિગત | તા. ૩૧/૦૩/૨૦૨૧ (ઓડીટેડ) | તા. ૩૧/૦૩/૨૦૨૨ (અન ઓડીટેડ) | વર્ષ દરમ્યાન વધારો રકમમાં | વધારો ટકાવારીમાં |
|---|---|---|---|---|
| કુલ ડીપોઝીટ | ૬૬૧૪.૫૫ | ૭૨૩૧.૬૮ | ૬૧૭.૧૩ | ૯.૩૩% |
| ધિરાણ | ૪૬૦૬.૯૯ | ૫૧૪૨.૦૦ | ૫૩૫.૦૧ | ૧૧.૬૧% |
| ગ્રોસ નફો | ૨૦૭.૭૪ | ૨૪૩.૬૮ | ૩૫.૯૪ | ૧૭.૩૦% |
| નેટ પ્રોફીટ | ૮૬.૭૮ | ૧૧૦.૨૫ | ૨૩.૪૭ | ૨૭.૦૫% |
| રોકડ તેમજ અન્ય બેન્કમાં બેલેન્સ તેમજ RBI બેલેન્સ | ૪૪૩.૨૪ | ૫૭૪.૫૮ | ૧૩૧.૩૪ | ૨૯.૬૩% |
| ગર્વમેન્ટ સિક્યોરીટી તેમજ અન્ય રોકાણો | ૨૪૫૧.૧૩ | ૨૫૯૦.૮૭ | ૧૩૯.૭૪ | ૫.૭૦% |
| શેર મુડી | ૩૧૦.૪૮ | ૩૪૧.૬૭ | ૩૧.૧૯ | ૧૦.૦૪% |
| રીઝર્વ તેમજ અન્ય ભંડોળ | ૫૫૧.૯૬ | ૭૨૧.૦૦ | ૧૬૯.૦૪ | ૩૦.૬૩% |
| ઇન્કમટેક્ષ જોગવાઇ | ૩૮.૪૦ | ૪૬.૫૦ | ૮.૧૦ | ૨૧.૦૯% |
| શાખાઓ | ૫૮ | ૫૮ | - | - |

- આપની થાપણો ડી.આઇ.સી.જી.સી. દ્વારા રૂા.૫/- લાખ સુધી સુરક્ષિત છે.
- બેન્ક દ્વારા તેના સભાસદો તેમજ સેવિંગ્સ/કરંટ ખાતેદારોને અકસ્માત વિમો રૂા.૫/- લાખ સુધીનો લીધેલ છે કોઇપણ જાતના પ્રિમીયમ લીધા સિવાય.
- જે ખાતેદારો, સભાસદોના KYC બાકી હોય તે જે તે શાખામાં અપડેટ કરાવવા વિનંતી.
- લોકર્સ ધરાવનાર વ્યક્તિએ, વર્ષમાં એક વખત લોકર ઓપરેટ કરવું જરૂરી છે.
- ડીપોઝીટ લોકર્સ ખાતેદારના વારસદારની નિમણુંક બાકી હોય તે કરાવી જવા વિનંતી.

**બેન્કનું નેટ NPA "0" (Zero)**

**શ્રી જી. કે. પટેલ**
ચેરમેન

**શ્રી કે. કે. પટેલ**
વાઇસ ચેરમેન

**શ્રી વિનોદકુમાર એમ. પટેલ**
ચીફ એક્ઝીક્યુટીવ

**બોર્ડ ઓફ ડીરેક્ટરશ્રીઓ**

શ્રી ચંદુભાઇ આઇ. પટેલ (સ્થાપક ચેરમેન)
શ્રી કાનજીભાઈ એસ. પટેલ
શ્રી ભાઈલાલભાઈ એમ. પટેલ
શ્રીમતી કોકીલાબેન એન. પટેલ
શ્રી ખોડાભાઈ એન. પટેલ (સ્થાપક મેને.ડીરેક્ટર)
શ્રી નરોત્તમભાઇ એસ.પટેલ
શ્રી કીરીટકુમાર બી. પટેલ
શ્રીમતી દીપીકાબેન આર. પટેલ
શ્રી ડૉ. અનિલભાઇ ડી. પટેલ
શ્રી બાબુભાઇ એ. પટેલ
શ્રી ઘનશ્યામભાઇ કે. પટેલ
શ્રી સોમાભાઇ બી. પટેલ (પ્રો.ડીરેક્ટર)
શ્રી અશોક કુમાર (એડીશનલ ડાયરેક્ટર)
શ્રી જીતેન્દ્રભાઇ પી.પટેલ
શ્રી અમૃતલાલ જી.પટેલ
શ્રી લક્ષ્મણભાઇ એસ. વણકર
શ્રી અલ્કેશભાઇ બી. પટેલ (C.A.પ્રો.ડીરેક્ટર)

તેમજ સમગ્ર અર્બન બેન્ક પરિવાર...

**ઉત્તમ, ઝડપી, વિનયી ગ્રાહક સેવા એજ અમારો ધ્યેય**



**મહેશ પટેલ**
લેખક શૈક્ષણિક પ્રવચન, ચર્ચા અને સ્પર્ધાના આયોજક છે.



# શિક્ષણનો ઉદ્દેશ: ભૌતિક પરિવર્તન

માણસની મુખ્ય ભૌતિક જરૂરિયાતો ખોરાક, શસ્ત્ર, કપડાં, દવા, મકાન, પરિવહન વગેરે છે. ભૌતિક વિકાસનો અર્થ આર્થિક સમૃદ્ધિ અને આર્થિક સમૃદ્ધિ એટલે ભૌતિક પદાર્થોના ઉત્પાદનમાં વૃદ્ધિ તથા વિવિધ જરૂરિયાતોને સંતોષવા નવા પદાર્થોનું ઉત્પાદન. છેલ્લાં બસો-ત્રણસો વર્ષમાં જેટલું ભૌતિક પરિવર્તન આવ્યું છે તેટલું પરિવર્તન તેની પહેલાં પાંચથી દસ હજાર વર્ષમાં પણ નહોતું. **હવે તો ત્રીસ વર્ષમાં એટલું પરિવર્તન આવે છે, જેટલું તેની પહેલાંનાં ત્રણસો વર્ષમાં આવ્યું હતું અને ભવિષ્યમાં આ પરિવર્તનની ઝડપ હજુ પણ વધતી રહેશે.**

ઔદ્યોગિક ક્રાંતિ પહેલાં દુનિયામાં પરિવર્તન એટલું ધીમું હતું કે જાણી પણ શકાતું નહોતું. કોઈ પણ જાતનું પરિવર્તન આવતાં ચાર-પાંચ પેઢીઓ વીતી જતી અને માણસને પોતાના જીવનમાં કોઈ પરિવર્તન આવ્યું હોય તેવું દેખાતું પણ નહોતું. માણસે ચક્રના

> **ભૌતિક સમૃદ્ધિની દૃષ્ટિએ ૨૦મી સદી પહેલાના અને પછીના ભારતમાં બહુ મોટો ફરક છે અને આ પરિવર્તનનું કારણ શિક્ષણ છે, ઉત્પાદન વધારવા માટે સતત નવી ટેક્નોલોજી વિકસાવવી પડે છે અને તેનો વધુ ને વધુ ઉપયોગ કરવો પડે છે**

ઉપયોગની શરૂઆત કરી પછી વર્ષો બાદ તેની ધક્કા ગાડી બનાવી હશે અને તેને ઘોડાગાડી કે બળદગાડીમાં ફેરવાતાં વર્ષો વીતી ગયાં હશે. એ ઘોડાગાડીમાં ઘોડાનું સ્થાન મશીને લીધું અને જોતજોતામાં તો માણસ પવનવેગે દોડવા લાગ્યો અને તે અવાજ કરતાં પણ વધુ ઝડપથી ઊડવા પણ લાગ્યો અને ચંદ્રને પણ અડી આવ્યો. માત્ર ભારતમાં જ નહીં, પણ સમગ્ર વિશ્વમાં છેલ્લા ઘણા સમયથી દરેક ભૌતિક જરૂરિયાતનું ઉત્પાદન વધ્યું છે. **ઉત્પાદન વધે એટલે સગવડો સમાજના સૌથી છેલ્લા માણસ સુધી પહોંચે અને દેશ આર્થિક રીતે સમૃદ્ધ થયો કહેવાય.**

આપણા દેશમાં અનાજ, કપડાં, મકાન, દવાઓ, વાહન વ્યવહારનાં સાધનોના ઉત્પાદનમાં સતત વધારો થઈ રહ્યો છે. નિઃશંકપણે કહી શકાય કે ભૌતિક સમૃદ્ધિની દૃષ્ટિએ ૨૦મી સદી પહેલાના અને પછીના ભારતમાં બહુ મોટો ફરક છે અને આ પરિવર્તનનું કારણ શિક્ષણ છે. ઉત્પાદન વધારવા માટે સતત નવી ટેક્નોલોજી વિકસાવવી પડે છે અને તેનો વધુ ને વધુ ઉપયોગ કરવો પડે છે. વિશ્વના જે પણ દેશો શૈક્ષણિક રીતે પછાત છે તેમણે પોતાની ભૌતિક જરૂરિયાતો પૂરી કરવા માટે શૈક્ષણિક રીતે વિકસિત દેશો પર આધાર રાખવો પડે છે. જે જેટલું પાછળ છે તેને તેટલી વધારે સહાય લેવી પડે છે. ભારતને પણ ભૌતિક રીતે સમૃદ્ધ કરવામાં વર્તમાન શિક્ષણ પદ્ધતિ કારણરૂપ છે તે વાતમાં કોઈ શંકા હોઈ શકે નહીં. હા, **ઘણા લોકો માત્ર 'અંગ્રેજો દ્વારા આપવામાં આવેલી શિક્ષણ પદ્ધતિ' કહીને તેનો વિરોધ કરતા હોય છે.**

અહીં એ પ્રશ્ન સ્વાભાવિક છે કે શું અંગ્રેજો પહેલાં આપણે ત્યાં શિક્ષણ નહોતું? હતું તે શું ખોટું હતું? **અત્યારે જે ભૌતિક પરિવર્તન થઈ રહ્યાં છે તે શું માણસને સાચી દિશામાં જ લઈ જઈ રહ્યાં છે? થઈ રહેલું પરિવર્તન વિકાસ છે કે પતન?**

સત્યને સમજવા માટે આપણે સૌથી પહેલાં તો 'મારું એટલે સારું' અને 'નવું નવ દિવસ, જૂનું જીવનભર'ની વ્યાખ્યા છોડવી પડે. માનસિકતા આપણને સત્ય જાણવા કે સ્વીકારવા દેતી નથી તે કહેવું અધૂરું છે. **સત્ય એ છે કે આવી દલીલ આપણે કરીએ તેનો અર્થ છે આપણે સત્યને જાણવા કે સ્વીકારવા તૈયાર જ નથી.**

અંગ્રેજો આવ્યા તે પહેલાં આપણે ત્યાં શિક્ષણ હતું, પણ તે શિક્ષણની દિશા અલગ હતી. તે વખતે શિક્ષણનો મુખ્ય વિષય ધર્મ હતો. ધર્મની દિશા આત્મા તરફની છે. માણસની અંદર તરફની મુસાફરી છે. **અત્યારે મુખ્ય વિષય વિજ્ઞાન છે. જેની દિશા પદાર્થ તરફ છે તે બહારની તરફ ગતિ કરાવે છે.** ■



**બી. વી. ચૌહાણ**
લેખક નવી ભોજન પ્રથાના હીમાયતી છે

# શરીરરૂપી યંત્રની યોગ્ય જાળવણી

**જેમના પેટ આગળ નીકળવા લાગે તે સૌ 'ગો-ડાઉન' છે. એટલે કે તેની શારીરિક પડતી શરૂ થઇ ગઇ છે, મકાન બની ગયા બાદ સફાઇની જ સવિશેષ જરૂર છે એમ શરીર બની ગયા બાદ પણ સફાઇની ખૂબ જ આવશ્યકતા છે**

મકાન બનાવીએ ત્યારે તેના બંધારણના ઘટકો જેવા કે ઇંટ, રેતી, સિમેન્ટ, પાણી વગેરે જથ્થાબંધ જોઈએ છે. મકાન બની ગયા બાદ હવે આ ઘટકોની જરૂરિયાત રહેતી નથી. મહિને-બે મહિને ડબલા-ડબલી, ફર્નિચર આઘું-પાછું કરી, ફ્લોરિંગ પર બિછાવેલ ચટાઈ હટાવીને થોડી વધુ સફાઈ કરીએ છીએ. છ મહિને કે વર્ષે દહાડે તમામ સામાન ફેરવી ખૂણે-ખાંચરેથી સફાઈ કરીએ છીએ. **એ આપણો અનુભવ છે કે રોજેરોજની સફાઈ, કચરા-પોતાં કરતા હોવા છતાં પણ આવી છમાસિક-વાર્ષિક સફાઈ વખતે ઘણો જ કચરો નીકળે છે.**

મકાનનો જો બિલકુલ ઉપયોગ કરવામાં આ આવે તો તે વધુ સારું રહેશે તેવું નથી. ઊલટાનું જલદી ખંડેર બની જાય છે. તે જ રીતે આપણે શરીરરૂપી યંત્ર પાસેથી યોગ્ય પ્રમાણમાં કામ લેતા રહેવું જોઈએ. જો કોઈ કામ ન રહેતું હોય તો હળવી કસરતો પણ નિયમિત રીતે કરતા રહેવું જોઈએ. નહીં તો બંધ મકાનની જેમ કે વણવપરાતા યંત્રની જેમ તે જલદી નકામું બની જશે. મકાન સ્થિર છે, તેના કોઈ ભાગનું હલન-ચલન થતું નથી. આથી ખાસ કચરો જમા થતો નથી, જેથી સફાઈની ઓછી જરૂર પડે છે. તેની સામે કોઈ પણ યંત્ર જોઈશું તો તેમાં તેના જુદા જુદા ભાગોનું હલનચલન છે, તે **હલનચલન માટે કંઈક ને કંઈક ઈંધણ-બળતણ વપરાય છે. આથી આ બળતણનો કચરો પણ ઉમેરાય છે, જેથી તેની વધુ સફાઈ જરૂરી છે. ઘસારો પણ લાગે છે, જેથી રિપેર-મેન્ટેનન્સની પણ વધુ જરૂર રહે છે.**

માનવ શરીરરૂપી યંત્ર ૨૨ થી ૨૫ વર્ષ સુધી બને છે - વૃદ્ધિ પામે છે. ત્યાં સુધી તેને બનાવનાર ઘટકો - ભોજન સ્વાભાવિક જ વધુ પ્રમાણમાં જોઈએ છે. વળી આ યંત્ર ચોવીસે કલાક કાર્યરત રહે છે, જેથી તેના 'સેલ'ની ભાંગતૂટ પણ સતત થયા કકરે છે.



તેથી તે ઘસારો પૂરવા માટે પણ વધારાના ભોજનની જરૂર પડે છે. શરીરના બંધારણ કાળ દરમિયાન બે હેતુસર ભોજનની જરૂર પડે છે: (૧) શરીરના નિર્માણ માટે, (૨) ઘસારાની પૂર્તિ માટે. **હવે જ્યારે બંધારણ પૂરુંથઈજાય છે ત્યારે એટલે કે ૨૫ વર્ષ બાદ માત્ર ઘસારા પૂરતા જ ખોરાકની જરૂર પડે છે.**

જેમ મકાન બંધાઈ ગયા બાદ મકાનમાં કંઈક તૂટ-ફૂટ થાય ત્યારે જ થોડો સિમેન્ટ-રેતી વગેરેની જરૂર પડે છે, બાકી સફાઈની જ સવિશેષ જરૂર રહે છે. આમ છતાં બંધાઈ ગયેલ મકાનમાં ઈંટો-રેતી-સિમેન્ટ નાખ્યા કરીએ તો તે મકાન રહેવાલાયક રહેતું નથી, પણ ગોડાઉન બની જાય છે. **તે જ રીતે ૨૫ વર્ષ બાદ જો ભોજનનું પ્રમાણ ઘટે નહીં તો આપણું શરીર પણ ગોડાઉન બની જાય છે.**

જેમના પેટ આગળ નીકળવા લાગે તે સૌ 'ગો-ડાઉન' છે. એટલે કે તેની શારીરિક પડતી શરૂ થઈ ગઈ છે. મકાન બની ગયા બાદ સફાઈની જ સવિશેષ જરૂર છે એમ શરીર બની ગયા બાદ પણ સફાઈની ખૂબ જ આવશ્યકતા છે. મકાન કે અન્ય યંત્રની સરખામણીમાં આપણું શરીરયંત્ર જીવંત હોય, ચોવીસે કલાક કાર્યરત રહેતું હોવાથી વધુ ઘસારો લાગે છે. જેથી ઘસારાના પ્રમાણમાં રોજેરોજ ભોજન આપવું જરૂરી છે જ. પરંતુ જેટલો ઘસારો તેટલા પ્રમાણમાં જ તે હોવું જોઈએ. વધુ શારીરિક કામ કરનાર મજૂર તથા ખેડૂતને વધુ ભોજનની આવશ્યકતા રહે છે. જ્યારે બેઠાડું જીવન જીવનાર, પથારીવશ રોગી કે કંઈ પણ કામ ન કરનાર વૃદ્ધોને ભોજનની આવશ્યકતા નહીંવત છે. **આમ છતાં જોવા મળે છે કે આવી વ્યક્તિઓ પણ ખા-ખા કર્યા જ કરે છે. તેને ભ્રમ છે કે ખાઈશું તો શક્તિ આવશે, પરંતુ તે વધુ અશક્ત બન્યે જાય છે.** ■



**પ્રો. ડો. અજિતસિંહ રાણા,**
લેખક શિક્ષણના અભ્યાસુ અને જાણીતા કોલમિસ્ટ છે

# અનુભવાત્મક શિક્ષણ માટે વર્ગખંડની બહાર નીકળો!



**શિક્ષણનો અર્થ હંમેશાં શાળા-કૉલેજમાં અભ્યાસ કરીને પરીક્ષા આપવી અને તેમાં પાસ થવું એવું નથી, વસ્તુઓ શીખવા અને મહાવરો કરવા, કુશળતા સુધારવા માટે વર્ગખંડની બહાર પણ એક મોટું વિશ્વ છે, દુનિયા પોતે સારા-ખરાબ અનુભવો આપતો એક વર્ગખંડ છે**

વર્ગમાં શિક્ષણની એકધારી પ્રવૃત્તિ વિદ્યાર્થી અને શિક્ષકો માટે કંટાળાજનક અને રોજબરોજની પ્રક્રિયા બની જાય છે. આપણે વર્ગખંડમાં જે શીખીએ છીએ એનો વિદ્યાર્થીઓ રોજબરોજના વ્યવહારમાં એ જ્ઞાનનો કેટલો ઉપયોગ કરી શકે છે? જેમ કે ત્રિકોણમિતિ શીખેલ વિદ્યાર્થી સંસ્થાના મેદાનમાં આવેલ વૃક્ષના પડછાયાના આધારે એની ઊંચાઈ શોધી શકે? ગણિતના પાઠમાં ભાષા શીખી શકે? ગુજરાતમાં બિંદુ-પાર્થેશ (મારી શાળા, રાજપુર) જેવા **ઘણા ઓછા પ્રયોગશીલ શિક્ષકોએ એવા પાઠો વિકસાવ્યા છે, જેમાં વર્ગખંડના બહારના શિક્ષણની કોઈ એક પ્રવૃત્તિ દ્વારા એકસાથે ઘણા વિષયો શીખી શકાય.**

એ કહે છે, અભ્યાસમાં ઘણે ભાગે શિક્ષણનાં બિંદુઓ વ્યવહાર નિરપક્ષ હોય છે. કેટલીક વાર કોઈએ વ્યવહાર સાથે જોડાવાનો પ્રયત્ન પણ કર્યો છે, પરંતુ વ્યવહારમાં શિક્ષણ ક્યાં છે તે સમજવું વધુ જરૂરી છે. આસપાસમાં જોવા મળતી સાઇકલ એક સરસ ઉદાહરણ છે. જેની સાથે ઉચ્ચાલનના બધા નિયમો સમજી શકાય. નિયમથી સાઇકલ સુધી પહોંચવા કરતા સાઇકલથી નિયમ સુધી પહોંચવુ વધુ શૈક્ષણિક છે. કડિયાકામ કરનાર કારીગર ૩-૪-૫નું માપ લઈને કાટખુણો બનાવતી વખતે પાયથાગોરસને તે ક્યાં જાણે છે? વર્ગખંડની દીવાલોની સીમાની બહાર થતા શીખવાના અને શીખવાના અનુભવો વિદ્યાર્થીઓ અને પ્રશિક્ષકો બંને માટે ઘણા લાભોની લહાણી કરે છે. વિદ્યાર્થીઓ કે જેઓ વર્ગખંડની બહાર શીખવાના અનુભવોમાં જોડાય છે તેઓ ઉચ્ચ સ્તરની પ્રેરણા મેળવે છે. **તેઓ અભ્યાસક્રમની સામગ્રીને વધુ આબેહૂબ રીતે યાદ કરે છે અને વર્ગમાં શૈક્ષણિક પ્રદર્શનમાં સુધારો કરે છે.**

વર્ગખંડની બહાર શીખાના અનુભવો એ પ્રાયોગિક શિક્ષણનું સ્વરૂપ છે. આ અનુભવોના મૂળમાં 'અનુભવ એ શ્રેષ્ઠ શિક્ષક છે' એ સરળ સિદ્ધાંત રહેલો છે. આ માળખા હેઠળ વર્ગખંડની બહાર શીખવું એ એક સક્રિય પ્રક્રિયા છે. જેમાં વિદ્યાર્થીઓ અધિકૃત સમસ્યાઓનો સામનો કરે છે. નવીન પૂર્વધારણાઓ રચે છે, વાસ્તવિક ઉકેલો માટે પરીક્ષણ કરે છે અને તેમની આસપાસના વિશ્વને સમજવા માટે અન્ય લોકો સાથે વાર્તાલાપ કરે છે. જ્યારે આપણે આ કરીએ છીએ, ત્યારે **આપણે સમગ્ર વિશ્વનો સામનો કરીએ છીએ અને બહુવિધ પદ્ધતિઓમાં જોડાવા માટે ફરજ પાડવામાં આવે છે. પ્રાયોગિક ધોરણે શિક્ષણ સ્વાભાવિક રીતે આંતરશાખાકીય છે.**

શિક્ષણનો અર્થ હંમેશાં શાળા-કૉલેજમાં અભ્યાસ કરીને પરીક્ષા આપવી અને તેમાં પાસ થવું એવું નથી. વસ્તુઓ શીખવા અને મહાવરો કરવા, કુશળતા સુધારવા માટે વર્ગખંડની બહાર પણ એક મોટું વિશ્વ છે. દુનિયા પોતે સારા-ખરાબ અનુભવો આપતો એક વર્ગખંડ છે અને બદલામાં અનુભવોને આધારે શાણપણ પ્રાપ્ત થાય છે. એવી ઘણી વસ્તુઓ છે, જે લોકો વર્ગખંડના અભ્યાસ સિવાય શીખે છે અને મહાવરો કરે છે, જેમ કે શોખ, કૌશલ્ય વિકસાવવું, અભ્યાસેત્તર પ્રવૃતિઓ, રમતગમત, સાહસ કરવું વગેરે. **આ માટે વર્ગખંડની બહાર વધુ સારું, અલગ, તાજું અને આકર્ષક વાતાવરણ છે.**

આમ વર્ગખંડની બહારનું શિક્ષણ એ શીખવાની અનૌપચારિક રીત છે, જેનાથી સારા વર્તનનો વિકાસ થાય છે. વ્યક્તિને પ્રેરિત કરે છે અને તેના આંતરિક આત્માને પ્રેરણા આપે છે. **વિવિધ સ્તરે પડકારો આપે છે અને વ્યક્તિને તે સ્વીકારવાનું અને તેને પહોંચી વળવા પ્રદર્શન કરવાનું શીખવે છે અને વર્ગખંડની બહાર શીખવું એ જીત અને હાર કરતાં વધુ મહત્ત્વનું છે.** ■



**ડૉ. ભરત ભગત**
લેખક શિક્ષણવિદ અને જાણીતા કોલમિસ્ટ છે

# વેન ધેર ઇઝ એ વિલ, ધેર ઇઝ એ વે




'અમારા ફ્લૅટની સામે બંધાતા બે ટાવર માટે કામ કરતા મજૂરો અને એમનાં નાગાંપૂગાં ભૂલકાંઓને અમે અમારી બાલ્કનીમાંથી રોજ જોતા. અમે જોતાં એમની દુ:ખદાયી જિંદગી. આખા દિવસની કાળી મજૂરી પછી મળતો સૂકો રોટલો, ધૂળ, રેતી, ઈંટ, સિમેન્ટમાં વિસરાતું ભૂલકાંઓનું શૈશવ... અમે જોતાં એ ભૂલકાંઓનું અંધકારમય ભવિષ્ય, જેથી અમારા હૃદયમાં પીડા અને મનમાં ઉદાસી વ્યાપી જતાં. **૨૧મી સદીમાં આ નિરક્ષર બાળકોનું શું થશે તેની ચિંતા કાળજાને ઘેરી વળતી.**

હૃદયની વેદના કેમ દૂર કરવી એની સતત મૂંઝવણ. શું કરવું, કેમ કરવું, ક્યાં કરવું... એવા અસંખ્ય સવાલોના જવાબો અમારી પાસે નહોતા. મને અને મારી પત્નીને સમજાયું હતું કે સ્વયંની આ વેદના દૂર કરવા સ્વયંને જલાવીને જ દૂર કરી શકાશે. અમને એ પણ સમજાયું કે આ બાળકોને અક્ષરજ્ઞાન આપીશું તો ઉજાસનાં થોડાં કિરણો તેમના જીવનમાં જરૂર પ્રગટશે. હું ખાનગી કંપનીમાં નોકરી કરું અને મારી પત્ની શિક્ષિકા. એટલે અમને અમારી મર્યાદાઓની જાણ હતી, પરંતુ **એ ખબર પણ હતી કે સૂર્ય બની સારી દુનિયાને ઉજાળવાની અમારી શક્તિ કે લાયકાત નથી, પણ આગિયા બની રોશનીનું કિરણ પ્રગટાવવાની તમન્ના તો અમને જરૂર છે.**

એક દિવસ અમે એ બિલ્ડર પાસે પહોંચી ગયા અને વિનંતી કરી કે અમને એક ખૂણો આપો તો અમે આ બાળકોને ભણાવીએ. અમે એમને અમારા કાર્ય માટે રાજી કરી શક્યા નહીં. આમ અમારી શરૂઆત જ નિષ્ફળતાથી થઈ.' **હરેશભાઈ ત્રિવેદીએ પોતાનાં અદ્‌ભુત કાર્યોની યાત્રા આટલા પ્રારંભિક શબ્દોથી કરી.**

> **શુદ્ધ ભાવ, સત્યનિષ્ઠા સાથે અત્યંત પરિશ્રમથી શરૂ કરેલું કાર્ય જ્યારે અપેક્ષા મુજબ પરિણામ ન આપે ત્યારે માનવી થોડો હતાશ થાય અને ક્યારેક કામ છોડી દેવાની વૃત્તિનો શિકાર પણ બને**

મારું માનવું છે કે શુદ્ધ ભાવ, સત્યનિષ્ઠા સાથે અત્યંત પરિશ્રમથી શરૂ કરેલું કાર્ય જ્યારે અપેક્ષા મુજબ પરિણામ ન આપે ત્યારે માનવી થોડો હતાશ થાય અને ક્યારેક કામ છોડી દેવાની વૃત્તિનો શિકાર પણ બને, પરંતુ કેટલાક વીરલા એવા હોય છે કે જે હારવા-થાકવાને બદલે પોતાના પ્રયત્નોનું પૃથક્કરણ કરી નવો માર્ગ કંડારવા આગળ વધતા રહે છે. **શ્રીમતી જિતાબહેન અને હરેશભાઈ ત્રિવેદી એક એવું દંપતી છે કે જેમણે સ્વયંના ભોગે સમાજ માટે ચિરાગ પ્રગટાવવાનું કાર્ય અનેક મુશ્કેલીઓ વચ્ચે પણ કર્યું છે.** આગળની યાત્રા હરેશભાઈના શબ્દોમાં માણીએ:

'વંચિત બાળકોને ભણાવવાનું નક્કી કર્યું એટલે ૨૦૦૫માં વિદ્યાભારતી ફાઉન્ડેશનની સ્થાપના કરી હતી. શિક્ષણનું કામ કરવું હતું એટલે 'વિદ્યા' અને ભારતીય સંસ્કૃતિથી કામ કરવું હતું એટલે 'ભારતી' - એમ બે શબ્દો ઉપરથી વિદ્યાભારતી ફાઉન્ડેશનનું નામકરણ કર્યું. શિક્ષણ માટે કેવી રીતે આગળ વધવું તેની સ્પષ્ટતા નહોતી એટલે વિકલ્પ સ્વરૂપે બાળપ્રવૃત્તિઓનો આરંભ કર્યો, **જેમાં બાળફિલ્મ મહોત્સવ, લર્નિંગ ડિસઓર્ડર અંગે વાલીઓમાં જાગૃતિ, કાઉન્સેલિંગ, એટિટ્યુડ ટેસ્ટ તેમજ કેરિયર કાઉન્સેલિંગ વગેરે કાર્યક્રમો શરૂ કર્યા.'**

આજે ગુજરાતના વિવિધ વિસ્તારોમાં ૨૫ ગ્રામ્ય સરકારી શાળાના ૧૨૦૦થી વધુ વિદ્યાર્થીઓને પૂરક શિક્ષણ આપી શિક્ષણમાં ઊંચા સ્તરે લઈ જવામાં આવે છે. એમની કાર્યપદ્ધતિમાં પહેલું કામ છે શિક્ષકોની તાલીમ, એમની શિક્ષણ પદ્ધતિનું મોનિટરિંગ અને વિદ્યાર્થીઓના વિકાસ ઉપર સતત ધ્યાન. પોતે અવારનવાર આ શાળાઓમાં જાય અને જરૂર પડે ત્યાં સુધારા કરી બાળકોના વિકાસમાં વૃદ્ધિ થાય તે જુએ છે. **શિક્ષણ ઉપરાંત ચારિત્ર્ય ઘડતર, સાથે સર્વાંગિ વિકાસ તેમનો પાયો છે. આ સાથે અમદાવાદમાં પણ એમનું 'સવેરા શિક્ષણ કેન્દ્ર' તો ચાલી જ રહ્યું છે.**

હરેશભાઈ અને જિતાબહેન માને છે કે અમે કેટલા સુધી પહોંચ્યા એના કરતાં કેટલું પરિવર્તન લાવી શક્યા એ અગત્યનું છે. દિલ કંપાવનારી જ્યોતિની વાત સાંભળીએ: 'જ્યોતિ હવે બાર વર્ષની દીકરી નહોતી. વગર જન્મે એ પાંચ છોકરાની મા હતી. પાંચ મહિનાના અજયને કાંખમાં લઈ એ કચરો વીણવા જાય, ઘેર આવી રોટલા ઘડી, માનો પ્રેમ આપી બધાને જમાડે. જ્યોતિ સિવાય બીજાં બધાં છોકરાંઓની હાલત કંઈ વધારે સારી નહોતી. આ વાસ્તવિકતા જોઈ આ દંપતી કરુણાથી ઊભરાઈ ગયું, પણ એ બેસી ના રહ્યું, પરંતુ એમના પ્રયાસોથી આજે અગણિત બાળકો શિક્ષિત થયાં છે. ફૂટપાથ પર રખડતી એક બાળકી 'વાલી' અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરે છે. ઉપરાંત ઉચ્ચ શિક્ષણ માટે નવઘણને બી.ટેક્. અને મિહિરને બી.સી.એ. માટે આર્થિક સહાય કરે છે. કોરોના કાળ દરમિયાન બાળકોનું શિક્ષણ ન બગડે તે માટે આ સંસ્થા દ્વારા હાઈસ્કૂલની ફી ભરવામાં આવતી અને **ગ્રામ્ય વિસ્તારની શાળાઓના શિક્ષણમાં બે વર્ષના જે ખાડા પડ્યા તેમાં પૂરક બની શક્ય તેટલું યોગદાન આપવામાં આવ્યું છે.**

**મધ્યમ વર્ગના પરિવારનું આ દંપતી સહુને દિશાદર્શન કરાવે છે કે તમારી અંદર સત્કાર્ય માટે આગ લાગી હોય તો પૈસા વિના કામ અટકશે નહીં.** ■

# શિક્ષણ સૃષ્ટિ



**સપના વ્યાસ**
લેખિકા વેઇટ મેનેજમેન્ટ સ્પેશિયાલિસ્ટ છે

# લાંબા બ્રેક પછી રનિંગ શરૂ કરનારાઓ માટે ખાસ ટિપ્સ

તમે નિયમિત રીતે રનિંગ કરતા હો, પણ ઈજા, આળસ કે પછી બીજી જવાબદારીઓને લીધે જો બ્રેક લેવો પડ્યો હોય તો એને ફરીથી શરૂ કરવાનું શક્ય છે. યોગ્ય પ્લાનિંગ અને ધીરજની મદદથી તમે તમારા રનિંગ રૂટિનને ફરીથી ટ્રેક પર લાવી શકો છો.

**કઈ રીતે ફરી શરૂ કરવું રનિંગ?**

લાંબા બ્રેક પછી ફરીથી રનિંગ શરૂ કરવાની પ્રક્રિયા થોડી મુશ્કેલ છે. આ પ્રક્રિયા શરૂ કરતા પહેલાં થોડું આયોજન કરી લેવું જોઈએ, જેથી શરીરને ઓવરટ્રેનિંગનો ભાર ન લાગે, કારણ કે ઓવરટ્રેનિંગથી ઈજા થવાની શક્યતા વધી જાય છે, જે તમને તમારા લક્ષ્યથી દૂર કરે છે. એવા ટ્રેનિંગ શેડ્યુલનું પાલન કરો, જે તમને નવી આદત કેળવવામાં મદદ કરે અને જેના કારણે સમયાંતરે તમારી ક્ષમતામાં વધારો થાય. તમારી ફિટનેસને બૅલેન્સ કરવા માટે તેમજ ઈજા થવાનું જોખમ ઘટાડવા માટે ક્રોસ ટ્રેનિંગ ટ્રાય કરો. પ્રોત્સાહન મળે એ માટે રનિંગ ગ્રૂપના સભ્ય બન્યો અથવા તો રેસમાં સ્પર્ધતક તરીકે ભાગ લો. **જોકે બે દોડ વચ્ચેના સમયગાળામાં શરીરને પૂરતો આરામ મળે એવાતનું ખાસ ધ્યાન રાખો.**

**આદત કેળવો**

લાંબા બ્રેક પછી નિયમિત રીતે રનિંગ કરવાનું કામ થોડું અઘરું છે. જો તમે ભૂતકાળમાં સારા રનર રહી ચૂક્યા હો તો તમે તમારી જાત માટે સ્પીડ અને અંતરના મામલે બહુ ઊંચા માપદંડ નક્કી કરો એ પણ બહુ સ્વાભાવિક છે. જ્યારે તમે નવેસરથી રનિંગ કરવાની શરૂઆત કરો ત્યારે તમે સૌથી પહેલાં સાતત્યતા પર ધ્યાન કેન્દ્રિત કરો એ બહુ જરૂરી છે. તમે ઝડપથી દોડો છો કે ધીમે ધીમે દોડો છો એ બહુ ચિંતા કરવાનો મુદ્દો નથી, પણ નિયમિત રીતે દોડવા માટે શરૂઆતમાં પ્રમાણમાં સરળ અને નાના લાગતાં લક્ષ્યાંકો સેટ કરો. આ માટે **તમે બ્રિસ્ક વૉક, શૉર્ટ રન અથવા તો ઈન્ટરવેલથી શરૂઆત કરી શકો છો.**

> **લાંબા બ્રેક પછી ફરીથી રનિંગ શરૂ કરવાની પ્રક્રિયા થોડી મુશ્કેલ છે, આ પ્રક્રિયા શરૂ કરતા પહેલાં થોડું આયોજન કરી લેવું જોઈએ, જેથી શરીરને ઓવરટ્રેનિંગનો ભાર ન લાગે, કારણ કે ઓવરટ્રેનિંગથી ઈજા થવાની શક્યતા વધી જાય છે**



**પૂરતો આરામ લો**

તમારા રનિંગ શેડ્યુલને નક્કી કરતી વખતે બધાં પરિબળોને ધ્યાનમાં લો. બે દોડ વચ્ચે એક એક્ટિવ રેસ્ટ ડે કે પછી ક્રોસ-ટ્રેઈનની જોગવાઈ રાખો. બે દોડ વચ્ચે એક આખો દિવસ રેસ્ટનો રાખવાથી રિકવરીમાં ફાયદો થાય છે. **રનર્સ માટે રેસ્ટ ડેના દિવસે રેઝિસ્ટન્સ ટ્રેનિંગ બહુ જરૂરી છે, કારણ કે એનાથી રિહેબિલિટેશન અને ઈન્જરી પ્રિવેન્શનમાં મદદ મળે છે.**

**માઇલેજની મર્યાદા**

જ્યારે રનિંગની શરૂઆત કરો ત્યારે આરામથી શરૂઆત કરો. શરૂઆતમાં દોડવા માટે નાનકડો રૂટ પસંદ કરો. રનિંગ શેડ્યુલ નક્કી કરતી વખતે થોડો મધ્યમ માર્ગ પસંદ કરો. જ્યારે તમે રનિંગની શરૂઆત કરી રહ્યા હો ત્યારે સળંગ બે દિવસ સુધી ના દોડો. **બે દોડ વચ્ચે એક એક્ટિવ રેસ્ટ ડે અથવા તો ક્રોસ-ટ્રેઈનની જોગવાઈ ચોક્કસ રાખો.**

**રનિંગ ગ્રૂપના સભ્ય બનો**

જ્યારે તમને નવેસરથી રનિંગ કરો છો ત્યારે બીજી વ્યક્તિની કંપનીમાં દોડવાથી તમારા આત્મવિશ્વાસમાં વધારો થાય છે અને સાથે સાથે બીજા પણ ફાયદા થાય છે. તમે કોઈ રનિંગ ગ્રૂપના સભ્ય બનો છો ત્યારે તમને સમાન વિચારવાળા મિત્રો મળે છે, જે તમારામાં જવાબદારીની ભાવના સિંચે છે. **પ્રોગ્રામને રિબિલ્ડ કરવામાં મદદ કરે છે અને સાથે સાથે તમારી દોડને મૈત્રીપૂર્ણ અનુભવ બનાવે છે.** ■

# SWARNIM DHARTI




## 3 BHK MAJESTIC LIVING & RETAIL SPACES

PROJECT BY

GOLDEN DHARTI
INFRASTRUCTURE

**Site : Swarnim Dharti, Nr. Sardar Dham, Vaisnodevi Circle
S.P. Ring Road, Ahmedabad - 382 421**

Booking Contact :
**89800 06032, 89800 06042**

swarnimdharti@gmail.com
www.swarnimdharti.com

RERA REG. No.: PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA /MAA08640/170621
www.gujrera.gujarat.gov.in

નારી સૃષ્ટિ

**અંબાલાલ આર. પટેલ,**
લેખક જાણીતા કોલમિસ્ટ છે

# સાસુ-વહુના કેવા સંબંધો પ્રભુને ગમે?



**જેમ દૂધમાં સાકર ભળી જઈ પોતાનું અસ્તિત્વ દૂધમાં ઓગાળી દઈ દૂધનું ગળપણ વધારે છે તેમ પુત્રવધૂ પણ ઘરમાં પ્રિયભાષી, મિતભાષી, મૃદુ સ્મિત વેરતી, ગીતા-શ્લોક ગાતી ઘરને ભર્યું ભર્યું રાખે તો ઘરમાં સુખ-સમૃદ્ધિ, વૈભવ-લક્ષ્મી આવે જ**

**માણસ વિશ્વમાં વિચરે, અંતિમ વિસામો ઘર...**
**સાસુ-વહુ બને એક, તો ઘરમાં ઊતરે સ્વર્ગ...**

સંસારમાં દીકરાને પરણાવીએ અને ઘરમાં વહુ આવે ત્યારે વધુમાં વધુ હર્ષઘેલી દીકરાની મા બનતી હોય છે. 'મારા ઘરમાં ઘરની રાણી આવી, તે તો કુમકુમ પગલાંની છે, તેના પગલે ઘર ભર્યું ભર્યું લાગે છે. તે તો ચંદ્રમુખી છે.' આમ તેની સાસુ વખાણ કરતાં ધરાય નહીં, પણ ધીરે ધીરે ચંદ્રમુખી વહુ સૂર્યમુખી થાય ને પછી જ્વાળામુખી થાય. તે બોલે અને ઘરમાં અગ્નિની જ્વાળાઓ પ્રસરે... એવું ન બનતાં **કાયમ વહુ ચંદ્રમુખી જ રહે તે માટે ઘરમાં સ્વાધ્યાય જરૂરી છે.**

સ્વાધ્યાયનું બીજું નામ સમજદારી. જે વહુ ઘરમાં આવી છે તે અમારા ઋણાનુબંધ છે, કર્માનુબંધ છે ને તે મુજબ જ પ્રભુએ મોકલેલી છે. વહુએ પણ એ જ સમજ કેળવવી કે ઘર-વર ને સંબંધો મળ્યા છે તે મારાં કર્મોએ કરીને પ્રભુએ જ ગોઠવેલ છે. હવે આ ઘર જ મારું મંદિર છે. હું અને તેમાં રહેનાર બધા દેવ છે. પુત્રવધૂના આદર્શ મુજબ તેમની સેવા એ જ મારી પ્રભુપૂજા છે. આ સમજણે જેમ દૂધમાં સાકર ભળી જઈ પોતાનું અસ્તિત્વ દૂધમાં ઓગાળી દઈ દૂધનું ગળપણ વધારે છે તેમ પુત્રવધૂ પણ ઘરમાં પ્રિયભાષી, મિતભાષી, મૃદુ સ્મિત વેરતી, ગીતા-શ્લોક ગાતી ઘરને ભર્યું ભર્યું રાખે અને **પ્રભુપારાયણ રહી, કુટુંબ પ્રાર્થના કરાવે તો ઘરમાં સુખ-સમૃદ્ધિ, વૈભવલક્ષ્મી આવે જ.**

સામે સાસુને પણ આદર્શ સાસુ બનવું રહ્યું. એક ઘરમાં નવી નવી વહુ પરણીને સાસરે આવેલી. તેના નાકે નથની પહેરેલી, પણ બન્યું એવું કે ઘરકામ કરતાં, હરતાં-ફરતાં કોઈ જગ્યાએ નથની ખોવાઈ ગઈ. નવી વહુ ખૂબ જ બેચેન બની ગઈ. સાસુને ખબર ન પડે તેમ ઘરમાં જ્યાં ત્યાં ખોળતી રહે, પણ નથની જડે નહીં. સમજદાર સાસુને સમજણ પડી ગઈ કે વહુના નાકે નથની અઠવાડિયાથી નથી, તે ખોવાઈ ગઈ લાગે છે એટલે મારાથી ખાનગી જ્યાં ત્યાં ખોળતી રહે છે. **મારા ભયના કારણે તે મને કહી શકતી નથી. સાસુ ખાનદાન હતી. તે બજારમાં ગઈ અને સોનાની સારી નથની લઈને આવી.**

વહુને બાથમાં લઈને કહ્યું, 'બેટી, તારા માટે હું નથની લાવી છું તે પહેરી લે. હજુ તું નાની છે એટલે નથની વિનાનું નાક સારું ન લાગે.'

સાસુના આવા વર્તનથી વહુ ભાવવિભોર બની ગઈ. આંખમાં ભાવનાં આંસુ લાવી સાસુના પગે પડી, 'બા, હું તો સમજતી હતી કે સાસુ મને કેટલું લડશે અને શું થશે... પણ **તમારા હૃદયની વિશાળતા જોઈને કહું કે મારી જનેતા કરતાં તમે મને વધુ પ્રેમ કર્યો છે.'**

સાસુએ કહ્યું, 'બેટા, નથની તો બીજી બજારમાંથી લાવી શકાય, પણ મારા પ્રત્યેનો તારો વિશ્વાસ, ભાવ અને પ્રેમ તૂટી જાય તો તે કોઈ બજારમાંથી મળે નહીં એ હું સમજું છું. **તારી જોડે મારે આખી જિંદગી રહેવાનું છે. તારા-મારા વચ્ચેનો પ્રેમનો તાંતણો તૂટે નહીં એવું હું ઈચ્છું છું.'**

બીજા દિવસે વહુએ પોતાની જનેતા બાને ટપાલ લખી કે, 'બા, મને લાગતું હતું કે તારો પ્રેમ, ભાવ, સ્નેહના બંધનમાંથી નીકળીશ પછી તે મને ક્યાંય નહીં મળે. પણ સાચું કહું બા, મારી સાસુનો ભાવ, પ્રેમ, સ્નેહ સમજણપૂર્વકનો હોઈ હું તને સમય જતાં ભૂલી જઈશ. **સાસુના વિશાળ હૃદયમાં હું ડૂબી જાઉં છું - ખોવાઈ જાઉં છું. ભગવાન બધી છોકરીઓને આવી સાસુઓ આપે એવી પ્રાર્થના.'**

ઘરને મંદિર બનાવવા સાસુ-વહુઓ ભગવાનને કેન્દ્રમાં રાખી પ્રભુને ગમતું જીવન બનાવવા પ્રયત્ન કરશે તો ઘર બદલાશે, કુટુંબ બદલાશે, સમાજ બદલાશે અને રાષ્ટ્ર પણ બદલાશે. **આવો દૈવી પ્રયત્ન કરનાર સાસુ-વહુ પ્રભુને જરૂર ગમશે.** ■

ઉમેશ ઠક્કર
લેખક જાણીતા કોલમિસ્ટ છે

# મહિલાઓમાં સામાન્ય દેખાતાં લક્ષણો ગંભીર બીમારીનો સંકેત હોઈ શકે

**મહિલાઓમાં છાતીમાં દુખાવાને બદલે શ્વાસની તકલીફ અને અતિશય થાકનાં લક્ષણ સામાન્યપણે જોવા મળતાં હોવાને કારણે તેમનામાં સાયલન્ટ હાર્ટ અટેકના કિસ્સા વધુ જોવા મળે છે**

અનેક અભ્યાસ દ્વારા જણાયું છે કે એક તરફ મહિલાઓમાં નિયમિત પેપ પરીક્ષણ, મેમોગ્રામ્સ અને શારીરિક ચકાસણી ઉપરાંત આહાર અને વ્યાયામ વિશે સારી જાણકારી છે અને તેના પ્રત્યે તેઓ સભાન પણ હોય છે, પરંતુ જ્યારે તેઓ સતત ગળામાં દુખાવો અથવા થાક જેવાં લક્ષણો અનુભવે છે ત્યારે તેને સામાન્ય શરદી અથવા વાઈરલ તાવનાં લક્ષણો સમજીને તેની અવગણના કરે છે. **હકીકત એ છે કે આવી નિશાનીઓ ગંભીર સમસ્યાનો સંકેત આપે છે.**

**અચાનક નબળાઈ:** ચહેરા અથવા અંગોમાં અચાનક નબળાઈનો અનુભવ થવો સ્ટ્રોકની નિશાની હોઈ શકે છે. અતિરિક્ત નિશાનીઓમાં અચાનક મૂંઝવણ, અસ્પષ્ટ વાણી, દૃષ્ટિમાં ઝાખપ અને ચાલવામાં મુશ્કેલીનો સમાવેશ થાય છે. **તમારા પરિવાર અને મિત્રો ઉપરાંત તમારે પોતે પણ આ નિશાનીઓ વિશે સજાગ રહેવું જોઈએ, કારણ કે તેને ઓળખવી અને તાત્કાલિક સહાય મળવી મુશ્કેલ છે.**

**શ્વાસ લેવામાં વારંવાર તકલીફ થવી:** કેટલીક મહિલાઓને વધુ શારીરિક ક્રિયાઓ કરતી વખતે તેમના હૃદયને પૂરતો રક્ત પુરવઠો નથી મળતો ત્યારે તેમને શ્વાસ લેવામાં મુશ્કેલીનો અનુભવ થાય છે. મહિલાઓમાં છાતીમાં દુખાવાને બદલે શ્વાસની તકલીફ અને અતિશય થાકનાં લક્ષણ સામાન્યપણે જોવા મળતાં હોવાને કારણે તેમનામાં સાયલન્ટ હાર્ટ અટેકના કિસ્સા વધુ જોવા મળે છે. ઉપરાંત **સ્ત્રીઓમાં શ્વાસની તકલીફ માટે એનિમિયા અને ફેફસાના રોગ પણ કારણભૂત માનવામાં આવે છે.**

**છાતીમાં દુખાવો:**

જો છાતીમાં દુખાવો, ઝડપી ધબકારા, હાથ, ખભા અથવા જડબામાં દુખાવો અને શ્વાસમાં તકલીફ જણાય તો આ નિશાનીઓ હૃદયરોગનો સંકેત આપે છે. વધુમાં **હૃદયના સ્નાયુઓને પુરવઠો પહોંચાડતી ધમનીઓમાં સ્વયંસ્ફૂરિત વિચ્છેદન તરીકે ઓળખાતી અત્યંત દુર્લભ સ્થિતિ પણ હૃદયરોગ માટે વધારાનું કારણ છે.** આ સ્થિતિ યુવાનોને પણ અસર કરે છે અને પુરુષો કરતાં મહિલાઓમાં વધુ પ્રમાણમાં જોવા મળે છે.

**વજનમાં અચાનક ફેરફાર:** કોઈ વિશેષ પ્રયાસ વિના વજનમાં અચાનક ઘટાડો પણ કોઈ સમસ્યા પ્રત્યે અંગૂલિનિર્દેશ કરે છે. વધુ પડતું સક્રિય થાઈરોઈડ, ડાયાબિટિસ, માનસિક બીમારી, લિવરની બીમારી તેમજ કેન્સર આવી સમસ્યાનાં મુખ્ય કારણ છે. બીજી તરફ જો **આહાર અને પ્રવૃત્તિમાં ફેરફાર કર્યા વિના વજન વધી ગયું હોય તો આ લક્ષણ થાઈરોઈડની નિષ્ક્રિયતા, હતાશા અથવા અન્ય મેટાબોલિક બીમારીનો સંકેત આપે છે.**



**નસકોરા અને વધુ પ્રમાણમાં સુસ્તી થવી:** જો કામ કરતી વખતે અથવા અન્ય સ્થળોએ ઊંઘ આવી જતી હોય તો તે સ્લીપ એપનિયાનો સંકેત કરે છે. આ સ્થિતિમાં **શ્વસનક્રિયા સમગ્ર રાત્રી દરમિયાન વારંવાર બંધ થાય છે અને ફરી શરૂ થાય છે, જેના કારણે જોરથી નસકોરા બોલે છે.**

**ત્વચાના રંગમાં ફેરફાર થવો:** ત્વચામાં કોઈ પણ પ્રકારના ફેરફાર થાય તો સતર્ક રહેવું. બગલ અથવા ડોકની પાછળના ભાગની ચામડી કાળી પડવી તેમજ ત્વચા પર અનેક ઠેકાણે મસા થવા ડાયાબિટિસની નિશાની છે. ત્વચા પર કડક અને ભીંગડાવાળી વૃદ્ધિ એક્ટિનિક અથવા સોલાર કેરાટોસિસ જેવા જેવા કેન્સર પૂર્વેની સ્થિતિ સૂચવે છે. **ત્વચા પરના તલ અથવા મસાના કદ, રંગમાં થતાં કોઈ પણ ફેરફાર અથવા નવા બનતા હોય તેના પર વિશેષ ધ્યાન આપવું.** ■

નારી સૃષ્ટિ



**ડૉ. અમી યાજ્ઞિક**
લેખક-સાંસદ (રાજ્યસભા) અને જાણીતાં વિદ્વાન ધારાશાસ્ત્રી છે.

# હિન્દુ લગ્ન કાયદો: મહિલા અને રદબાતલ લગ્ન



હિન્દુ લગ્ન અધિનિયમ નીચે કરવામાં આવેલાં લગ્નમાં જો હિન્દુ લગ્ન માટેની શરતોનું ઉલ્લંઘન થતું હોય એટલે કે કલમ-૫ પ્રમાણે, તો તે લગ્ન રદબાદલ થશે અને લગ્નના કોઈ પક્ષકારે બીજા પક્ષકાર વિરુદ્ધ તે અંગે કરેલી અરજ ઉપરથી રદ ઠરાવતાં હુકમનામાથી તે રદબાદલ જાહેર કરી શકાશે. ઘણી વાર લગ્ન થઈ ગયાં પછી મહિલાને ઘણી એવી હકીકતનો સામનો કરવો પડતો હોય છે, જે અંગે તેને લગ્ન વખતે અથવા લગ્ન થતાં પહેલાં માહિતી હોતી નથી. દા.ત. લગ્ન પછી મહિલાને જો ખબર પડે કે તેના પતિને પહેલી પત્ની છે અથવા એવી ખબર પડે કે તેનો **પતિ અસ્થિર મગજનો છે તો અને આ માહિતી તેનાથી છુપાવી હોય તો 'હિન્દુ લગ્ન શરત'નો ભંગ થાય છે અને આવાં લગ્નને કાયદેસરનાં લગ્ન કહેવાતાં નથી.**

> કોઈ પુરુષ પરણેલો છે એ વાત છુપાવીને બીજી કોઈ અપરિણીત સ્ત્રી સાથે લગ્ન કરે તો તે લગ્ન પણ ગેરકાયદે ગણાય છે

આ લગ્ન ગેરકાયદે ઠરાવવા માટે મહિલાએ જે જિલ્લા ન્યાયાલયની હકૂમત આવતી હોય એટલે કે જ્યાં લગ્ન થયેલાં હોય અથવા જ્યાં તેનો પતિ રહેતો હોય અથવા **જ્યાં બંને પતિ-પત્ની સાથે રહ્યાં હોય તેવા હકૂમતના ન્યાયાલયમાં અરજી કરવાની રહે છે.**


આ કાયદાની કલમ-૧૨માં બતાવેલું છે કે કયાં લગ્નો રદબાતલ થઈ શકે. આ અધિનિયમ પ્રમાણે થયેલાં લગ્ન રદ થવાને પાત્ર ગણાશે અને રદ ઠરાવવાના હુકમનામાથી તેને રદબાતલ કરી શકાશે. જેમાં પુરવાર કરવામાં આવે કે મહિલાનો પતિ નપુંસક હોવાના કારણે, લગ્નજીવન સંપૂર્ણ નથી કરી શકેલ અથવા કલમ-૫માં જણાવ્યા પ્રમાણે અસ્થિર મગજની વ્યક્તિ હોય અને પાગલપણાના હુમલા આવતા હોય... જો લગ્ન 'બાળલગ્ન પ્રતિબંધ અધિનિયમ, ૨૦૦૬' પ્રમાણે નિયમનું ઉલ્લંઘન થતું હોય તો તે લગ્ન પણ રદબાતલ ગણાય. **જો મહિલા પોતે લગ્ન સમયે બીજી કોઈ વ્યક્તિથી સગર્ભા હોય તો તે લગ્ન રદબાતલ થવાને પાત્ર છે.**

ઘણી વાર એવું પણ બને છે કે કોઈ સ્ત્રીનો પતિ હયાત હોય અને તે છતાં તે બીજા પુરુષ સાથે લગ્ન કરે તો આવાં લગ્નને 'વ્યર્થ અથવા ગેરકાયદે લગ્ન' ઠરાવવા માટે અરજી કરવી પડે છે. એવી જ રીતે કોઈ પુરુષ પરણેલો છે એ વાત છુપાવીને બીજી કોઈ અપરિણીત સ્ત્રી સાથે લગ્ન કરે તો તે લગ્ન પણ ગેરકાયદે ગણાય છે. લગ્ન જ્યારે લોહીના સગપણમાં થાય, જેમ કે મામા તથા ભાણેજ, કાકા તથા ભત્રીજી, દિયર તથા ભોજાઈ, કાકી અને ભત્રીજી, મામી અને ભાણેજ, પિતરાઈ ભાઈ-બહેન, મામા-માસીનાં અને મામા-ફોઈનાં સંતાનો વચ્ચે થાય ત્યારે આ લગ્ન 'વ્યર્થ' ગણાય છે. **આવાં વ્યર્થ લગ્નમાં જો સંતાન થાય તો તેની જુદી જ કાયદેસરની પ્રક્રિયા છે.** ■



ડૉ. પ્રભુદાસ પટેલ,
તંત્રી

# ભાગવતનો ઉદ્દેશ અને તેનું મહાત્મ્ય



સચ્ચિદાનન્દસપાય, विश्वोत्पत्त्यादि हेतवे
तापत्रय विनाशाय, श्रीकृष्णाय वयं नुमः

**જે જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને વિનાશનો હેતુ છે તે તથા ત્રણે પ્રકારોનાં તાપોનો નાશ કરાવવાળા છે એવા સચ્ચિદાનંદ સ્વરૂપ ભગવાન શ્રીકૃષ્ણને અમે વંદન કરીએ છીએ...**

પરમાત્માનાં દર્શન કરવાથી માનવ જન્મ સફળ થાય છે, મનુષ્યનો જન્મ પ્રભુને પ્રાપ્ત કરવા માટે છે. પ્રભુએ કૃપા કરી મનુષ્યને એક એવી શક્તિ આપી છે કે **મનુષ્ય સંયમ પાળી, પવિત્ર જીવન ગાળે તો પરમાત્મા પ્રાપ્ત કરી શકે છે.** પરમાત્માએ માનવોને જ એવી શક્તિ આપી છે કે એ શક્તિનો અને બુદ્ધિનો સદ્ઉપયોગ કરે તો મરતા પહેલાં તેને પરમાત્માનાં દર્શન થાય.

પરમાત્માની શ્રીકૃષ્ણનાં દર્શન કરવા માટે મનુષ્યનો જન્મ છે.માનવ જ ભગવાનનાં દર્શન કરી શકે છે. માનવેતર કોઈને પરમાત્માનાં દર્શન થતાં નથી. સ્વર્ગમાં રહેલા દેવો આપણા કરતાં વધુ સુખ ભોગવે છે, પણ પરમાત્માનો અનુભવ થતો નથી. **દેવોને પણ પુણ્યનો નાશ થયા પછી તેઓને સ્વર્ગમાંથી ધકેલી દેવામાં આવે છે, પરંતુ જો શ્રીકૃષ્ણનાં દર્શન કરે તો તેમનું પતન થતું નથી.**

દુ:ખની વાત એ છે કે મનુષ્ય પરમાત્મા માટે કાંઈ કરતો નથી. શરીરના સુખને એ પોતાનું સુખ સમજે છે. તેને સાચા સુખની સમજ નથી. આજના મનુષ્યને વગર મહેનતે પૈસો જોઈએ છે. તેના શરીરને રોગ થાય તો તેની કાળજી રાખે છે, પણ મનના રોગોનો કોઈ ઉપાય કરતો નથી. **કામ, ક્રોધ, લોભ, મદ, મોહ બધા મનના રોગો છે. મનોરોગીને ભગવાનનાં દર્શન થતાં નથી.**

**પરમાત્માનો સાક્ષાત્કાર**

જેવી રીતે લાકડામાં સૂક્ષ્મ રીતે અગ્નિ બિરાજેલો છે તેવી રીતે પ્રત્યેકમાં સૂક્ષ્મ રીતે નારાયણ બિરાજેલો છે. આપણા શરીરમાં જે ચૈતન્ય છે તે ઈશ્વર છે. શરીરના આવરણને લીધે તે શક્તિ ગુપ્ત છે, પણ શિવનો આશરો કરે તો જીવ પણ શિવરૂપ થાય છે. જેને પોતાની અંદર પરમાત્માનાં દર્શન થાય તે જીવ ઈશ્વરમાં મળી જાય છે. **પરમાત્માનો જેને સાક્ષાત્કાર થાય, તે પછી ઈશ્વરથી જુદો રહી શકતો નથી. આ જ ભાગવતનું ફળ છે.**

દૂધમાં માખણ રહેલું છે, છતાં તે દેખાતું નથી, પણ તેને દહીં કરી, મંથન કરવાથી માખણ મળે છે. તેવી રીતે માનવીએ મનોમંથન કરી એ ઈશ્વરને અનુભવવાનો આનંદ લેવાનો છે. **દૂધમાં જેમ માખણનો અનુભવ થતો નથી તેમ ઈશ્વર સર્વત્ર છે, પણ તેનો અનુભવ થતો નથી.**

ઈશ્વર જ્યારે જીવને અપનાવી પોતાના સ્વરૂપનું દાન કરે છે, ત્યારે તે જીવ પૂર્ણ થાય છે. ઈશ્વર વિનાનો સંસાર અપૂર્ણ છે. જીવ અપૂર્ણ છે એટલે તેને શાંતિ નથી. નારાયણ એ પરિપૂર્ણ છે. સાચી શાંતિ જ નારાયણમાં છે. નર એ નારાયણનો અંશ છે. **નારાયણને ઓળખવાનું અને નારાયણમાં લીન થવાનું સાધન તે ભાગવતશાસ્ત્ર.**

**ભાગવતની રચના શા માટે?**

પરમાત્માનાં દર્શનનું સાધન અનેક ગ્રંથોમાં આપ્યું છે. પરમાત્માનાં દર્શન કરવા મનુષ્ય શું કરે તેનું માર્ગદર્શન ઉપનિષદમાં પણ આપ્યું છે, પણ વ્યાસજીએ વિચાર્યું કે ઉપનિષદની ભાષા ગૂઢ છે. સામાન્ય માણસ તે સમજી શકશે નહીં. અતિ વૈરાગ્ય વગર જ્ઞાન સફળ ન થાય. વૈરાગ્ય પ્રાપ્ત કરવો કઠણ છે. શુકદેવજી મહારાજને એવો વૈરાગ્ય પ્રાપ્ત થયો હતો. શુકદેવજી મહારાજ કહે છે, ભાગવત શાસ્ત્ર માર્ગદર્શન આપશે. **તમે ઘરમાં રહીને પણ પરમાત્માની પ્રાપ્તિ કરી શકો છો. ઘરમાં રહેવું એ પાપ નથી, પણ ઘરને મનમાં રાખવું એ પાપ છે.**

ભાગવત તમારો પ્રત્યેક વ્યવહાર ભક્તિમય બનાવશે. યોગીઓ સમાધિમાં જેવો આનંદ મેળવે છે તેવો આનંદ ગૃહસ્થને પણ પ્રાપ્ત થઈ શકે તે માટે ભાગવતની રચના કરવામાં આવી છે. ભાગવતનો આશ્રય કરનારો ભગવાન જેવો બને છે. કળિયુગનો માણસ થોડા સમયમાં પણ ભગવાનને પ્રાપ્ત કરી શકે છે, એ ભાગવત શાસ્ત્ર બતાવે છે. **પરીક્ષિત જેવા શ્રોતા થવું જોઈએ અને વક્તાએ શુકદેવજી જેવા થવું જોઈએ તો જ ઉદ્ધાર થાય.** પરીક્ષિત એટલે ભગવાનનાં દર્શન કરવા માટે આતુર થયેલો જીવ. આ આતુરતાનું એક કારણ હતું. તેને ખબર પડી કે સાત દિવસમાં તેનું મૃત્યુ થવાનું છે. તક્ષકનાગ કરડવાનો છે.

કોઈ પણ જીવને કાળની બીક લાગે છે.




મનુષ્ય તો શું, સ્વર્ગના દેવોને પણ કાળની બીક લાગે છે. પરીક્ષિત રાજા પ્રાપ્તિમાં બોલ્યા છે, 'મને ભાગવત સાંભળ્યા પછી કાળની બીક લાગતી નથી. ભાગવતનો જે આશ્રય કરે તે નિર્ભય બને.'

**મૃત્યુ મંગળ કે અમંગળ?**

લોકો મૃત્યુને અમંગળ માને છે, પરંતુ તે અમંગળ નથી. જે દુઃખમાંથી મનુષ્યને ડૉક્ટર કે વૈદ્ય છોડાવી શકતા નથી તે દુઃખમાંથી મૃત્યુ આપણને છોડાવે છે. મૃત્યુ એ પરમાત્માનો સેવક છે. એટલે તે પણ મંગળ છે. જેને પાપનો વિચાર આવતો નથી તેનું મૃત્યુ મંગલમય થાય છે. જીવનમાં મનુષ્ય મરણની સાચી બીક રાખતો નથી એટલે તેનું જીવન બગડે છે - મરણ બગડે છે, અંતકાળમાં માનવીને જો ગભરામણ થાય છે તે કાળની નહીં, પણ પોતે કરેલાં પાપોની યાદથી ગભરામણ થાય છે. **વ્યવહારમાં મુનિમ શેઠની, કારકુન અમલદારની, પુત્ર પિતાની બીક રાખે છે, પણ માનવી ઈશ્વરની બીક રાખતો નથી તેથી અંતે દુઃખી થાય છે.**

**ભાગવત મનુષ્યને નિર્ભય બનાવે છે.** હું ભગવાનનો છું આ વિચાર જ તમને નિર્ભય બનાવશે. નિર્ભય થવા માટે પાપ કરવાનું છોડી દેવું જોઈએ. તો જ અંતકાળમાં પુણ્યનું સ્મરણ થશે. માનવી પાપ કરવામાં સાવધ રહેતો નથી, તેથી અંતકાળમાં કરેલાં પાપો પ્રત્યક્ષ દેખાય છે તેથી જીવ ગભરાય છે. આખા જીવનનો હિસાબ આપતી વખતે શું દશા થશે? તેની અકળામણ થાય છે. **લગ્નના તૈયારી કરો છો તેમ ધીરે ધીરે મરણની પણ તૈયારી કરજો.**

મરણને સુધારવું હોય તો પ્રતિક્ષણને સુધારજો. પરમાત્માએ જે આપેલું છે તેનો સદ્‌ઉપયોગ કરવો એ પુણ્ય છે. આંખનો સદ્‌ઉપયોગ કરો, ધનનો સદ્‌ઉપયોગ કરો, વાણીનો સદ્‌ઉપયોગ કરો તો મરણ સુધારે છે. ભાગવતમાં જ્ઞાનયોગ, કર્મયોગ, સમાજધર્મ, સ્ત્રીધર્મ, આપદ્‌ધર્મ, રાજનીતિ વગેરેનું જ્ઞાન ભર્યું છે. **આ એક જ શાસ્ત્ર એવું છે કે જેનું શ્રવણ-મનન કર્યા પછી કંઈ જાણવાનું બાકી રહેતું નથી.**

**ભાગવત દિવ્ય કથા છે**

આ કથાથી ભગવાનનાં દર્શન કરવાની દિવ્ય દૃષ્ટિ મળે છે. આ કથા એવી દિવ્ય કથા છે. વ્યાસજીનું માનવું છે કે જે મારા ભાગવતમાં નથી તે જગતમાં કોઈ ગ્રંથમાં નથી. ભાગવતમાં છે તે જ બીજા ગ્રંથોમાં છે. 'यदाहास्ति तदन्यत्र यन्नेहास्ति न कुत्रचित्' **ભગવાત શાસ્ત્ર એ પરિપૂર્ણ નારાયણનું સ્વરૂપ છે. તે અતિશય દિવ્ય છે.**

અયોધ્યા પાસે નૈમિષારણ્ય છે. ત્યાં અઠ્યાસી હજાર ઋષિમુનિઓનું સત્ર થયું છે. આ સત્રમાં શૌનકજીએ સૂતજીને પ્રશ્ન કર્યો કે, સર્વ કથાઓનો સાર શું છે? તે અમને સંભળાવો. કથાઓ બહુ જ સાંભળી છે. હવે કથાનું સારતત્ત્વ સાંભળવાની ઈચ્છા છે. એવી કથા સંભળાવો કે જેથી અમારી શ્રીકૃષ્ણ પ્રત્યેની ભક્તિ દૃઢ થાય, અમને શ્રીકૃષ્ણની પ્રાપ્તિ થાય. 'कथा सारं मम कर्णरसायनम्'... **બશેર દૂધ**

**પીવા કરતાં થોડું માખણ ખાવું સારું. ભાગવત એ માખણ છે. બીજાં શાસ્ત્રો દૂધ-દહીં છે. સર્વ શાસ્ત્રોમાં સારરૂપ આ કૃષ્ણકથા છે.**

### ભાગવત કથાની શ્રેષ્ઠતા

કળિયુગના જીવોને કાળરૂપ સર્પના મુખમાંથી છોડાવવા શુકદેવજીએ ભાગવતની કથા કહી છે. જ્યારે શુકદેવજી રાજા પરીક્ષિતને કથા સંભળાવતા હતા ત્યારે દેવો સ્વર્ગનું અમૃત લઈને આવ્યા. દેવોએ કહ્યું, સ્વર્ગનું અમૃત અમે રાજાને આપીએ અને કથાનું અમૃત આપ અમને આપો. પરીક્ષિતે મહારાજને પૂછ્યું, 'સ્વર્ગનું અમૃત પીવાથી શું લાભ થાય?' શુકદેવજી કહે છે, 'સ્વર્ગના અમૃતથી સ્વર્ગનું સુખ મળે, પણ પુણ્યનો ક્ષય થાય - પાપનો ક્ષય થતો નથી. જ્યારે કથાના અમૃતપાનથી પાપનો નાશ થશે, ભોગ-વાસનાઓનો વિનાશ થાય. તેથી સ્વર્ગના અમૃત કરતાં કથામૃત શ્રેષ્ઠ છે.'



રાજાએ કહ્યું, **'મારે સ્વર્ગનું અમૃત પીવું નથી. મારે કથાનું અમૃતપાન જ કરવું છે.'**

### ભાગવત કથા શા માટે?

ફક્ત સાત જ દિવસમાં જ્ઞાન અને વૈરાગ્યને જાગૃત કરવા માટેની આ કથા છે. આપણામાં જ્ઞાન અને વૈરાગ્ય છે, પણ સૂતેલાં છે. તેને જાગૃત કરવાનાં છે. ભાગવત કથાશ્રવણથ જ્ઞાન-વૈરાગ્ય જાગૃત કરી ભક્તિરસ ઉત્પન્ન કરવાની આ કથા છે. **ભાગવત સિવાય એવો બીજો કોઈ ગ્રંથ નથી કે જે સાત દિવસમાં મુક્તિ અપાવી શકે.**

આ ભાગવતશાસ્ત્રના મહિમાનું વર્ણન ઘણાં પુરાણોમાં કરવામાં આવ્યું છે. સત્સંગમાં આનંદ મળે છે તે બ્રહ્માનંદ કરતાં પણ શ્રેષ્ઠ છે. પોતે તરે છે અને સત્સંગમાં આવેલા સર્વેને તારે છે. માટે ઈશ્વર સાથે પ્રેમ કરવાનું સાધન આ ભાગવત શાસ્ત્ર છે. માટે પ્રેમનું પાત્ર બનો કે જેથી પ્રેમનું પાત્ર બદલવાનો પ્રસંગ કદી ન આવે. 'न कर्मणा न प्रजयाधनेन त्यागेनैके अमृतत्त्व मानशुः' કર્મથી મુક્તિ મળતી નથી, પુત્રથી મુક્તિ મળતી નથી, ધનથી મુક્તિ મળતી નથી. ફક્ત એકલા ત્યાગથી અમૃતત્ત્વની પ્રાપ્તિ થાય છે. ■

*(પૂ. ડોંગરેજી મહારાજના શ્રીમુખે સાંભળેલી 'ભાગવત સપ્તાહના મહાત્મ્ય'ના કેટલાક અંશો...)*


Gold RooF
DESIGNER DIAMOND JEWELLERY

DIAMOND JEWELLERY MANUFACTURER

VISHVESH PATEL
9879590685

CHIRAG PATEL
9825010685



VVS • EF • IGI CERTIFIED | Direct from Factory

202/3/4, Madhav Complex, Near President Hotel, Off C.G. Road, Ahmedabad - 380009

# નારી સૃષ્ટિ

**વૈશાલી ઠક્કર**
લેખક જાણીતા કોલમિસ્ટ છે

# પરિપક્વ વૃક્ષમાં સુધારા માટે પ્રયાસ કરવાના બદલે બીજથી જ ફેરફાર થવો જોઈએ

પ્રમુખસ્વામી મહારાજ નગરમાં નારી સશક્તિકરણ હૉલમાં બીએપીએસ મહિલા પાંખ દ્વારા ગર્ભસંસ્કાર વિષય પર સેમિનારનું આયોજન થયું હતું. સમાજમાં વધતા ક્રાઈમ રેટને ઘટાડવા માટે બાળકને ગર્ભાવસ્થા દરમિયાન જ સંસ્કારયુક્ત બનાવવા સેમિનારમાં સમજણ અપાઈ હતી. આ પ્રસંગે આયુર્વેદાચાર્ય ડૉ. મોનિકા વસાણીએ જણાવ્યું હતું કે, **પ્રમુખસ્વામી મહારાજ કહેતા- કોઈ પણ પ્રકારનો સુધારો બીજમાં થવો જોઈએ, ઝાડ મોટું થયા પછી તેને સુધારી શકાય નહીં.**

> **બાળકોમાં નૈતિક મૂલ્યોના ઘડતરમાં પણ માતાપિતાની પ્રકૃતિ ભાગ ભજવે છે, તેથી પ્રારંભિક તબક્કે જ કાળજી રખાય તે જરૂરી છે, હિન્દુ ધર્મ મુજબ જીવનના ૧૬ મહત્ત્વના સંસ્કારમાં ગર્ભસંસ્કાર સૌથી પહેલાં આવે છે**

ડ્રીમ બેબી ગર્ભ સંસ્કારના સ્થાપક અને દાયકા કરતા વધુ સમયથી ગર્ભસંસ્કાર પર સેમિનાર યોજતાં ડૉ. મોનિકા વસાણીએ સમાજમાં ઊંચા ક્રાઈમરેટ માટે બાળકોમાં નૈતિક મૂલ્યોના ઘડતરનો અભાવ જવાબદાર હોવાનું કહ્યું હતું. સોક્રેટિસ માનતા કે બાળકને ગર્ભમાં જ સંસ્કાર અપાવા જોઈએ. નાના બાળકને પ્રમુખસ્વામી મહારાજ બીજ સાથે સરખાવતા. તેઓ કહેતા કે **સુધારો કરવો હોય તો બીજમાં જ કરવો જોઈએ, પરિપક્વ વૃક્ષમાં સુધારો કરી શકાય નહીં.**

દરેક માતાપિતાના જીવનમાં બાળકનો ઉછેર કરવાની કામગીરી સૌથી વધુ મહત્ત્વની હોય છે. બાળકોમાં નૈતિક મૂલ્યોના ઘડતરમાં પણ માતાપિતાની પ્રકૃતિ ભાગ ભજવે છે. તેથી પ્રારંભિક તબક્કે જ કાળજી રખાય તે જરૂરી છે. હિન્દુ ધર્મ મુજબ જીવનના ૧૬ મહત્ત્વના સંસ્કારમાં ગર્ભસંસ્કાર સૌથી પહેલાં આવે છે. ડૉ. મોનિકા વસાણીએ આયુર્વેદ અને આધુનિક વિજ્ઞાનની સરખામણી કરતાં જણાવ્યું હતું કે હવે તો આધુનિક તબીબી વિજ્ઞાને પણ સ્વીકારી લીધું છે કે બાળકનો ૮૦ ટકા વિકાસ ગર્ભમાં જ થાય છે. ગર્ભમાં ચોથા મહિનાથી બાળક સાંભળતું થઈ જાય છે. **વિજ્ઞાનીઓએ સાબિત કર્યું છે કે ત્વચાના ઉપરના લેયરમાં સાંભળવાના કોષ હોય છે, જેના કારણે બાળકને ગર્ભમાંથી શીખવા મળે છે અને તેની અસર આખી જિંદગી રહે છે.**

ઇન્ફિનિયમ ટોયટોના ડિરેક્ટર અને યુનેસ્કોનાં પૂર્વ સહયોગી જયશ્રી મહેતાએ નગરની મુલાકાતનો અનુભવ જણાવતા પ્રમુખસ્વામી મહારાજને યુગપુરુષ કહ્યા હતા. ૨૦૦૧માં ગુજરાત ભૂકંપ વખતે બીએપીએસના સ્વયંસેવકોએ કરેલાં રાહતકાર્યોને બિરદાવીને તેમણે એક પ્રસંગ જણાવ્યો હતો. ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામ ૨૧મી સદીના ભારત માટે પાંચ મુદ્દાની યોજના લઈને આવ્યા હતા. પ્રમુખસ્વામીએ તેને વાંચીને છઠ્ઠા મુદ્દા તરીકે નૈતિકતા ઉમેરવા કહ્યું હતું, કારણ કે નૈતિકતા અને આધ્યાત્મિક સિદ્ધાંતો વગર વિકાસ શક્ય નથી. **આખરે કલામે છઠ્ઠા મુદ્દા તરીકે આધ્યાત્મિક જાગૃતિનો સમાવેશ કર્યો હતો.**

જીસીસીઆઈનાં પૂર્વ ચેરપર્સન ડૉ. નીતા ગોસ્વામીએ જણાવ્યું હતું કે જ્યારે ધ્યેય અંગે સ્પષ્ટતા ન હોય ત્યારે સમર્થ ગુરુના શરણે જવું જોઈએ. ગુરુ સાચો માર્ગ બતાવશે. પ્રમુખસ્વામી શતાબ્દી મહોત્સવની ઉજવણી થઈ રહી છે ત્યારે **તેઓ ભગવાનની નિકટ રહેતા, તેમ કહેવાના બદલે તેઓ ભગવાન જેવા જ હતા તેવું કહેવું જોઈએ.**

(સાભાર 'નવગુજરાત સમય') ■





**પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ**
લેખક ચિંતક, સાહિત્યકાર, કોલમિસ્ટ અને સરકાર દ્વારા 'પદ્મ' એવોર્ડથી વિભૂષિત છે

# માઉન્ટ એવરેસ્ટ! તને પરાજિત કર્યા વિના જંપીશ નહીં !



**નસીબને લીધે કે ઈશ્વરની મરજીને કારણે લમણે હાથ મૂકીને પોતાના કામમાં માંડ માંડ ડગ ભરતાં લોકોને તમે જોયા હશે. આવી વ્યક્તિઓના ચહેરા પર કરચલી પડતી જાય છે, એનાથી વધુ એમના હૃદય-બુદ્ધિ પર કરચલીઓ પડતી જાય છે.**

સામેની વ્યક્તિની આંખ જોઈને તાગ પામી જશો કે એ વ્યક્તિ જીવનથી, જગતથી કે એના વ્યવસાયથી થાકેલી અને ભાંગેલી છે કે પછી એનામાં જીવન અને કાર્ય પ્રત્યે અદમ્ય ઉત્સાહ રહેલો છે. થાકી ગયેલી આંખો એ આથમી ગયેલા વર્તમાનકાળનો જીવંત પુરાવો છે અને ઉત્સાહી આંખ એ ભવિષ્યના નવસર્જનની ઝંખનાનો સંકેત છે. જીવનમાં કે વ્યવહારમાં અથવા તો જગતનાં સઘળાં સ્થળોએ કેટલીક વ્યક્તિ એવી મળતી હોય છે કે જે જીવન કે કામથી વહેલી સવારે જ એટલું બધું થાકી ગઈ હોય છે કે એને એના કામમાં લેશમાત્ર રસ પડતો નથી. **માંડ માંડ બળે-બેળે કામ કરતો હોય, એ રીતે એ દબાયેલા અવાજે અને નિસ્તેજ ચહેરે તમારી સાથે તૂટતા અવાજે કે મંદ ગતિએ વાત કરશે.**

નિઃસાસા એ કેટલીક વ્યક્તિઓનો સનાતન ઉચ્છ્વાસ હોય છે. એ જે કંઈ કામ કરતી હશે, તે અંગે નિઃસાસા નાખશે. કેટલાક કામથી આજીવન કંટાળેલાં હોય છે એટલે એ કોઈ પણ કામ આવે તો સતત એને ખો આપવાની વેતરણમાં હોય છે. નસીબને લીધે કે ઈશ્વરની મરજીને કારણે લમણે હાથ મૂકીને પોતાના કામમાં માંડ માંડ ડગ ભરતાં લોકોને તમે જોયા હશે. **આવી વ્યક્તિઓના ચહેરા પર કરચલી પડતી જાય છે, એનાથી વધુ એમના હૃદય- બુદ્ધિ પર કરચલીઓ પડતી જાય છે.**

આ પ્રકારની વ્યક્તિઓ એક મહત્ત્વની બાબત ગુમાવી બેસે છે અને તે છે ઉત્સાહના કારણે પ્રગટતો આનંદ, કોઈ એક સ્ત્રી રસોઈ બનાવે અને 'નસીબ તે કેવું કે ચૂલો ફૂંકવો પડે છે.' એમ માને અને બીજી **ભોજન બનાવીને રસોઈનો આનંદ માણનારી સ્ત્રી સમાન વાનગી બનાવે, તો પણ એના સ્વાદમાં આકાશ-જમીનનું અંતર હોય છે.**

એવી જ રીતે જે કામ કરવા ખાતર કામ કરતા હોય અને જે કામ કરવાનું છે, તેમાં ઉત્સાહ દાખવતા હોય તો બનશે એવું કે પ્રથમ પ્રકારની વ્યક્તિ જલદી થાકી જશે અને નિરાશામાં ડૂબી જશે, જ્યારે **બીજા પ્રકારની વ્યક્તિ કામ પરત્વેના પોતાના ઉત્સાહને વધુ ને વધુ આગળ ધપાવતો રહેશે, એનો**

**આ ઉત્સાહ અને કાર્યની દિશામાં આગળ વધવાની પ્રેરવા આપશે.**

૧૯૫૨માં એડમન્ડ હિલેરીએ એવરેસ્ટ આંબવાનો પ્રયાસ કર્યો, કિંતુ સાવ નિષ્ફળ ગયો, છતાં એનો ઉત્સાહ સહેજે ઓછો થયો નહોતો. પોતાના ઘરના દીવાનખંડની દીવાલ પર રાખેલા એવરેસ્ટના ચિત્રને જોઈને એણે કહ્યું, 'ઓહ માઉન્ટ એવરેસ્ટ ! તેં મને એક વાર પરાજિત કર્યો, પણ હવે તું જાણી લેજે કે હું તને પરાજિત કરવાનો છું. કારણ એટલું જ કે તારે વિકસવાનો હતો એટલો તું વિસ્તરી-વિકસી ચૂક્યો છે. જ્યારે હું ઉત્સાહથી સતત વધુ વિકસી રહ્યો છું.' અને ૧૯૫૨માં આવી નિષ્ફળતા મેળવનાર **એડમન્ડ હિલેરીએ ૧૯૫૩ની ૨૯મી મેએ ૨૯,૦૨૮ ફૂટ ઊંચું એવરેસ્ટ શિખર સર કર્યું. એ હંમેશાં કહેતો કે તમે તમારાં સ્વપ્નોને બરાબર પડી રાખશો તો તમે તમારા સ્વપ્નને સાચાં પાડી શકો.** આથી 'કથાસરિત્સાગર'માં કાશ્મીરી બ્રાહ્મણ કવિ સોમદેવ કહે છે,

'आपत्काले च कटेऽपि नोत्साहस्त्यज्यते बुद्धै ।'

*'આપત્તિ અને કષ્ટમાં પણ બુદ્ધિમાન પુરુષ ઉત્સાહ છોડતો નથી.'*

સોમદેવની આ સૂક્તિનું સ્મરણ કરીશું, ત્યારે મનમાં આપોઆપ નેલ્સન મંડેલા યાદ આવે છે. આખોય માનવ ઇતિહાસ ફેંદી વળો તો પણ તેના જેવો સ્વાતંત્ર્યપ્રેમી નહીં મળે કે જેણે કારાવાસની કાળી કોટડીમાં રહીને ૨૮-૨૮ વર્ષ સુધી આઝાદીનું આંદોલન ચલાવ્યું હોય. ગોરા સામ્રાજ્યવાદીઓની એ જાણીતી પદ્ધતિ હતી કે વ્યક્તિને કાળાપાણીની સજા કરી એને શરીર અને મનથી ભાંગી નાખવો. નેલ્સન મંડેલાને નિર્જન રોબિન આયલેન્ડ ટાપુ પર રાખવામાં આવ્યા, ત્યારે એમણે મનોમન નિરધાર કર્યો કે જેલના નિયમોનું પાલન કરીને હું ગોરાઓની સત્તાનો સતત વિરોધ કરતો રહીશ અને **નેલ્સન મંડેલાએ પોતાની આ આગવી પદ્ધતિથી આઝાદી માટેનો પોતાનો ઉત્સાહ જાળવી રાખ્યો અને વિશ્વને અશ્વેત લોકોની વેદનાનો સતત સંકેત આપ્યો.**

આથી વ્યક્તિએ પોતાનાં તમામ કાર્યમાં - પછી એ સર્જન હોય, ઉત્પાદન હોય કે સરકારી સંસ્થા યા સેવાભાવી સંસ્થાનું કામ હોય, તેમાં ઉત્સાહ દાખવવો જેઈએ. આ ઉત્સાહ જ એને સામાન્યમાંથી અસામાન્ય બનાવે છે. આ ઉત્સાહ જ એને સહુનો માનીતો બનાવે છે અને આ ઉત્સાહ જ એનામાં સ્વયં જીવનબળ રેડે છે. **બૌદ્ધિક નિરુત્સાહથી કામને માંડી વાળતી વ્યક્તિને બદલે ભૂલો કરતી હોવા છતાં ઉત્સાહથી કામ કરતી વ્યક્તિ વધુ સારી ગણાય.**

આનું કારણ એ છે કે ઉત્સાહ એના કામમાં એક નવો રંગ લાવે છે. એને માટે એ કામ આનંદનો ઉત્સવ બને છે અને કર્મયોગીનો શક્તિમંત્ર બને છે. આવા ઉત્સાહને પરિણામે એના જીવનનો ઉત્તરોત્તર વિકાસ થાય છે. નિરુત્સાહી વ્યક્તિને સઘળે નિષેપ દેખાય છે. 'આ મારાથી નહીં થઈ શકે' એમ વિચારે છે અથવા તો 'આવું કરવાનો કશો અર્થ નથી'



એમ વિચારે છે જ્યારે ઉત્સાહનું જોશ ધરાવતી વ્યક્તિ એના કાર્યમાં એક નવું બળ અને નવું જોમ પૂરે છે. **એમર્સન જેવા ચિંતક તો કહે છે કે ઉત્સાહ વિના કોઈ મહાન ઉપલબ્ધિ થતી નથી.**

સર્જક સર્જન કરે કે વૈજ્ઞાનિક સંશોધન કરે, એની પાછળ જો એનો ઉત્સાહ ન હોય તો એ સર્જન કે સંશોધન કરી શકતો નથી. બલ્કે, ઉત્સાહ હોય તો જ એ સીમાચિહ્નરૂપ સર્જન કે સંશોધન કરી શકે છે. 'જોસ્સા'થી સર્જન કરનાર 'ઉત્સાહમૂર્તિ' નર્મદે ૧૮૫૮ની ૨૩મી નવેમ્બરે સાંજે નિશાળેથી આવી, ઈષ્ટદેવતા કલમની સામે માથું નમાવીને કલમને આધારે જીવવાનું નક્કી કર્યું હતું. ૨૪-૨૪ વર્ષ સુધી આ અસિધારા વ્રત એણે પાળ્યું. અપાર માનસિક વિટંબણાઓ, દેવાનો બોજ અને ઘરના બીમાર માણસો માટે દવા કરાવવાના પૈસા ન હોય તો પણ **ચાર આનાના દૂધપૌંઆ પર હસતા હસતા જીવન ગાળનાર અને સાહિત્યસર્જન કરનાર નર્મદની તિતિક્ષાનું સ્મરણ થાય છે.**

મુંબઈમાં ધીકતી વકીલાત ચાલતી હોય તથા કચ્છ અને જૂનાગઢ જેવાં રાજ્યોની દીવાનગીરી મળતી હોય, તેમ છતાં ૪૩મા વર્ષે વકીલાતના વ્યવસાયમાંથી નિવૃત્ત થઈને આર્થિક સંકડામણ વચ્ચે પણ ગોવર્ધનરામ ત્રિપાઠી નિવૃત્તિ લઈને નડિયાદમાં આવીને 'સરસ્વતીચંદ્ર' મહાનવલનું સર્જન કરે છે. માંદગીની પરંપરા ખર્ચના ખાડામાં ઉતારતી હોવા છતાં **'દુઃખને પરમ શક્તિની ઇચ્છાની પ્રસાદી' ગણે છે અને ઉત્સાહથી કર્તવ્યને તેનો છેવટનો આદેશ ગણીને અંત સુધી વળગી રહે છે.**

વિશ્વના લાંબા અંતરના સૌથી મહાન દોડવીર તરીકે ખ્યાતિ પામેલા અને ૧૯૫૨ની હેલસિન્કી ઑલિમ્પિકમાં પાંચ હજાર મીટર, દસ હજાર મીટર અને મેરેથોન દોડ - એમ ત્રણેય લાંબા અંતરની દોડમાં વિજય હાંસલ કરીને સુવર્ણચંદ્રક મેળવનાર એમિલ ઝેટોપેકે એ સમયે ત્રણેય સ્પર્ધામાં ઑલિમ્પિક રેકોર્ડ તોડ્યો હતો. એક જ ઑલિમ્પિકમાં લાંબી દોડના ત્રણ વિક્રમ સર્જનાર તરીકે નામના મેળવનાર એમિલ ઝેટોપેકે કહ્યું, **'દોડવીરે ખિસ્સામાં પૈસા સાથે દોડવું જોઈએ નહીં, પરંતુ એણે હૃદયમાં આશા અને મનમાં સ્વપ્નાં સાથે દોડવું જોઈએ.'**

આવો ઉત્સાહ ભારતના મહાન નિશાનબાજ અભિનવ બિંદ્રામાં હતો. એની પાસે ખેલાડીને માટે યોગ્ય સુદૃઢ શરીર નહોતું, મજબૂત તાકાત નહોતી, ખેલની નૈસર્ગિક પ્રતિભા નહોતી, તેમ છતાં **રોજેરોજ ઉત્સાહથી સખત મહેનત કરીને એણે શૂટિંગમાં ભારતને ઑલિમ્પિક સુવર્ણચંદ્રક અપાવ્યો.**

આનું કારણ એટલું કે ઉત્સાહ વ્યક્તિમાં લક્ષ્યની એકનિષ્ઠા, ચિત્તનો ઉલ્લાસ અને સાહજિક પ્રેમ જગાડે છે. આથી તમે **જગતને પલટાવનારાં મહાન સર્જનો, સંશોધનો, બનાવો કે આંદોલનોને જોશો, તો તમને ખ્યાલ આવશે કે એ બધાના મૂળમાં અખંડ ઉત્સાહ રહેલો છે.** ■



**રસિક પટેલ**
લેખિકા આધુનિક વિચારસરણી ધરાવતાં જાણીતાં કોલમિસ્ટ છે

# શું મોબાઇલને પણ થાક નહીં લાગતો હોય?

**મોબાઇલને વાચા ફૂટે તો માણસ ઉપર શાબ્દિક હુમલો કરીને જરૂર બૂમો પાડશે કે, 'હે માણસ, તેં તો મારું જીવવાનું હરામ કરી નાખ્યું... માંડ હું કંઇક શ્વાસ લઉં ત્યાં તો કોઇ ને કોઈની રિંગ વાગે અને વળી વાઇબ્રેશન મોડમાં તો મારું આખું શરીર ધ્રૂજવા માંડે છે...'**

શું મોબાઈલ ને પણ થાક નહીં લાગતો હોય? એને પણ આરામની જરૂર નહીં પડતી હોય? શું એને પણ એમ નહીં થતું હોય કે આ માણસ હવે મને છોડે તો સારું!... એને પણ રિલેક્સ થવાની ઇચ્છા નહીં થતી હોય ? જો માણસનું શરીર સતત આઠ-દસ કલાક કામ કર્યા પછી થાક અનુભવતું હોય... આરામ માગતું હોય... મનને પણ આરામ જોઈતો હોય... વળી આપણે પણ થાકી ને લોથપોથ થઈ ગયા પછી આરામ માટે ઊંઘી જતા હોઈએ  તો પછી મોબાઈલને પણ અમુક કલાક ઉંઘાડી ના દેવો જોઈએ? નાના બાળકની જેમ આપણે પણ **મોબાઈલને આખો દિવસ અને આખી રાત રમાડ્યા કરીશું તો મોબાઈલ ઊંઘશે ક્યારે? મોબાઈલનો આરામ**



**આપણી ઇંદ્રિયોને તંદુરસ્ત રાખશે અને તન-મનને હળવાશનો અનુભવ કરાવશે તે નક્કી.**

કુદરતે નિર્માણ કરેલી દરેક જીવસૃષ્ટિ - પછી તે નિર્જીવ હોય કે સજીવ... આરામ માગે જ છે. હજારો વર્ષોથી સ્થિર ઊભેલું વૃક્ષ પણ વાવાઝોડાથી અને પવનની થપાટોથી થાકીને આરામ માગે છે. જો મોબાઈલને વાચા ફૂટે તો માણસ ઉપર શાબ્દિક હુમલો કરીને જરૂર બૂમો પાડશે કે, 'હે માણસ, તેં તો મારું જીવવાનું હરામ કરી નાખ્યું... માંડ હું કંઇક શ્વાસ લઉં ત્યાં તો કોઈ ને કોઈની રિંગ વાગે અને વળી વાઈબ્રેશન મોડમાં તો મારું આખું શરીર ધ્રૂજવા માંડે અને મને તાવ ચડી જાય છે... **ભગવાન પાસે એક જ પ્રાર્થના કરું કે મને પુનર્જન્મ મોબાઈલનો તો ના જ આપે...'**

આવો આપણે સૌ સાથે મળીને મોબાઈલને ૧૨ કલાકનો વિરામ આપીએ. એક નાનકડી નિર્જીવ વસ્તુ આપણા તન-મન-બુદ્ધિનો કબજો લઈ લે તેવું કેમ ચાલે? **પૂરી છ ફૂટની કાયાનો કબજો એક ચાર ઈંચના મોબાઈલ પાસે હોય તેવું કેમ ચાલે? આવો મનોમંથન કરીએ...**

ચાર કે પાંચ ઈંચનો મોબાઈલ છ ફૂટના માણસનો કબજો એવો લઈ લે કે જેમ શ્વાસ વગર માણસનું મૃત્યુ થઈ જાય તેમ મોબાઈલ વગર માણસ એક મિનિટ પણ જીવી ના શકે! માણસ ભોજન કરતો હોય અને જ્યાં પહેલો કોળિયો મોંઢામાં નાખે ત્યાં દૂર **ડ્રોઈંગરૂમના સોફા પર પડેલા ભોરિંગ નાગ જેવા મોબાઈલની રિંગ વાગે અને કોળિયો હાથમાં જ રહેવા દઈને ડાબા હાથે મોબાઈલ પકડી વાત કરતો જાય અને એ વાતોને ખાતો જાય...**

ખાવામાં એનું બિલકુલ ધ્યાન નથી... અને બને છે એવું કે ખાતા-ખાતા મોબાઈલ ઉપર એવો વળગે કે રઘવાયો થઈ સામેના માણસ જોડે ઉગ્ર ભાષામાં ઝઘડતો જાય... ભયંકર ગુસ્સો કરતા કરતા મોબાઈલ ઉપર જ બરાડા પાડતો જાય અને બને એવું કે એનું ભોજન પણ ઝેર બની જાય અને આવું **ઝેરી ભોજન ખાધા પછી પાછો પરિવાર ઉપર તૂટી પડે. આખરે આ બધું મોબાઈલને કારણે જ ને!**

ક્યારેક કોઈ કહેશે કે 'અરે યાર, તમને કેટલા ફોન કર્યા તમે તો મોબાઈલ ઉપાડતા જ નથી!' મારે એ ભાઈને વંદન સાથે એટલું જ કહેવું છે કે મોબાઈલ સિવાયની પણ કોઈ દુનિયા હોય છે મારા ભાઈ..., મોબાઈલને ગળે સર્પની જેમ ટીંગાડી ફરી શકાય નહીં, ક્યારેક તો તમે પોતાની જાત સાથે જીવો!!  જાત સાથે વાતો કરો... જાત સાથે ખોવાઈ જાવ... જાત સાથે અંદર ઊતરીને જુઓ, ઊંડા ઊતરો, પ્રભુની સમીપ બેસો... જ્યાં ફક્ત તમે પોતે હો, જ્યાં દૂર દૂર સુધી કોઈ મોબાઈલની રિંગ ના વાગતી હોય... જ્યાં દૂર દૂર સુધી કોઈ ટીવીનો ઘોંઘાટ ના હોય... જ્યાં ફક્ત એવું એકાંત હોય કે જ્યાં શાંતિ હવામાં લહેરાઈને પ્રવાહિત થઈ રહી હોય...**આવી પરમ શાંતિનો અનુભવ કરો, જ્યાં તમારું તન-મન ઓગળી જાય... શરીરથી દૂર આત્માનું અનુસંધાન લાગી જાય...**

શાંતિ ક્યાંય દૂર નથી. એ તો અકડે-ઠકડે તમારી અંદર જ કોઈ શાંત સરોવરની જેમ બિરાજમાન છે. તમારે એ શાંત સરોવર સુધી પહોંચીને તેમાં તરવાનું છે - છબછબિયાં કરવાનાં છે. આવો... **મોબાઈલને પણ થોડોક આરામ આપીને નકોડો ઉપવાસ કરાવીએ, જેથી તેનું અને આપણું બંનેનું આરોગ્ય સારું રહે... તે નિર્વિવાદ છે.** ■



**પદ્મશ્રી દેવેન્દ્ર પટેલ**
લેખક જાણીતા વરિષ્ઠ પત્રકાર, સાહિત્યકાર, કોલમિસ્ટ અને ભારત સરકાર દ્વારા પદ્મશ્રી એવોર્ડથી વિભૂષિત થયેલ છે

# જેના માથે દેવું નથી તે જ સાચો અમીર છે

## પદ્મભૂષણ આચાર્ય શ્રીમદ્ વિજય રત્નસૂરિશ્વરજી મહારાજ



આચાર્ય વિજય રત્નસૂરિશ્વરજી મહારાજના 'બેન્ક બેલેન્સ' પુસ્તકમાં કરાયેલી પ્રસ્તુતિની ઝાંખી તેમના જ શબ્દોમાં વાચો. તેઓ લખે છે:

**જીવનમાં પ્રસન્નતાનું એકાઉન્ટ ખોલવું જોઇએ**

થાળીમાં રસગુલ્લા અને ગુલાબજાંબુ હતા. સાલમપાક અને બદામપાક હતા. કચોરી અને સમોસા હતા, છતાં એમાંના એક પણ દ્રવ્યને પેટમાં પધરાવવાની હિંમત ન ચાલી, કારણ કે પેટ બગડેલું હતું. હાથમાં રહેલ બીજ તંદુરસ્ત હતું. ખાતર મસ્ત હતું, જમીન ફળદ્રુપ હતી, માળી કુશળ હતો અને પ્રકાશ પણ પર્યાપ્ત હતો અને છતાં માળીએ કરેલ બીજની વાવણી સદંતર નિષ્ફળ ગઈ, કારણ કે જળ જ ગેરહાજર હતું. હૉસ્પિટલ સરસ હતી, ડૉક્ટર હોંશિયાર હતા. દવાઓ વ્યવસ્થિત હતી. નર્સો કાબેલ હતી. દર્દી નિખાલસ અને આજ્ઞાંકિત હતો. એમ છતાં દર્દી રોગમુક્ત ન બની શક્યો, કારણ કે એના દર્દનું નિદાન ખોટું થયું હતું. ડ્રાઇવર બરોબર હતો, ગાડી બ્રાન્ડેડ હતી, રસ્તો સરસ હતો, ગાડીના સ્પેરપાર્ટ્સ બરાબર હતાં અને પછી એ પછીય ડ્રાઇવર ગાડીને મંજિલે ન પહોંચાડી શક્યો, કારણ કે ગાડીમાં ભરવામાં આવેલું પેટ્રોલ ભેળસેળવાળું હતું. પંદર કરોડનું તો એનું ટર્નઓવર હતું. ચાર બંગલા અને પાંચ ગાડીનો એ માલિક હતો. પંદર સંસ્થાના પ્રમુખપદને અને અગિયાર સંસ્થાના ટ્રસ્ટીપદને એ શોભાવી રહ્યો હતો. **શહેરના ટોપ ટેન અમીરોમાં એનું નામ હતું અને એ પછીય આપઘાત કરીને એણે પોતાનું જીવન ટૂંકાવી લીધું, કારણ કે એનું ચિત્ત પ્રસન્ન નહોતું, પણ ઉદ્વિગ્ન હતું. સ્વસ્થ નહોતું, પણ વિક્ષિપ્ત હતું.**

શું કહું?

પેટ સારું હોય છે તો રોટલોય સ્વાદિષ્ટ લાગે છે. જળ પર્યાપ્ત હોય તો નબળું બીજ પણ અંકુરિત થઈ જાય છે. નિદાન સાચું હોય છે તો મામૂલી દવાથી પણ દર્દી સ્વસ્થ થઈ જાય છે. પેટ્રોલ નિર્ભેળ હોય તો સામાન્ય ગાડી પણ મંજિલે પહોંચી જાય છે અને **ચિત્ત જો પ્રસન્ન હોય છે તો ચોથા સ્ટેજના કેન્સરમાં અને પચાસ કરોડની નુકસાનીમાંય ચહેરા પર સ્મિતને અકબંધ રાખી શકાય છે.**

વાંચી છે ને એ પંક્તિ?

**'ચિત્તે પ્રસન્ને ભુવનં પ્રસન્નમ્'**

ચિત્ત જો પ્રસન્ન છે તો આખું ભુવન પ્રસન્ન લાગે છે. પુણ્ય અને પૈસા, પરિવાર અને પ્રતિષ્ઠા, પ્રશંસા અને પ્રસિદ્ધિ એ તમામને જે નંબર આપવા હોય તે આપજો, પણ પ્રથમ નંબર તો ચિત્તની પ્રસન્તાને જ આપજો.

> **ઘડિયાળના કાંટાને આપણે પાછા લઈ જઈ શકીએ છીએ, પણ સમયને પાછો લઈ જવામાં તો ખુદ પરમાત્માને પણ સફળતા મળતી નથી**

આચાર્ય શ્રીમદ્ વિજય સૂરિશ્વરજી મહારાજ તેમના પુસ્તકમાં લખે છે:

**જીવનમાં ભૂતકાળનું એકાઉન્ટ ક્લોઝ કરી દો**

સાગર તરફ વહી રહેલી નદીને તમે પૂછો કે, 'તારા માર્ગમાં કાંટા અને કાંકરા, ઉકરડા અને કચરાના ઢેર, ખાડા અને ટેકરા ઘણાં આવ્યાં હશે. એ તમામ તારા સ્મૃતિપંથમાં ખરા?' નદી તમને હસતા હસતા જવાબ આપી દે છે કે, 'પાછળ જવાનો જેમ મારો સ્વભાવ નથી તેમ પાછળ જોવાનો પણ મારો સ્વભાવ નથી. મારી એક જ ઝંખના છે - સાગરને મળીને સાગર બની જવાની અને એ ઝંખના મારી તો જ સફળ થાય તેમ છે કે હું ભૂતકાળને ભૂલીને આગળ તરફ વહેતી રહું તો.' **હા, ઘડિયાળના કાંટાને આપણે પાછા લઈ જઈ શકીએ છીએ, પણ સમયને પાછો લઈ જવામાં તો ખુદ પરમાત્માને પણ સફળતા મળતી નથી.**

આચાર્ય મહારાજ તેમના પુસ્તકમાં લખે છે કે પુરુષાર્થ ભલે પ્રચંડ કરીએ, પણ પુણ્ય જ ન હોય તો સંપત્તિ વગેરે વધારવામાં સફળતા ન મળે એ સંભવ છે, પણ પુરુષાર્થ કરીએ તો સાધના વધારવામાં સફળતા ન મળે એ સંભવિત નથી. એક વાસ્તવિકતા આંખ સામે રાખવાની જરૂર છે કે **શરીરનો અનાદિનો કોઈ એક મુખ્ય દોષ હોય તો તે સુખશીલતા અને મનનો અનાદિનો કોઈ એક મુખ્ય દોષ હોય તો એ છે સ્વચ્છંદતા.** ■



**ડો. જ્ઞાનવત્સલ સ્વામી,**
લેખક બીએપીએસ સંસ્થાના પ્રેરક અને વિદ્વાન વક્તા છે

# પોતાના વિચારોને સાચી દિશા બતાવો

જીવનમાં પુરુષાર્થની સાથે સદ્ગુણ હોવા અત્યંત જરૂરી છે. બુદ્ધિની સાથે કઠોર પરિશ્રમ કરી લેવાથી સફળતા મળી જતી નથી. સફળતા માટે તેની જરૂર માત્ર ૨૦ ટકા છે. બાકી ૮૦ ટકા જીવનમૂલ્ય અને ગુણ હોવા જરૂરી છે. મેં લગભગ એક હજાર વ્યક્તિઓની ઓટોબાયોગ્રાફી વાંચી છે, તેનો નિષ્કર્ષ આ જ છે. તમારી પ્રતિભા અને શૈક્ષણિક લાયકાતથી તમારા માટે કોઈ પણ દરવાજા ખૂલી શકે છે, પરંતુ જો જીવનમૂલ્ય અને ચારિત્ર હશે તો જ એ દરવાજા કાયમ માટે ખુલ્લા રહેશે. અવારનવાર આપણે એવા સમાચાર સાંભળતા રહીએ છીએ કે કોઈ પ્રતિષ્ઠિત પદ પર રહેલી વ્યક્તિએ પોતાના ચારિત્રની ભૂલને કારણે પદ ગુમાવવું પડ્યું. **જો જીવનમાં ચારિત્રમાં જરા પણ ખોટ આવે તો આકાશથી ધરતી પર આવતાં વાર લાગી નથી.**

> **દરરોજ એક નિયમ બનાવી લો. સવારે જાગીને ખુદને કહો, 'હું જ્યાં સુધી દોડી શકીશ, દોડીશ... જ્યારે દોડી નહીં શકું તો ચાલીશ... ચાલી નહીં શકું તો ઢસડાઇશ, પરંતુ હું ક્યારેય અટકવાનો નથી'**

જીવનમાં રચનાત્મકતા રાખો, આત્મવિશ્વાસ રાખો. દરરોજ એક નિયમ બનાવી લો. સવારે જાગીને ખુદને કહો, 'હું જ્યાં સુધી દોડી શકીશ, દોડીશ... જ્યારે દોડી નહીં શકું તો ચાલીશ... ચાલી નહીં શકું તો ઢસડાઈશ, પરંતુ હું ક્યારેય અટકવાનો નથી.'



સમુદ્રમાં પાણીનાં જેટલાં ટીપાં છે, આપણી આજુબાજુ પૈસા કમાવાના, આગળ વધવાની એટલી જ તકો છે. આપણે તેમને જોઈ શકતા નથી, કેમ કે **આપણે એવી દૃષ્ટિ પેદા કરી નથી - વિઝન રાખ્યું નથી. નાના-નાના અનુભવમાં જ મોટી સફળતાનું રહસ્ય છે.**

બેંગલુરુમાં એક યુવક સાથે મુલાકાત થઈ. સેકન્ડ યર ઍન્જિનિયરિંગમાં ભણતો એ યુવાન બસસ્ટેન્ડ પર ઊભો હતો અને કૉલેજ જઈ રહ્યો હતો. અહીં એક માતા પોતાના નાના બાળકને સ્કૂલે મૂકવા આવી હતી. એ થોડી લેટ થઈ ગઈ હતી અને ઉતાવળમાં દોડતી આવી. સ્કૂટર પાર્ક કર્યું અને બાળકને જેમ તેમ કરીને સ્કૂલ બસમાં બેસાડ્યો. **એ બાળકની માતા ચિંતિત હતી કે બાળક સારી રીતે બસમાં બેઠો હશે કે નહીં, સ્કૂલમાં સારી રીતે પહોંચશે કે નહીં, વગેરે...**

એ ઍન્જિનિયરિંગના વિદ્યાર્થીને અહીં ઊભા ઊભા જ એક આઇડિયા આવ્યો અને તેણે એક સોફ્ટવેર બનાવ્યું. કોઈ નાનું બાળક જ્યારે સેન્સર્સને સ્પર્શ કરશે તો તેની માતાને મેસેજ જશે કે તમારું બાળક સ્કૂલ બસમાં સલામત રીતે બેસી ગયું છે. સીટ પર બેસતા જ બીજો મેસેજ આવી જશે. બાળકની સ્કૂલની ગતિવિધિઓ અંગે પણ દર અડધા કે એક કલાકે પેરેન્ટ્સના મોબાઇલ પર મેસેજ આવવા લાગ્યા. માતાપિતાને રાહત થઈ ગઈ. સ્કૂલે પણ તેને અમલમાં મૂક્યું. એક મોટી સોફ્ટવેર કંપનીને આ સોફ્ટવેર અંગે ખબર પડી. તેમને લાગ્યું કે તેમાં ભવિષ્યમાં ઘણી સંભાવના છે. પછી એ મોટી કંપનીએ તેની પાસેથી આ સોફ્ટવેર ૬૫ મિલિયન ડૉલરમાં ખરીદી લીધું. **ઍન્જિનિયરિંગની ડિગ્રી પૂરી થતાં પહેલાં જ તે કરોડપતિ બની ગયો. તે માત્ર એક વિચારથી જ કરોડપતિ બની ગયો, તેના સ્થાને જો આપણે હોત શું કરત?** ■

## FLORA AKSHAR CITY

સાઈટ : એલ.ઈ. કોલેજ ક્રિકેટ ગ્રાઉન્ડની બાજુમાં
મોરબી, ગુજરાત - ૩૬૩૬૪૨

Contact : **99252 48651, 86000 04901**







## FLORA PALMS

સાઈટ : એલ.ઈ. કોલેજ ક્રિકેટ ગ્રાઉન્ડની બાજુમાં
મોરબી, ગુજરાત - ૩૬૩૬૪૨

Contact : **99252 48651, 86000 04901**

## FLORA 11

સાઈટ : ફ્લોરા ૧૧, રવાપર રોડ,
ફ્લોરા ૧૫૮ ની પાસે, મોરબી - ૩૬૩૬૪૧

Contact : **99252 48651, 98250 30271**




**સ્થાપક શ્રી કિશોરભાઈ વિરમગામાના સાહસ, પુરુષાર્થ અને એકમેવ લગનથી સાકાર થયેલ એક સ્વપ્ન જેણે ગુજરાતમાં ઉત્કૃષ્ટ પ્રોજેક્ટ્સ થકી રીયલ એસ્ટેટ ક્ષેત્રે પોતાની આગવી ઓળખ બનાવી છે.**

**સુંદરતમ પ્રોજેક્ટ્સ જે ગુણવત્તાની દ્રષ્ટિએ તો શ્રેષ્ઠતમ હોય પરંતુ કલાત્મકતાના પણ નવા માપદંડ સ્થાપિત કરે તે ફ્લોરા ગ્રુપની પહેચાન છે. ફ્લોરા ગ્રુપના પ્રોજેક્ટ્સ ત્યાં વસનારા લોકો માટે આજીવન આનંદ અને પરમ સંતોષનું કારણ બન્યું છે અને એટલે જ આટલા વર્ષોની અડીખમ ઓળખ, પ્રત્યેક પ્રોજેક્ટ સાથે વધુ મજબૂત બની છે.**



**શ્રી કિશોરભાઈ વિરમગામા**

વિશ્વાસ અને
ગુણવત્તાના પાયા પર
**રચાયેલી અડીખમ**
**ઓળખ...**

## FLORA FARMS

Site : Flora Farms, B/H. Sanala Village,
Rajkot - Morbi Highway, Sanala, Morbi

Contact : **99252 48651, 98250 30271**







## FLORA IRIS

એડ્રેસ : ફ્લોરા આઈરીસ, સાનિધ્ય બંગ્લોઝની સામે,
ફ્લોરા એકઝોરા રોડ,સાઉથ બોપલ, અમદાવાદ - ૩૮૦૦૫૮

Contact : **95795 22222 , 95125 12222**

# ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ - કડી

**મુ. કડી, તા. કડી, જિ. મહેસાણા, ફોન નં. (૦૨૭૬૪) ૨૪૨૦૨૧, ૨૩૨૨૩૮**

સ્થાપના સને ૧૯૫૫-૫૬

## સરદાર પટેલ કોટન સબ માર્કેટ યાર્ડ કડી – કલોલ રોડ, બુડાસણ





**બજાર સમિતિ કડી દ્વારા નીચે મુજબની સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.**

(૧) કડી તાલુકાના દર્દીઓને રાહત દરે એમ્બ્યુલન્સ સેવા આપવામાં આવે છે.

(૨) બજાર સમિતિ કડીમાં માલ લઈ આવતા ખેડૂતભાઈઓને સસ્તા દરે પૌષ્ટિક ભોજન આપવામાં આવે છે.

(૩) કડી તાલુકાની શાળામાં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થી ભાઈ-બહેનોને દર વર્ષે એક ડઝન ચોપડા રાહત દરે આપવામાં આવે છે. આજ દિન સુધી આ યોજનામાં **૩,૨૩,૦૦૦** ડઝન ચોપડા આપવામાં આવેલ છે. જેમાં **૨,૫૦,૦૦,૦૦૦**ની સબસિડી આપવામાં આવેલ છે.

(૪) કડી શહેર તેમજ બહારથી આવતા તમામ નાગરિકોને પીવાનું ઠંડું પાણી મળે રહે તે હેતુથી કડી શહેરમાં ઠંડા પાણીના કૂલર તેમજ ઠંડા પાણીના જગ મૂકવામાં આવે છે.

## બોર્ડ ઓફ ડિરેક્ટર્સ

**રાજેન્દ્રકુમાર જી. પટેલ**
ચેરમેન

**પટેલ નીતિનભાઈ રતિલાલ**
(પૂર્વ નાયબ મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય)

**બળદેવભાઈ એ. પટેલ**
વાઇસ ચેરમેન

ખમાર હિમાંશુભાઈ બંસીભાઈ
પટેલ રશ્મિનભાઈ સેંધાભાઈ
પટેલ જીવણભાઈ બેચરદાસ
પટેલ રમેશભાઈ બચુભાઈ
જિલ્લા રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ, મહેસાણા

પટેલ વિનોદભાઈ રણછોડદાસ
પટેલ અરવિંદભાઈ વિઠ્ઠલદાસ
પટેલ ભોગીલાલ હરજીવનદાસ
પટેલ અંબાલાલ પીતાંબરદાસ
જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી મહેસાણા

પટેલ ભરતભાઈ ભુદરદાસ
મહેશ્વરી મનોજભાઈ પરસોત્તમદાસ
પટેલ ઘનશ્યામભાઈ અંબાલાલ
પટેલ વિષ્ણુભાઈ પ્રહલાદદાસ
(પ્રતિનિધિશ્રી નગરપાલિકા કડી)




**કમલેશકુમાર એલ. ત્રિવેદી**
ઇન્ચા. સેક્રેટરી



સંપાદક : ડૉ. ભગીરથ પટેલ
સંપાદક બાળકોના ચાહક અને પ્રેરક પ્રાધ્યાપક છે.

**મંદિર તારું વિશ્વ રૂપાળું, સુંદર સરજનહારા રે...**
**પળ પળ તારાં દર્શન થાયે, દેખે દેખનહારા રે...**

# ગધેડો અને મૂર્તિ



એક હતો મૂર્તિકાર. તેણે દેવીની એક સુંદર અને મનોહર મૂર્તિ બનાવી હતી. તે મૂર્તિ એક ધનવાને ખરીદી લીધી હતી. મૂર્તિને ઘેર પહોંચાડવા મૂર્તિકારે એક ગધેડો ભાડે લીધો. ગધેડા પર મૂર્તિ ગોઠવી તે ધનવાનને ઘેર જવા નીકળ્યો. મૂર્તિ ખૂબ જીવંત લાગતી હતી તેથી રસ્તે જતા-આવતા લોકોનું ધ્યાન મૂર્તિ તરફ ખેંચાતું. તે લોકો તે મૂર્તિને ભાવથી જોતા. **કેટલાક લોકો તે મૂર્તિને ભક્તિભાવથી માથું નમાવી બે હાથ જોડીને વંદન પણ કરતા.**

આ જોઈ મૂરખ ગધેડાને થયું, **'લોકો મને કેવું માન આપે છે. મને કેવાં વંદન કરે છે...'**

બસ, ગધેડાને અભિમાન આવી ગયું. તે અક્કડ થઈને રસ્તા વચ્ચે ઊભો રહી ગયો અને હરખમાં આવી હોંચી... હોંચી... કરવા લાગ્યો. તેના માલિકે તેને વહાલથી પંપાળ્યો. તેને મીઠા મીઠા શબ્દો વડે સમજાવ્યો, પણ **ગધેડો તે ગધેડો... શાંત પડ્યો જ નહીં.**

છેવટે મૂર્તિકારે સોટીથી ગધેડાને ખૂબ માર માર્યો. **ગધેડો શાંત થયો. તેનું અભિમાન ઓગળી ગયું અને તે મૂર્તિ સાથે ચૂપચાપ રસ્તે ચાલવા લાગ્યો.** ■

# દૂધવાળી અને તેનાં સપનાં



એક હતી દૂધવાળી. તેનું નામ ગોપી. ગોપી માથા પર દૂધથી ભરેલી મટુકી મૂકી ગામમાં જઈ ઘેર ઘેર દૂધ વેચતી.

એક વાર તે આવી રીતે દૂધ વેચવા નીકળી. રસ્તામાં ચાલતાં ચાલતાં તે વિચારવા લાગીઃ 'આ દૂધ વેચીશ એટલે મને પૈસા મળશે. તેમાંથી હું ઈંડાં ખરીદીશ. તે ઈંડાંમાંથી ઘણી બધી મરઘીઓ થશે. એ મરઘીઓ વેચીશ એટલે પૈસા જ પૈસા... એ પૈસામાંથી હું કીમતી રેશમી સાડી ખરીદીને પહેરીશ એટલે રૂપાળી રાજકુંવરી જેવી લાગીશ. કેટલાય સારા દેખાવડા યુવાનો મને પરણવા તૈયાર થશે, પણ **હું તો માથું ધુણાવીને તે સૌને ચોખ્ખે ચોખ્ખું સુણાવી દઈશ - ના... મારે નથી પરણવું... નથી પરણવું...'**

આમ બબડી જતાં તેણે જોરથી માથું ધુણાવ્યું. તરત જ માથા પરની પેલી મટુકી નીચે પડી અને ફૂટી ગઈ. બધું દૂધ જમીન પર ઢોળાઈ ગયું. **તેની સાથે જ ઈંડાં, મરઘીઓ, રેશમી સાડી અને પેલા રૂપાળા યુવાનો અલોપ થઈ ગયા.** ■

*(સૌજન્યઃ નવનીત એજ્યુકેશન લિમિટેડ)*

## શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ અંતર્ગત - લોક ડાયરો



વિશ્વના સૌથી ઊંચા જગતજનની ઉમિયાના મંદિર નિર્માણના સહયોગ અર્થે તા. ૩૧-૦૧-૨૦૨૩ ના રોજ વિશ્વ ઉમિયાધામ આયોજીત લોક ડાયરાનું આયોજન સાયન્સ સીટી, સોલા, અમદાવાદ ખાતે કરવામાં આવેલ. જેમાં મા ઉમિયા મંદિર નિર્માણના ૧૪૪૦ પિલ્લરના નોંધણી બાબતે સંસ્થાના પ્રમુખશ્રી આર.પી.પટેલ દ્વારા વિગતે માહિતી આપવામાં આવેલ.

## સંસ્થા દ્વારા મેડીકલ ક્ષેત્રે અનોખી પહેલ ટી.બી.પેશન્ટોને દત્તક લઈ રાશન કીટ વિતરણ

ભારત સરકાર દ્વારા ૨૦૨૫ માં ટી.બી.ને સમગ્ર દેશમાં નાબૂદ કરવાના આહ્‌વાન અંતર્ગત સંસ્થાએ ટી.બી.ના પેશન્ટોને દવાની સાથે પોષણયુક્ત આહાર મળી રહે તે માટે પ્રાથમિક આરોગ્યિક કેન્દ્ર ધાનજ, હેલ્થ વેલનેસ સેન્ટરની રજૂઆતને ધ્યાને લઈ ધાનજ વિસ્તાના ૧૧ ટી.બી. પેશન્ટોને દત્તક લઈ દર મહિને રાશન (ન્યુટ્રીશીયન) કીટનું વિતરણ કરવામાં આવે છે.





## સ્વામિનારાયણ સંસ્થાન - ગુરૂકુળ, સુરતના સંતશ્રીઓ મા ઉમિયાના દર્શનાર્થે

તા. ૦૨-૦૨-૨૦૨૩ ના રોજ સુરત ગુરૂકુળ, સ્વામિનારાયણ સંસ્થાના ના સંતશ્રીઓ વિશ્વ ઉમિયાધામ ખાતે જગતજનની મા ઉમિયાની પૂજા - અર્ચના કરી સંસ્થાના કાર્યાલયની શુભેચ્છા મુલાકાત લીધેલ.

## કલોલ ખાતે વણકર સમાજ દ્વારા સમૂહ લગ્નોત્સવ





તા.૧૨-૦૨-૨૦૨૩ ના રોજ શ્રી વણકાર સેવા સમાજ દ્વારા કલોલ ખાતે ૨૪ મા સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવેલ. જેમાં સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલ તથા શ્રી રસિકભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સદર કાર્યક્રમમાં સમાજના અગ્રણીઓ દ્વારા પ્રમુખશ્રીનું ભાવભર્યું સન્માન કરવામા આવેલ. ત્યારબાદ પ્રમુખશ્રીએ સમાજમાં સમૂહ લગ્નોત્સવનું શું મહત્ત્વ છે ? તે વિશે વિસ્તૃત માહિતી આપેલ.

## શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ - પૂર્વ આયોજન મીટિંગ



વિશ્વના સૌથી ઊંચા જગતજનની ઉમિયાના મંદિર નિર્માણના સહયોગ અર્થે તા. ૧૬-૦૨-૨૦૨૩ના રોજ વિશ્વ ઉમિયાધામ ખાતે ભાગવત જ્ઞાનયજ્ઞના પૂર્વ આયોજનના ભાગરૂપે કેન્દ્રીય સંગઠનના સભ્યશ્રીઓ તેમજ સાયન્સ સીટી વિસ્તારના કાર્યકર મિત્રોની મીટિંગનું આયોજન કરવામાં આવેલ.

મીટિંગ દરમિયાન ઉપસ્થિત સર્વેને કથા દરમિયાન જે તે કમિટીને જવાબદારી સોંપવામાં આવે તેને સુપેરે વહન કરી કથાને સફળ બનાવે તેવી ભાવના વ્યક્ત કરી.

## પ્રસાદ સ્વરૂપે મૃતિકા - ગંગાજળ - મહાપ્રસાદનું વિતરણ





શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ દરમિયાન જે કોઈ ભાવિક-ભક્તોએ વિશ્વના સૌથી ઊંચા જગતજનની ઉમિયાના મંદિર નિર્માણ અર્થે ઈંટદાન, શિલાદાન કે ભૂમિદાન કરેલ છે તે તમામ ભાવિક-ભક્તોને મા ઉમિયાના ગર્ભગૃહની મૃતિકા (માટી), મા ના ચરણકમળમાં ધરાવેલ પવિત્ર ગંગાજળ તથા મહાપ્રસાદ પ્રસાદી સ્વરૂપે ભેટ આપવામાં આવેલ.

## સ્પોર્ટ્સ ટુર્નામેન્ટ સમાપન સમારોહ





સંસ્થાની યુવા ટીમ દ્વારા તા. તા. ૨૧ જાન્યુઆરીથી ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૩ સુધી સ્પોર્ટ્સ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ, જેમાં ક્રિકેટની ૧૨૮ ટીમ તથા વોલીબોલની ૨૦૦ ટીમોએ ભાગી લીધેલ. જેનો સમાપન સમારોહ તા. ૧૨-૦૨-૨૦૨૩ના રોજ પ.પૂ.શાસ્ત્રી સ્વામીશ્રી પુરુષોત્તમ ચરણદાસજીના આશીર્વચન તેમજ પ્રમુખશ્રી આર.પી.પટેલ, મહેમાનશ્રીઓ, ટુર્નામેન્ટ સ્પોન્સર્સ દાતાશ્રીઓ, સંગઠન કાર્યકર બંધુ - ભગિનીઓ વિગેરેની ઉપસ્થિતમાં સંપન્ન થયેલ.

સ્પોર્ટ્સ ટુર્નામેન્ટ - ક્રિકેટ વિજેતા ટીમ - ફ્લેક્સી બોન્ડ ઈલેવન, સોલા, અમદાવાદ તથા રનર્સ-અપ ટીમ - ખોડિયાર સી.સી., ઘુમા, બોપલ, અમદાવાદ તેમજ વોલીબોલમાં વિજેતા ટીમ શ્રીપદ સ્પોર્ટ્સ, ગોતા, અમદાવાદ, રનર્સ-અપ ટીમ - વિઘ્નહર્તા ટીમ - સુરત ટીમોને ટ્રોફી અર્પણ કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા. સંસ્થાના પ્રમુખશ્રીએ યુથ ટીમના હોદ્દેદારશ્રીઓ, સભ્યશ્રીઓ, આયોજકો તેમજ ભાગ લીધેલ તમામ ટીમોને અભિવાદિત કરી બહુમાન કરવામાં આવેલ. વધુમાં આગામી સમયમાં વિશ્વ ઉમિયાધામની ક્રિકેટ ટીમને તૈયાર કરી નેશનલ લેવલે રમવા માટે મોકલવામાં આવશે.

# પ્રવૃત્તિઓ

## ખીરસરા ગુરૂકુળ - ઉપલેટાના વિદ્યાર્થીનીઓ મા ઉમિયાના દર્શનાર્થે






તા. ૧૭-૦૧-૨૦૨૩ ના રોજ સ્વામિનારાયણ સંસ્થાન - ખીરસરા - ઉપલેટાના પ્રમુખશ્રી પરમ પૂજ્ય શાસ્ત્રી નારણ સ્વરૂપદાસજીના માર્ગદર્શનથી ગુરૂકુળના ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ વિશ્વ ઉમિયાધામ ખાતે મા ઉમિયાના દર્શનાર્થે પધારેલ. ત્યારબાદ મા ઉમિયાની આરતી તેમજ શિક્ષાપોથી પૂજા - અર્ચના - પઠન કરી આશીર્વાદ પ્રાપ્ત કરી ધન્યતા અનુભવી અને સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ વિશે વિગતે માહિતગાર કરવામાં આવ્યા.

## શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ એવમ્ યોગ-ધ્યાન શિબિર

વિશ્વ ઉમિયાધામમાં મા ઉમિયાની દેવવાણીનો રણકાર નિરંતર સંભળાઈ રહ્યો છે. આ સ્થાનનો - આ ધરતીનો એક આગવો ઈતિહાસ લખાઈ રહ્યો છે, જ્યાં વિશ્વના સૌથી ઊંચા જગતજનની મા ઉમિયાના શક્તિ મંદિરનો ૫૦૪ ફૂટ ઊંચો ગગનવિહાર ૧૪૪૦ જેટલા પાયાના પિલ્લર ઉપર બંધાઈ રહ્યો છે, ત્યારે મા ઉમિયા મંદિર નિર્માણના સહયોગ અર્થે તા. ૨૧ થી ૨૭, ફેબ્રુઆરી, ૨૦૨૩ સુધી ભાગવત જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવેલ.

સદર જ્ઞાનયજ્ઞમાં મુખ્ય યજમાનશ્રી, દૈનિક યજમાશ્રીઓ, પોથી યજમાનશ્રીઓ, ભોજનદાતાશ્રીઓ, શુભેચ્છક દાતાશ્રીઓ તેમજ જ્ઞાનયજ્ઞ સાથે જોડાયેલા આયોજક-કાર્યકર બંધુ - ભગિનીઓ મદદરૂપ થઈ સહયોગી બન્યા છે, તે બદલ સંસ્થા તમામને હૃદયપૂર્વક ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.



શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞના મુખ્ય યજમાનશ્રીના નિવાસ સ્થાનેથી પોથીયાત્રાનું પ્રસ્થાન.



સ્વર્ગીય સ્વજનોના મોક્ષાર્થે વિદ્વાન બ્રાહ્મણો દ્વારા શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ દરમિયાન સતત સાત દિવસ સુધી ફોટો - પોથી પૂજા વિધિ તથા શ્લોકોનું પઠન કરવામાં આવેલ.




શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞમાં મુખ્ય યજમાનશ્રી, દૈનિક યજમાશ્રીઓ, પોથી યજમાનશ્રીઓ, ભોજનદાતાશ્રીઓ, શુભેચ્છક દાતાશ્રીઓનું ભાવભર્યું સન્માન.




જ્ઞાનયજ્ઞના ઉદ્‌ઘાટકશ્રી જગદ્‌ગુરુશ્રી અવિચલદેવાચાર્ય મહારાજશ્રી-ગુરુગાદી સારસાપુરી તથા મુખ્ય મહેમાનશ્રી નીતિનભાઈ પટેલ-પૂર્વ નાયબ મુખ્યમંત્રીશ્રીનું ભાવભર્યું સન્માન.

# શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ એવમ્ યોગ-ધ્યાન શિબિર



શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞના મુખ્ય મહેમાનશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું માન. મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય, પ્રમુખશ્રી આર.પી. પટેલ, હોદ્દેદારશ્રીઓ, દાતાટ્રસ્ટીશ્રીઓ તેમજ કાર્યકર મિત્રો દ્વારા ફૂલહારથી ભાવભર્યું સન્માન કરવામાં આવેલ.






શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ દરમિયાન યોગ - ધ્યાન શિબિરનું આયોજન યોગ સેવક શ્રી શીશપાલજી - પૂર્વ ચેરમેનશ્રી ગુજરાત રાજ્ય યોગ બોર્ડ, સ્ટેટ હેડ - પતંજલિ યોગપીઠ, ગુજરાતના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ. જેમાં સંસ્થાના દાતાટ્રસ્ટીશ્રીઓ, કાર્યકર ભાઈઓ / બહેનો વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.



BAPS સ્વામિનારાયણ સંસ્થાના ડો. જ્ઞાનવત્સલ સ્વામીજીનું પ્રમુખશ્રી આર.પી. પટેલ, હોદ્દેદારશ્રીઓ તેમજ દાતાટ્રસ્ટીશ્રીઓ દ્વારા સન્માન.



પ.પૂ. શાસ્ત્રીશ્રી માધવપ્રિયદાસજીનું સંસ્થાના પ્રમુખશ્રી આર.પી. પટેલ, હોદ્દેદારશ્રીઓ તેમજ દાતાટ્રસ્ટીશ્રીઓ દ્વારા ભાવભર્યું સન્માન.



શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ દરમિયાન શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાના પ્રમુખશ્રી બાબુભાઈ પટેલ, માનદ્ મંત્રીશ્રી દિલીપભાઈ નેતાજી તથા શ્રી રમેશભાઈ-દૂધવાળા વિગેરે ઉપસ્થિતિ રહેલ. જેમનું સંસ્થાના પ્રમુખશ્રી આર.પી.પટેલ દ્વારા સન્માન કરવામાં આવેલ.



શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞમાં રસપાન કરતા ઉપસ્થિત ભાવિક - ભક્તોની એક ઝલક...

HIR-ASHA
— SKY —

# 3BHK

## LUXURIOUS APARTMENT

94268 90010/79843 83366

HIR-ASHA SKY,
Sagar Sangeet Cross Road, Science City,
Sola, Ahmedabad

RAJ DEVELOPERS

Dashrathbhai A. Patel
(Ex Sarpanch, Sola)

Krishnakant R. Patel
(Sola)



RERA NO: PR/GJ/AHMEDABAD AHMEDABAD CITY/AUDA/MAA09622/311221 www.gujrera.gujarat.gov.in

# The Fastest Growing Brand in India


CELEBRATING MORE THAN 15 YEARS OF EXCELLENCE

FLEXIBOND®

AN ATTACHMENT



Aluminium Composite Panel



PVC / WPC Foam Board



WPC Solid Doors & Frames



PVC Laminate

| | | |
|---|---|---|
| 7+ CERTIFICATES | 5000+ PROJECTS | 10+ COUNTRY EXPORT |
| 70,000 Sq. Mtr. PRODUCTION AREA | 20+ MAJOR STOCK POINTS | 30+ CORPORATE SUPPLY |

Umiya Flexifoam Pvt. Ltd. | Umiya Carbon Pvt. Ltd. | Flexibond Decoratives LLP

info@flexibond.com | www.flexibond.com | +91 92280 25446



સમાચાર સંપાદિકા : ડૉ. રૂપલ પટેલ,

## શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ એવમ્ યોગ-ધ્યાન શિબિર







માન. પૂર્વ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી તેમજ સંસ્થાના પ્રમુખશ્રી આર.પી.પટેલે જ્ઞાનયજ્ઞમાં શ્રી સુરેશભાઈ પટેલ, કેતનભાઈ પટેલ, બ્રિજેશભાઈ પટેલ તથા કેન્દ્રીય સંગઠન-ચેરપર્સન ડો. રૂપલબેન પટેલ, શ્રીમતી ગિરાબેન પટેલ, મનિષાબેન તથા તેમની તમામ ટીમે તન-મન અને ઉત્સાહપૂર્વક કાર્ય કરી જ્ઞાનયજ્ઞને સફળ બનાવવામાં અહમ્ ભૂમિકા ભજવી તે બદલ તેમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવી સન્માનિત કરવામાં આવ્યા.



VUF - VIBES ટીમે તન-મન અને ઉત્સાહપૂર્વક ભક્તો માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન કાઉન્ટરની કામગીરી સંભાળી મહત્ત્વની ભૂમિકા ભજવેલ તે બદલ ટીમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવી સન્માનિત કરવામાં આવ્યા.




જ્ઞાનયજ્ઞ દરમિયાન ભાવિક-ભક્તોના ભોજન પ્રસાદ માટે સોલા ગામની યુવાનોની રસોડા કમિટીએ તન-મન અને લગનપૂર્વક જવાબદારી સંભાળી મહત્ત્વની ભૂમિકા ભજવેલ તે બદલ ટીમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવી સન્માનિત કરવામાં આવ્યા.




જ્ઞાનયજ્ઞ દરમિયાન ગોલખ કમિટીએ સતત સાત દિવસ સુધી ભેટ-દાન કાઉન્ટરની જવાબદારી તન-મન અને લગનપૂર્વક સંભાળી મહત્ત્વની ભૂમિકા ભજવેલ તે બદલ સંસ્થાએ તમામ ટીમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવી સન્માનિત કર્યા

## મહા રક્તદાન - શિબિર - ગાંધીધામ, અંજાર

તા. ૨૬-૦૨-૨૦૨૩ના રોજ તૃતિય પાટોત્સવ સમારોહ અંતર્ગત VUF - ઉત્તર ગુજરાત ઝોન સહપ્રભારી શ્રી હર્ષદભાઈ પટેલ દ્વારા ગાંધીધામ, અંજાર તાલુકામાં મહા રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવેલ. જેમાં સંસ્થાના કાર્યકર્તા ભાઈઓ/બહેનો તથા ભાવિક-ભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી રક્તદાન કરી મા ઉમિયાના કૃપાપાત્ર બન્યા.



# તૃતિય પાટોત્સવ સમારોહ એવમ્ મહા રક્તદાન શિબિર



તા. ૨૮-૦૨-૨૦૨૩ના રોજ જગતજનની મા ઉમિયાનો તૃતિય પાટોત્સવની ઉજવણી કરવામાં આવેલ. જેના નવચંડી યજ્ઞના યજમાનશ્રી તરીકેનો લાભ રજનેશભાઇ જી. પટેલ-આંબલી પરિવારે તથા શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞના દૈનિકપોથી યજમાનશ્રી બની મા ઉમિયાના કૃપાપાત્ર બન્યા હતા.

જગત જનની મા ઉમિયાના તૃતિય પાટોત્સવમાં શ્રી સંજયભાઈ આર. પટેલ-ડાયમંડ દાતાશ્રી-VUF મા ઉમિયાના અન્નકૂટ પ્રસાદના ભાગ્યશાળી યજમાનશ્રી બની પૂજા-અર્ચના, આરતી કરી ધન્યતા અનુભવી. વધુમાં શ્રી સંજયભાઈ શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞના મુખ્ય યજમાન બની મા ઉમિયાના કૃપાપાત્ર પણ બન્યા હતા.






તા. ૨૮-૦૨-૨૦૨૩ના રોજ તૃતિય પાટોત્સવમાં શ્રી કાંતિભાઈ પટેલ (રામ) ગોલ્ડન ભામાશા - પરિવાર મા ઉમિયાની ધજારોહણના યજમાન બની મા ઉમિયાના કૃપાપાત્ર બન્યા.



નવચંડી યજ્ઞના મુખ્ય યજમાનશ્રી રજનેશભાઈ જી. પટેલ - પરિવાર, સંસ્થાના પ્રમુખશ્રી આર.પી.પટેલ, દાતાટ્રસ્ટીશ્રીઓ, કાર્યકર્તા ભાઈઓ/બહેનો ઉપસ્થિતિ રહી નવચંડી યજ્ઞમાં શ્રીફળ હોમી મા ઉમિયાના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.







મા ઉમિયાના તૃતિય પાટોત્સવ અંતર્ગત સંસ્થાની સંગઠન ટીમ નિકોલ (વેદ ગ્રુપ) દ્વારા મહા રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવેલ. જેમાં સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલ, દાતાટ્રસ્ટીશ્રીઓ તથા અન્ય રક્તદાતાઓ રક્તદાન કરી મા ઉમિયાના પાટોત્સવને યાદગાર બનાવેલ.

વિશ્વ ઉમિયાધામ
જાસપુર - અમદાવાદ

## "આધ્યાત્મિક ચેતના"
## સમાજ જીવનના પાયાનો આધારસ્તંભ

Vishv UMIYA Foundation

વિશ્વ ઉમિયાધામમાં મા ઉમિયાની દેવવાણીનો રણકાર નિરંતર સંભળાઈ રહ્યો છે. આ સ્થાનનો - આ ધરતીનો એક આગવો ઈતિહાસ લખાઈ રહ્યો છે, જ્યાં વિશ્વના સૌથી ઊંચા જગતજનની મા ઉમિયાના શક્તિ મંદિરનો ૫૦૪ ફૂટ ઊંચો ગગનવિહાર ૧૪૪૦ જેટલા પાયાના પિલ્લર ઉપર બંધાઈ રહ્યો છે, ત્યારે...

વિશ્વ ઉમિયાધામ
૧૪૪૦
ધર્મ સ્તંભ
મહાનુભાવ
મહોત્સવ

અત્યાર સુધીમાં ૩૫૨ પરિવારો રૂા. ૧૧ લાખનો સહયોગ નોંધાવી પાયાના પિલ્લર દાતા બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરીને મા ઉમિયાના કૃપાપાત્ર બન્યા છે, ત્યારે..

"જગતજનની મા ઉમિયાના મંદિર નિર્માણમાં મારે પણ પાયાના પિલ્લર થવું છે"...

**એવા ભાવ સાથે સર્વે સમાજના પરિવારોને વિશ્વની નવમી અજાયબી સમા મંદિર નિર્માણમાં સહભાગી થઈ ભાગ્યશાળી ધર્મસ્થંભના દાતા બની મા ઉમિયાના કૃપાપાત્ર બનો.**

### મેટ્રીમોનિયલ સર્વિસીસ કાર્યાલય

@ સાયન્સ સીટી, અમદાવાદ
૮૦૭, "ફોર્ચ્યુન બીઝનેસ હબ" શેલ પેટ્રોલ પંપની બાજુમાં,

@ અલથાણ, સુરત
૧૧૮, પહેલો માળ, મેગ્નસ શોપિંગ મોલ, મલ્હાર સુપર સ્ટોરની ઉપર, અલથાણ, સુરત.

: ઓનલાઈન રજીસ્ટ્રેશન માટે :
https://vivah.vishvumiyafoundation.org OR
સંસ્થાની વેબસાઈટ : vishvumiyafoundation.org
ઉપર જઈને Matrimonial Portal NEW
પર ક્લીક કરી ઓનલાઈન રજિસ્ટ્રેશન પણ કરાવી શકાશે.

**ખાસ સુવિધા**
પ્રાથમિક તબક્કે અનુકૂળતા હોય તેવા દિકરા-દિકરીઓને તેમના વાલી સાથે ઓફિસમાં મીટિંગ કરી આપવામાં આવે છે.

### ઉમાસૃષ્ટિ - મુખપત્ર

**સંસ્થાનું માસિક**
"ઉમાસૃષ્ટિ" સભ્ય બની સંસ્થાના સહયોગી બનો.

**લવાજમ**
૫ વર્ષ - રૂા. ૨૦૦૦/-    ૧૦ વર્ષ - રૂા. ૩૫૦૦/-

ઉમાછત્ર

પરિવારને આપો ઉમાછત્ર કવચ ₹10 લાખ

વિકલ્પ-૧ - અવિચલ : એક સાથે એક જ વખત રૂા.૩૧,૦૦૦/- યોગદાન - ૫૫ વય સુધી

વિકલ્પ-૨ - અવિરત : પ્રારંભિક રૂા.૪,૦૦૦ અને વાર્ષિક રૂા.૨,૨૦૦/- આસપાસ યોગદાન - ૫૫ વય સુધી

### સંસ્થામાં હાલમાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ

- ઉમા પ્રસાદમ્ - કાયમી ભોજન પ્રસાદ યોજના
- સામાજિક - વ્યાપારિક સંબંધોનું વૈશ્વિક જોડાણ
- જોબ પ્લેસમેન્ટ
- ઉમાસૃષ્ટિ - માસિક મુખપત્ર
- નિઃશુલ્ક શિક્ષણ સહાય
- વિધવા / ત્યકતા બહેનો માટે રોજગાર કેન્દ્ર
- સમાધાન પંચ
- મહેસૂલી માર્ગદર્શન કેન્દ્ર
- યૂથ કનેક્ટ યોજના
- ઉમાછત્ર - વિશ્વ ઉમિયા સુરક્ષા કવચ
- કાનૂની / ઈમિગ્રેશન સલાહ કેન્દ્ર
- મેટ્રીમોનીયલ સર્વિસ
- ઉમા લગ્ન સંસ્કાર યોજના
- સીટી મેમ્બર
- કેનેડા અભ્યાસ અર્થે જતા ગુજરાતીઓ માટેએરપોર્ટથી લઈ જવા તેમજ રહેવા - જમવાની સુવિધા કેનેડા ટીમ દ્વારા ઉપલબ્ધ.

## જગતજનની મા ઉમિયાના ગર્ભગૃહ તેમજ મંદિરના પાયાના ધર્મસ્તંભની જવાબદારી

| ક્રમ | દાતાશ્રી / જવાબદારી | | એરિયા / વિસ્તાર | ગર્ભગૃહ - મંદિર પિલ્લર દાતાની જવાબદારી (રૂા. ૧૫ લાખ તથા ૧૧ લાખ) |
|---|---|---|---|---|
| ૧. | શ્રી આર.પી.પટેલ | પ્રમુખશ્રી-VUF | સોલા, અમદાવાદ | ૧૦૧ |
| ૨. | શ્રી રૂપેશભાઈ બી.પટેલ | મહામંત્રીશ્રી | કલોલ, ગાંધીનગર | ૫૧ |
| ૩. | શ્રી કાંતિભાઈ એન.પટેલ | ખજાનચીશ્રી | સોલા, અમદાવાદ | ૫૧ |
| ૪. | શ્રી દીપકભાઈ એમ.પટેલ | ઉપપ્રમુખશ્રી | શીલજ, અમદાવાદ | ૫૧ |
| ૫. | શ્રી સંજયભાઈ આર.પટેલ | ડાયમંડ દાતા | બિલ્ડર, વિસલપુર | ૫૧ |
| ૬. | શ્રી ડી.એન.ગોલ | ઉપપ્રમુખશ્રી | થલતેજ, અમદાવાદ | ૫૧ |
| ૭. | શ્રી પ્રકાશભાઈ વરમોરા | વરમોરા ગ્રુપ | ધારાસભ્યશ્રી - ધ્રાંગધ્રા | ૫૧ |
| ૮. | શ્રી વાડીભાઈ પી.પટેલ | ઉપપ્રમુખશ્રી | નિકોલ, અમદાવાદ | ૨૬ |
| ૯. | શ્રી મિતેષભાઈ બી.પટેલ | સિલ્વર દાતા | સાયન્સ સીટી, અમદાવાદ | ૨૬ |
| | શ્રી આનંદપ્રકાશભાઈ પટેલ | સિલ્વર દાતા | સાયન્સ સીટી, અમદાવાદ | |
| ૧૦. | શ્રી એન.કે.પટેલ | ચેરમેનશ્રી-વિજય બેંક | અમદાવાદ | ૨૬ |
| ૧૧. | શ્રી વિક્રમભાઈ પી.પટેલ | પ્લેટિનમ દાતાશ્રી | (મુખી) વસ્ત્રાલ, અમદાવાદ | ૨૧ |
| ૧૨. | શ્રી પ્રહ્લાદભાઈ પટેલ | ઉપપ્રમુખશ્રી | સેટેલાઈટ, અમદાવાદ | ૨૧ |
| | શ્રી સોમભાઈ પટેલ | પ્લેટિનમ દાતા | | |
| | શ્રી ચતુરભાઈ પટેલ | પ્લેટિનમ દાતા | | |
| | શ્રી ગોવિંદભાઈ પટેલ | પ્લેટિનમ દાતા | | |
| ૧૩. | શ્રી અરવિંદભાઈ જી.પટેલ | પ્લેટિનમ દાતા | રાણીપ, અમદાવાદ | ૨૧ |
| | શ્રી પ્રવિણભાઈ પટેલ | પ્લેટિનમ દાતા | પટેલ મેટલ્સ | |
| ૧૪. | શ્રી સાંકળચંદ સી.પટેલ | સિલ્વર દાતા | અમદાવાદ | ૧૬ |
| ૧૫. | શ્રી શંકરભાઈ કે.પટેલ | ભામાશા દાતા | અમદાવાદ | ૧૫ |
| ૧૬. | શ્રી મગનભાઈ જાવીયા | ગોલ્ડન દાતાશ્રી | સેટેલાઈટ, અમદાવાદ | ૧૫ |
| ૧૭. | શ્રી વિનોદભાઈ પટેલ | CEO - MUCB Bank | મહેસાણા | ૧૧ |
| ૧૮. | સ્વ.ઝવેરબેન એમ.પટેલ | ગંગોત્રી પરિવાર | અમદાવાદ | ૧૧ |
| ૧૯. | શ્રી રસિકભાઈ પટેલ | ગોલ્ડન દાતા | સોલા, અમદાવાદ | ૧૧ |
| ૨૦. | ડો.પ્રભુદાસ આઈ.પટેલ | સિલ્વર દાતા | સોલા, અમદાવાદ | ૧૧ |
| ૨૧. | ડો.રૂપલબેન એ.પટેલ | ચેરપર્સન-મહિલા | ઘાટલોડિયા, અમદાવાદ | ૧૧ |
| ૨૨. | શ્રી જીતેન્દ્રભાઈ ટી.અઘારા | ગોલ્ડ પ્લેટિનમ | સિમ્પોલો ગ્રુપ, મોરબી | ૧૧ |
| ૨૩. | શ્રી સુરેશભાઈ પટેલ | સિલ્વર દાતા | શાયોના, અમદાવાદ | ૧૧ |
| ૨૪. | અનિલભાઈ બ્રહ્મભટ્ટ | ધ્રાંગધ્રા | અમદાવાદ | ૧૧ |
| ૨૫. | શ્રી અનિલભાઈ પટેલ | ચેરમેન-પ્રચાર,પ્રસાર | સોલા, અમદાવાદ | ૦૭ |
| ૨૬. | ત્રિકમલાલ જે.પટેલ | ભામાશા દાતાશ્રી | અમદાવાદ | ૦૬ |
| ૨૭. | શ્રી દશરથભાઈ એ.પટેલ | પ્લેટિનમ દાતા | સોલા, અમદાવાદ | ૦૬ |
| ૨૮. | રાજેશભાઈ વી.શનારીયા | જે.જી.કોલેજ | | ૦૫ |
| ૨૯. | શ્રી ભાવેશભાઈ ડી.પટેલ | | દોલપુર કંપા | ૦૫ |
| 30. | શ્રી પ્રહ્લાદભાઈ પી.પટેલ | સુરાની સ્ટોન | અરવલ્લી | ૦૫ |
| ૩૧. | જગદીશભાઈ સાંખલા | પ્રમુખશ્રી | કચ્છ ક.પા.સમાજ, ધનસુરા | ૦૫ |
| ૩૨. | શ્રી કેતનભાઈ એ.પટેલ | | અમદાવાદ પૂર્વ | ૦૬ |
| ૩૩. | શ્રી કેતનભાઈ આર.પટેલ | ગોલ્ડન દાતાશ્રી | સાયન્સ સીટી, અમદાવાદ | ૦૬ |

# બોર્ડની પરીક્ષા આપતા પહેલાં આટલું જરૂર વાંચો

**વહાલા વિદ્યાર્થી ભાઈ-બહેનો... બોર્ડની પરીક્ષા માત્ર એક ધોરણની પરીક્ષા છે, એ આખા જીવનની પરીક્ષા નથી. માટે ટેન્શન છોડો અને એટેન્શન અપનાવો. ભય છોડો અને ભરોસો રાખો. કદાચ આ પરીક્ષામાં તમારી અપેક્ષા મુજબનું પરિણામ ન આવે તો જિંદગી બગડી જવાની નથી. ભવિષ્યમાં તમે જરૂર કંઈક બનીને બતાવી શકશો. માટે ડર વગર શાંત ચિત્તે પરીક્ષા આપો અને યોગ્ય પરિણામ પ્રાપ્ત કરો એવી શુભકામનાઓ...**



વિશ્વના સૌથી ધનવાન ઉદ્યોગપતિ **બિલ ગેટ્સ** ક્યારેય પરીક્ષામાં ટોપ ટેનમાં આવ્યા નહોતા, પણ અત્યારે એમની કંપનીમાં વિશ્વની ઘણી યુનિવર્સિટીના ટોપર્સ નોકરી કરે છે.



**મોરારિબાપુ** દસમા ધોરણમાં ત્રણ વખત નાપાસ થયા હતા, છતાં આજે આખી દુનિયા એમને શ્રદ્ધાથી સાંભળે છે.



આપણા **ધીરુભાઈ અંબાણી** કોઈ યુનિવર્સિટીના સ્નાતક નહોતા, પણ એમની કંપનીમાં ભારતના તેજસ્વી તારલા નોકરી કરે છે.



**અમિતાભ બચ્ચન** આકાશવાણીની અવાજની પરીક્ષામાં નાપાસ થયા હતા, આજે એમના અવાજ ઉપર આખી દુનિયા ફિદા છે.





**સચીન તેંડુલકર** બોર્ડની પરીક્ષામાં નાપાસ થયા હતા તો પણ ક્રિકેટના ભગવાન કહેવાયા અને આજે મહારાષ્ટ્ર રાજ્યના પાઠ્યપુસ્તકમાં એમનો પાઠ ભણાવવામાં આવે છે.

ઉપરના પાંચેય તમને દૂર લાગતા હોય તો આપણા ગુજરાતના સુરેન્દ્રનગર જિલ્લાના **જગદીશ ત્રિવેદી** બે વખત નાપાસ થયા પછી ત્રણ વખત પીએચ. ડી. કરી અત્યારે વિશ્વવિખ્યાત હાસ્ય કલાકાર અને દાનવીર બની ગયા છે.



## સમગ્ર ઉત્તર ગુજરાત અને કડવા પાટીદાર ગૌરવ જસ્ટિસ પૂજા પટેલ

ગુજરાત હાઈકોર્ટ દ્વારા હમણાં જ સિવિલ જજની ભરતી પ્રક્રિયામાં નવા ૫૫ જજીસની નિમણૂક કરવામાં આવી છે. તેમાં પૂજા પિનાકિન પટેલ સમગ્ર લિસ્ટમાં **ચતુર્થ ક્રમે અને બહેનોમાં પ્રથમ ક્રમે આવી ભાવનગરમાં નિમણૂક પામ્યાં છે.**

કુમારી પૂજા પટેલ ઉત્તર ગુજરાત - મહેસાણા જિલ્લાના જોટાણા તાલુકાના સાંથલ ગામનાં છે. તેમના પિતા ડૉ. પિનાકિન પટેલ ગુજરાત સરકારમાં ખેતીવાડી અધિકારી છે તથા માતા જવનિકાબેન સોલા સિવિલ હૉસ્પિટલમાં સેવાઓ આપી રહ્યાં છે.

એક તેજસ્વી અને સંનિષ્ઠ ન્યાયાધીશ બનવાની તેમની યોગ્યતાએ આ સ્થાન પ્રાપ્ત થયું છે. ન્યાય પ્રત્યેની તેમની અભિરુચિ અને ધ્યેયનિષ્ઠા પ્રશંસનીય છે. તેમના અવિરત પ્રયત્નોથી સમગ્ર ઉત્તર ગુજરાતમાં પ્રથમ મહિલા જજ બનવાનું પ્રાપ્ત કર્યું છે. આ પૂર્વે **જસ્ટિસ પૂજા પટેલ ગુજરાત હાઈકોર્ટનાં પૂર્વ ચીફ જસ્ટિસ સોનિયાબેન ગોકાણીના લીગલ આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતાં હતાં. કુ. પૂજાને ધન્યવાદ સાથે અભિનંદન.** ■








- Security with CCTV
- Jogging Track
- Landscape Garden
- Club House Indoor games
- Multi Purpose Hall
- Open Theatre
- Gymnasium
- Gazebo
- Children Play Area
- Senior Citizen Sitting
- Drop Off Zone
- DG Set

# THE SPIRE

## 3 BHK HAPPY LIVING & SHOPS

SCAN FOR LOCATION

**Nr. Bharat Petrol Pump, Opp. Babylon Club**
**S.P. Ring Road, Ahmedabad 380060**


**CONTACT NO.**
**+91 75 75 00 92 77**

SCAN FOR BROCHURE

PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/Ahmedabad Municipal Corporation/MN235AA10135/211022 | www.gujrera.gujarat.gov.in

Vishv UMIYA Foundation

shreehari™
Always Fly High



# NOW STUDY IN TOP INTERNATIONAL UNIVERSITIES ABROAD

CAN US AUS NZ UK

## Call Now +91 9574008581

# IELTS | STUDENT VISA

**Ahmedabad (HO)**
403, Shivalik Yash, Opp. Shastrinagar BRTS Bus Stand, 132" Ring Road, Naranpura, Ahmedabad 380013, Gujarat
+917927414445/46 | +91 99258 44422 | For any feedback write us on : feedback@shreehari.in | shreehari.in

**New Ranip**
209, 2nd Floor, Magnet Square, Nr. Sardar Chowk, New Ranip
9574008581

**Nikol**
415, Town Plaza, Nr. Raspan Arcade, Bhaktinagar Circle Road, Nikol, Ahmedabad 382350. Gujarat, INDIA
+91 9512120068

**Kalol**
Shukan Avenue, Opp. Sindbad Hotel, Kalol Mehsana Highway, Kalol 382721. Gujarat, INDIA
+91 9574008595

**Mehsana**
E 401-417, Joyos Hubtown, Modhera Cross Road Mehsana 384002. Gujarat, INDIA
+91 9574008598

**Bhavnagar**
304/5, Surbhi Mall, Above Dominoz's Pizza, Wghawadi Road, Bhavnagar 364002. Gujarat, INDIA
+912782471424

NABH Accredited | I.C.M.R. Registered | KAYAKALP Certified

# ખુશીઓથી રમશે આંગણું જયારે ઘરે બંધાશે પારણું



## કયા દંપતીઓ લાભ લઈ શકે છે?

**મહિલા**

બંધ ટ્યૂબ્સ, વારંવાર IUI માં નિષ્ફળતા, ઈંડામાં ખરાબી
અનિયમિત માસિક અને ગર્ભાશયમાં ગાંઠ હોવી

**પુરુષ**

ઓછા શુક્રાણુ, શુન્ય શુક્રાણુ, શુક્રાણુઓની
ધીમી ગતિશીલતા અને ખરાબ ગુણવત્તા

## ઉપલબ્ધ સેવાઓ

IUI | IVF | ICSI
બ્લાસ્ટોસિસ્ટ કલ્ચર | PGD/PGS એન્ડ્રોલૉજી
સર્જિકલ સ્પર્મ એસ્પિરેશન | ક્રાયો પ્રિઝર્વેશન
એગ - સ્પર્મ - એમ્બ્રર્યો | TESA | PESA
માઈક્રો TESE 4D સોનોગ્રાફી | એન્ડોસ્કોપી
NABL પ્રમાણિત લેબોરેટરી

## તમામ સુવિધા એકજ સ્થળે

અત્યાધુનિક IVF લેબ, સચોટ નિદાન, સફળ પરિણામ, IVFના પ્રથમ પ્રયત્ને ઉત્તમ સફળતા, પોતાનું ઈંડુ અને પોતાના જ શુક્રાણુથી IVF સારવારમાં અગ્રેસર, નિષ્ણાંત અને અનુભવી એમ્બ્રિઓલજિસ્ટની ટીમ, જેવા અત્યાધુનિક જિનેટિક ટેસ્ટ.

20000+ પરિવારને મળી આઈ.વી.એફ. થી ખુશીઓ

**૭0 દેશોના લોકોને સારવાર આપનારા**

HEALTH CARE SURVEY BEST HOSPITALS REGIONAL

ટાઈમ્સ ઓફ ઈન્ડિયા દ્વારા
નેશનલ સર્વે ઓફ ફર્ટિલિટી ક્લિનિક
2019માં દ્વિતિય ક્રમાંક (પશ્ચિમ ઝોન)



**ડૉ. આર. જી. પટેલ**
(ઈન્ફર્ટિલિટી અને IVF સ્પેશ્યાલીસ્ટ)

Sunflower Hospital

**સનફ્લાવર વુમન્સ હોસ્પિટલ**
માનવ મંદિર પાસે, ટ્રાફિક પોલીસ હેલ્મેટની સામે, મેમનગર, અમદાવાદ, ગુજરાત 380052. મોબાઈલ નં : 079 27410080, +91-9687003993

**સનફ્લાવર મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ**
નાથાલાલ કોલોની, પંજાબ નેશનલ બેંક ની સામે, લખુડી સર્કલ પાસે, નારણપુરા, અમદાવાદ- 380013. મોબાઈલ નં : 07929914965, +91-9099400445

**સનફ્લાવર IVF ક્લિનિક**
418, સાહિત્ય આર્કેડ, હરિદર્શન ચાર રસ્તા પાસે, નવા નરોડા, અમદાવાદ, ગુજરાત - 382 330. મોબાઈલ નં : 07946010728, +91-9099400221


# COMPLETED PROJECTS




## RETAIL & WORK SPACES

AT SOUTH BOPAL

PR/GJ/AHMEDABAD/DASKROI/AUDA/CAA00341/051017
GUJRERA.GUJARAT.GOV.IN




## RETAIL & OFFICE SPACES

AT SG HIGHWAY

PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA/CAA04785/A1C/160221
GUJRERA.GUJARAT.GOV.IN

# NEW PROJECTS




## RETAIL & OFFICE SPACES

AT AMBLI "T" JUNCTION

PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA/CAA09112/290921
GUJRERA.GUJARAT.GOV.IN




## 3 BHK SERENE HOMES

AT SINDHU BHAVAN EXTENSION ROAD

PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA/CAA09112/290921
GUJRERA.GUJARAT.GOV.IN



## 3 BHK

KIDS FRIENDLY HOMES
COMING SOON

OPPOSITE APOLLO INTERNATIONAL SCHOOL,
SOUTH BOPAL



## સંજયભાઈ પટેલ
## (વિસલપુર)

**+91 98254 42197**